
એવા સંતને

નામું શીશ



પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવ પ્રકાશન

પ્રમુખસ્વામી મહારાજ ગ્રંથ શ્રેણી : ૧૬

એવા સંતને નામું શીશ

(સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ વર્ણવેલ સંત-મહિમાના આધારે
પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવન સૌંદર્યનું એક દર્શન)

લેખક

સાધુ ઈશ્વરચરણદાસ

પ્રકાશક :

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ, અમદાવાદ -૪

એવા સંતને નામુ શીશ

પ્રથમ આવૃત્તિ :
નવેમ્બર, ૧૯૯૫.

પ્રત :
૧૫,૦૦૦

આવરણ છબિ :
સાધુ યોગીચરણદાસ

મૂલ્ય :
૭.૫૦

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ-૪.

હૃદયોર્મિ...

સ્વામી !
આપ સ્વયં અમૃત છો.
આપના અમૃત સભર અમૃત મહોત્સવે,
સૌ અમૃત સંતાનો,
અમૃત સાથે રસબસ થશે, અમૃતરૂપ (બ્રહ્મરૂપ) થશે.

સ્વામી ! બે-એક વર્ષ પહેલાંનો એ દિવસ અમને યાદ છે.
આપના અમૃત મહોત્સવની ઊજવણીની દરખાસ્ત લઈને અમે
આપની પાસે આવ્યા'તા ! રસાકસી જામી'તી !
'શાનો અમૃત મહોત્સવ ? શું છે આ બધું ? કંઈ નથી ઊજવવું. બધું ઉજવાઈ ગયું....'
આપની નારાજ મુખાકૃતિ અને આ ઉદ્‌ગારો અમને યાદ છે.
આપ સંમતિ આપતા જ નહોતા !
છેવટે સાક્ષાત્ શ્રીહરિ અમારા પક્ષે ભળ્યા ને આપ હાર્યા !
આપને હરાવવાનું અમે આપની પાસેથી જ શીખ્યા છીએ ને !
ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુ યોગીજી મહારાજના
જયંતી મહોત્સવની ઊજવણી વખતે
આપે એમને આમ જ હરાવ્યા'તા ને !

સ્વામી !
જીવપ્રાણીમાત્રમાં ભગવાન રહ્યા છે પણ આપનામાં ભગવાન સિવાય બીજું કંઈ જ નથી !
આપ કોઈના ઠરાવ્યા ઠર્યા નથી.
સ્વયંસહજ ભગવાનના ધારક છો.
કોઈનું ઠરાવ્યું, કોઈમાં ઠરાવ્યું નથી ચાલતું.
ઠરાવેલું કેટલું ચાલે ?
સિંહણનું દૂધ સુવર્ણપાત્ર જ માંગે !
એટલે જ ,
આ એક અમૃત મહોત્સવ તો શું ?
અનેકાનેક આવા અમૃત મહોત્સવો ઓછા પડે
એવું આપનું વ્યક્તિત્વ છે,

એવું આપે અમારા માટે, જીવપ્રાણીમાત્ર માટે કર્યું છે.
ભક્તો જ આપનું જીવન, ભક્તો જ આપના શ્વાસોચ્છ્વાસ !

આપના અમૃત મહોત્સવે
આપની સદા વહેતી દિવ્યતા અને કાર્યધારા,
અનેક આધ્યાત્મિક, સામાજિક પ્રવૃત્તિઓમાં નવતરરૂપે વહેશે.
તેમાં, લેખન દ્વારા,
આપના અમૃત વ્યક્તિત્વનાં આરાધન, ચિંતન, મનન
અને અનુભવપૂત નિદિધ્યાસનની છોળો ઊડશે.
જો કે અહીં ફરી પાત્રતાનો, ક્ષમતાનો ગજાનો સવાલ આવે છે.
આપના માટે લખવું એટલે
આકાશનો પરિચય કરાવવો.
ગુરુત્વાકર્ષણની બહાર ગયેલા અવકાશયાત્રીઓને
જે અનુભવ થયો તેનું વર્ણન પૃથ્વી પર રહેલાથી કઈ રીતે થાય ?
એ વર્ણવવા જાત-અનુભવ જ લેવો પડે. તેમ,
આપ માયાથી પર, દેહના ભાવોથી રહિત, અખંડ ભગવાનમય.
આપ દેહાતીત નરતનુધારી અને અમે સામાન્ય દેહધારીઓ.
કઈ રીતે આપને શબ્દોમાં મૂકવા ?
છતાં, કંઈક ગુરુઋણ અદા કર્યાનો સંતોષ લેવા માટે,
'હાં હાં ગડથલ' રૂપે કંઈક કરવાનો ઊમળકો છે.
વળી, આપની દૃષ્ટિ વિશાળ છે.
અણુ જેટલી અમારી સેવાને આપ મેરુતુલ્ય માનો છો,
તેથી અમે વિશેષ ફાવ્યા છીએ. અહીં જે કાંઈ ગુણગાન લખ્યા છે તેમાં,
લાભ-અલાભની પરવાહ નથી,
કોઈને દેખાડવાના અભરખા નથી,
માત્ર હૃદયોર્મિ ઠાલવી છે.
આ હૃદયોર્મિઓ સ્વીકારશોને સ્વામી ?

પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવ સમિતિ વતી

સાધુ કેશવજીવનદાસ

(મહંત સ્વામી)

પ્રવેશપૂર્વે

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવના ઉપક્રમે, તેઓશ્રીનાં દિવ્ય જીવન-કાર્યને અર્ઘ્ય આપતી પ્રકાશન શ્રેણી આપના હાથમાં મૂકતાં હર્ષ થાય છે.

મહાપુરુષના જીવનને ક્યારેય શબ્દોના બાંધેલા કિલ્લા વચ્ચે પૂરી શકાતું નથી - એ એક નક્કર વાસ્તવિકતા છે. પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વ્યક્તિત્વને જુદા જુદા દૃષ્ટિકોણથી મૂલવતી આ પ્રકાશન શ્રેણીના પ્રત્યેક લેખકને, એનો અનુભવ અવશ્ય થયો છે. માનવદેહમાં વિચરતી અસાધારણ દિવ્ય વિભૂતિ સમા પરમ પૂજ્ય સ્વામીશ્રીના એ વ્યક્તિત્વને અહીં શબ્દોમાં મૂકવાનો પ્રયાસ કર્યો છે, એ ગુરુભક્તિનું એક પુષ્પમાત્ર છે.

ભગવાન સ્વામિનારાયણે ચીંધેલા રાહે, માનવમાત્રના સર્વાંગી ઉત્કર્ષ માટે પોતાના જીવનની ક્ષણે ક્ષણનું બલિદાન દેનાર સ્વામીશ્રી માટે, આ પુસ્તિકા એ માત્ર એક પરિચયાત્મક રજૂઆત જ છે. અહીં વિષયને સમ્યક્પણે મૂલવવાની અક્ષમતા સ્વીકારી લઈને આ પુસ્તિકા આપના હાથમાં મૂકીએ છીએ.

આ પુસ્તિકામાં, પૂજ્ય ઈશ્વરચરણ સ્વામી, પરમ પૂજ્ય સ્વામીશ્રીનો નિષ્કુળાનંદ સ્વામી રચિત ભક્તચિંતામણીના આધારે મહિમા ગાય છે. ભક્તચિંતામણીના બીજા પ્રકરણમાં સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ ગુણાતીત સંતને જે રીતે અનુભવ્યા છે, તેનો કંઈક અર્ક તેઓએ આ પ્રકરણમાં સમાવ્યો છે. આ અનુભૂતિનો મહિમા જાણે સ્વામીશ્રીના દિવ્ય જીવન માટે જ લખાયો હોય તેવું અનુભવાય છે. આ પુસ્તિકામાં એ ગુણોને સુસંબદ્ધ સ્વામીશ્રીના પ્રસંગોને સમાવવાનો પ્રયાસ કર્યો છે. ઈશ્વરચરણ સ્વામીની અનુભવપૂત કલમે આ પુસ્તિકા કંઈક ઓર નિખરી ઊઠી છે. પુસ્તિકાના લેખન બદલ તેઓનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આશા છે, આ પુસ્તિકા સ્વામીશ્રીને કંઈક વધુ સમજવામાં આપની મદદ કરી શકશે.

- પ્રકાશન સમિતિ

સ્વામિનારાયણ અક્ષરપીઠ

‘એવા સંતને નામું હું શિષ’

એવા સંતને
નામું શીશ

૧.

ઇંદ્રિય જીતી ભજે જગદીશ

'ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય, ગુણાતીત સંતનાં લક્ષણો વર્ણવતાં ગ.અં. ૨૬ના વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું કે 'ઇંદ્રિયો અંતઃકરણ આદિક જે માયાના ગુણ તેની જે ક્રિયા તેને પોતે દાબીને વર્તે પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહિ' - આવી રીતે સહજ સ્વભાવે એમને વર્તે. આ જ ભાવને યોગીજી મહારાજ ઘણીવાર સાદી ભાષામાં વર્ણવતા કહેતા કે જ્યાં ત્યાં, જેમ તેમ ને જેવું તેવું ચલાવી લેતાં શીખવું. આ પ્રકારનો સંયમ મોટાપુરુષનું એક આગવું લક્ષણ છે.

સંયમને બહુધા આપણે બહારથી જ જોવા-સમજવા ટેવાયેલા છીએ. પણ જે ભીતરનો સંયમ છે, જેમાં સાંગોપાંગ નિખાલસતા છે તે કળવો કઠણ છે. આંતરિક સંયમ ધારણ કરનાર પુરુષો પણ વિરલ જ જોવા મળે છે. એવા મહાત્માઓનું દર્શન દુર્લભ છે. જ્યારે પોતાની જાતનું અભિમાન ઓસરી જાય છે ત્યારે જ એવો સંયમ નિખરી ઊઠે છે. એવો સંયમ પ્રજ્વલિત બનીને એનાં અજવાળાં પાથરે છે.

ચૈત્ર મહિનો બેસી ગયો હતો. પ્રમુખસ્વામી મહારાજનું વિચરણ ચાલુ હતું, ગુજરાતનાં ગામડાંઓમાં, ઋતુઓની વિષમતાઓને સ્વામીશ્રીએ

ક્યારેય ગણકારી જ નથી. ગાંધીનગર પાસે ગોઝારિયા ગામે ડૉ. જીતુભાઈને ત્યાં સ્વામીશ્રી પધાર્યા. બપોરે ઠાકોરજી અહીં જમાડવાના હતા. થાળ થઈ ગયો. સ્વામીશ્રી આવીને બિરાજ્યા. દૈહિક ક્રિયામાં ક્ષણેક્ષણે ઉતાવળે રહેતા સ્વામીશ્રીને ઘણીવાર જમવા બિરાજે ત્યારે પત્તરમાં પીરસાય ત્યાં સુધી ન છૂટકે રાહ જોવી પડતી. જો કે એમની આંખો ચકળવકળ થતી હોય, ધીરજ ખૂટતી હોય પણ ક્યારેક સેવકને આધીન ધૈર્ય ગ્રહણ કરવું જ પડે.

આજે પણ એવું બન્યું. થોડો સમય મળતાં નારાયણચરણ સ્વામી એકદમ બોલ્યા, 'ખરેખરો ઉનાળો શરૂ થઈ ગયો... !' કૃષ્ણવલ્લભ સ્વામીએ જરા ગમગીનીથી હકારમાં જવાબ વાળ્યો. એટલે સ્વામીશ્રી એમની સામું હસતાં હસતાં માર્મિકતાથી કહે, 'આપણે રહ્યા ગામડાના, આપણે એની ગોડે ન કરવું...'

ગ્રીષ્મના ઉગ્ર તાપનો એમના મનમાં કાંઈ સંતાપ જ ન હતો. તો વળી ઉમંગ પણ ક્યાંથી હોય ? છતાં 'આપણે ગામડાના' કહીને પોતાની, ગામડિયા તરીકેની આ સહનશીલતા સ્વાભાવિક છે એમ જે દર્શાવવું, એ સાદાઈનો રણકાર હજારોના સ્વામીપદે બિરાજ્યા પછી જવલ્લે જ નીકળી શકે !

આવા જ એક પ્રસંગે મહેસાણામાં સ્વામીશ્રી બપોરે ઠાકોરજી જમાડવાની તૈયારી કરતા હતા. પત્તરમાં થોડું પીરસાયું ને અમેરિકાથી ફોન આવ્યો. સામેથી વાત કરતી વ્યક્તિને ભાવિના સમયની ને હાલ સ્વામીશ્રી શું કરતા હશે તેની જાણકારી આ જડ ફોન આપતો નથી, તેથી તે તો પોતાની વાર્તા પેટ ભરીને કર્યા જ કરે. પણ સ્વામીશ્રી ભૂખ્યા પેટે શાંતિથી સાંભળી રહ્યા હતા ને ખુલાસાઓ કરતા રહ્યા હતા. લાંબો ચાલેલો ફોન પૂરો થયો ત્યારે પત્તરમાં પીરસાયેલી કોરી રોટલી તદ્દન સુકાઈ ગઈ હતી. એટલે કૃષ્ણવલ્લભ સ્વામી કહે : 'બીજી ગરમ મૂકું ?' એમ કહેતા તે મૂકવા લાગ્યા ને કહ્યું, 'કોરી રોટલી ગરમ હોય તો જ જમતાં ફાવે.'

'ના, જે આવી એ જ ચલાવો.' સ્વામીશ્રીએ તેમને રોકતાં કહ્યું ને પોતાની રુચિને સહેજ પ્રગટ કરતાં કહે, 'જે વખતે જે હોય એનાથી ચલાવતાં આવડવું જોઈએ, સમજ્યા !'

સ્વામીશ્રીનો આ પ્રતિભાવ સાહજિક હતો. કારણ, આ રીત એમને કોઠે પડી ગઈ હતી. જ્યારે દૈહિક સગવડની સ્વાભાવિક અરુચિ હોય, ત્યારે જ આવા ઉદ્‌ગારો સરી પડે. દેહજતનની આવી અવગણના એ એમના

સંયમની ભીતરની સોડમ છે.

સ્વામીશ્રી કલકત્તામાં બિરાજમાન હતા. જી. પી. બિરલાજીને ત્યાં સ્વામીશ્રીની પધરામણી હતી ને ઠાકોરજી પણ ત્યાં જ જમાડવાના હતા. શેરબજારના કાબેલ ને ભોમિયા યુવાન ઉત્સવ પારેખ તહેનાતમાં હતા. પાછા ફરતાં સ્વામીશ્રી એમની ગાડીમાં બિરાજ્યા. સેવા ને સત્સંગના આ પ્રસંગથી સ્વામીશ્રી પ્રત્યે એમનું આકર્ષણ વધી રહ્યું હતું. ગાડીમાં સ્વામીશ્રીએ વાત્સલ્ય વરસાવતા જીવનમાં સત્સંગ મહિમાની આવશ્યકતાઓની વાતો કરી. કુદરતી રીતે જ આ અલૌકિક ક્ષણોમાં એમનું મન સ્વામીશ્રીનો આશરો કરી, કંઠી ધારણ કરવા તરફ ઢળી ગયું.

ઉતારે આવી સ્વામીશ્રી સમક્ષ તેઓ બેઠા ને આજના પ્રસંગની સ્મૃતિ કરતાં તેઓ કહે, 'બિરલાજીને એમ હતું કે આવા મોટા સંતની વ્યવસ્થા હું બરાબર સાચવી શકીશ કે કેમ ? એટલે મને જ બધું સોંપી દીધું હતું. હું પણ સંતોને સવારે ત્યાં લઈ ગયો હતો. બધી વ્યવસ્થા બતાવી ખાતરી કરી લીધી હતી.'

આમ, ઉત્સવભાઈ સવારથી જ સેવામાં દોડધામ કરી રહ્યા હતા એનો તેમને આનંદ હતો. સાથે સ્વામીશ્રી પણ બધી વ્યવસ્થાથી સંતોષ પામ્યા હતા એ જાણવાની તેમને ઉત્સુકતા હશે. ત્યાં જ સ્વામીશ્રી બોલ્યા, 'અમારે સંતોને તો આવું જ જોઈએ ને આના વગર ન ચાલે. એવું કશું જ નહિ. જેવું હોય તેવું ચાલે. સાદું હોય તો વધારે ગમે. અમારે તો બધે ફરવાનું. શેઠ શાહુકારને ત્યાંય જઈએ ને આદિવાસીને ત્યાં પણ જવાનું થાય. જ્યાં જેવી સગવડ એવી ચલાવી લઈએ તો જ કામ થાય. તો પછી ગામડે કે ગમે ત્યાં ફરવામાં વાંધો ન આવે.'

ઉત્સવભાઈના ભીતરને ઢંઢોળતાં સ્વામીશ્રીએ પોતાની રુચિ એમને પ્રેમથી જણાવી. તેમના ઉત્સાહને ઠેસ ન લાગે ને સેવા કર્યાનો સંતોષ પણ મળે એવા નિર્દંભ ઉદ્‌ગારો સ્વામીશ્રીના હતા. એ યુવાનને સ્વામીશ્રીની સાધુતાનો વિશેષ પરિચય મળ્યો.

નાના-મોટા પ્રસંગોમાં સ્વામીશ્રીની ભાવનાનો અણસાર-પરિચય આમ અનેક વાર મળતો રહે છે. પોતાની અભિરુચિને તેઓ ક્યારેય જાહેર નથી કરતા, પણ વાતવાતમાં એમના હૈયામાંથી આપોઆપ ઠલવાઈ જાય છે, ને સાદગી ને સરળતાના સ્રોત સતત ઝર્યા જ કરે છે.

લીંબડી ઠાકોરને ત્યાં પધરામણી ને ઠાકોરજી જમાડવાનું આગ્રહભર્યું

આમંત્રણ હતું. પૂજનવિધિ બાદ સ્વામીશ્રી બેઠકખંડની બહાર આવ્યા ત્યારે સંતોની પંગત પડી ગઈ હતી. અંદરના ભાગમાં બધાના સમાવેશનો અવકાશ ઓછો હતો, તેથી સંતો બહાર ઝાડ નીચે છાયામાં ગોઠવાઈ ગયા હતા. કુદરતને ખોળે બેઠેલા મહાલતા સંતોને જોઈને સ્વામીશ્રીથી સહેજે જ બોલાઈ ગયું, 'વાહ ! લીમડાને છાંયે જમવા મળે છે, બહુ ભાગ્યશાળી છો. અમે કેટલા દા'ડાથી વિચાર કરીએ છીએ તોય ભાગ (ભાગ્ય) જાગતાં નથી !'

વાત નાની અમથી, પણ એમના મનના મનસૂબાને છતી કરે છે. નહિતર તહેનાતમાં જ્યારે કોઈ મણા નથી ત્યારે આવો નિરાળો વિચાર એમની સૂક્ષ્મ અભિરુચિને વ્યક્ત કરે છે.

શ્રીજીમહારાજ કહે છે : 'અમારે તો વન-પર્વત હોય ત્યાં વધારે આનંદ આવે.... ને સુવાણ પણ ઝાઝી થાય...' એ જ અનાદિની રીત ને રુચિનાં અહીં કેવાં સ્વાભાવિક દર્શન છે !

હિંમતનગરમાં સભા પછી રાત્રે ૮-૩૦ વાગે સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા બેઠા. સ્વામીશ્રી અન્ય ક્રિયામાં પરોવાયેલા હશે એટલે સેવક કૃષ્ણવલ્લભ સ્વામીએ એમની લાક્ષણિક ગ્રામ્યસહજ શૈલીમાં સ્વામીશ્રીને ટકોર કરી, 'લ્યો, હવે ! જમવાનું ચાલુ કરો.'

'જમવાનું તો એનું એ જ છે, એહી ચને કી દાલ, એહી ચને કી રોટી...'

'કંઈ નવો ઑર્ડર છે ? કહો એ બનાવીએ.' સેવકે તક ઝડપતાં પૂછી લીધું.

'ના. ના. કંઈ નહિ. ભગવાનને સંભારીને જમી લેવું. જે મળે એ ખરું. 'હરિ ઇચ્છાએ હરે ફરે ને કરે કૃષ્ણ ભજન...' ભજન થાય એ અગત્યનું છે,' સ્વામીશ્રીએ ઠંડું પાણી રેડતાં કહ્યું. ભોજનની દરકાર, ભજનની મસ્તીમાં એમણે વિસારી દીધી !

સારંગપુરમાં સભામાં વ્યક્તિગત દર્શનલાભ આપી સ્વામીશ્રી ઉતારા તરફ આવી રહ્યા હતા. બાજુમાં આવેલા બાગમાં બનાવેલી તૃણની ઝૂંપડી જોઈ સ્વામીશ્રી એ તરફ વળ્યા. અંદર ઊભા રહી પ્રસન્નતા વ્યક્ત કરી. બેઠક જોઈને ત્યાં જ બેસી પડ્યા : 'સરસ છે. વાંચન માટે... ધ્યાન માટે... સરસ છે.' સ્વામીશ્રીથી સહેજે જ પ્રસન્નતાના ઉદ્‌ગારો નીકળી ગયા.

'હજુ આગળ સરુનાં વૃક્ષોની ઝૂંપડી છે, ત્યાં વધુ સારું છે.' સંતોએ મરજી જાણી આમંત્રણ આપ્યું, 'ચાલો ત્યાં જઈએ'. કહેતાં સ્વામીશ્રીએ એ

તરફ પગલાં માંડ્યાં. સરુનાં વૃક્ષોને ઉપરથી વાળીને ગોળાકાર કૂબા જેવી સુંદર ઝૂંપડી સંતોએ તૈયાર કરી હતી. આસન ઉપર પ્રસન્નતાથી બિરાજતાં બોલ્યા, 'શ્રીજીમહારાજ ધામ જોવા ગયા હતા તે બધે ગડબડાટ બહુ લાગ્યો પછી અક્ષરધામ જોયું, ત્યારે કહે, મુક્તો માટે આ સ્થળ સારું છે, એમ અહીં અક્ષરધામ જેવું છે. ભગવાન ભજવાનું સુખ આવે. કોઈ દુ:ખ જ નહિ, માટે ભગવાન ભજી લેવા. અહીં ગમે ત્યાં બેસીએ, સુખ, સુખ ને સુખ. લોકો કાશ્મીર જોવા જાય પણ આ કાશ્મીર જ છે ને ! આવી પાંચ-છ પર્ણકૂટી બનાવી દેવી...'

બાળપણમાં હિમાલયમાં દોડી જઈ, શ્રીજીમહારાજની જેમ તપ કરવાની રુચિ અહીં સહેજે પ્રગટ થઈ. મોટામસ આવાસો કરતાં જળછાયાની જુક્તિવાળા આવા વનપ્રદેશ-બાગબગીચામાં જ એમને ભગવાન ભજવાનું ને અક્ષરધામનું સુખ મનાયું.. આ એમની અલગારી અલમસ્તાઈ સિવાય શું કહીશું ?

૨.

અહંકાર નહિ, અભેદ ચિત્ત

ગોંડલમાં ભક્તોની મોટી મેદની સન્મુખ સ્વામીશ્રી બિરાજ્યા હતા, તેવામાં એક યુવાન વચ્ચે આવીને કહે, 'મારે એક ફરિયાદ છે.'

'કહો.' સ્વામીશ્રીએ પ્રેમથી જણાવ્યું.

આવેશમાં આવેલા એ ભાઈ બોલવા લાગ્યા, 'તમે પેલો વડલો કેમ કાપવા દીધો ? તમે એક સંતને મારવાનું પાપ કર્યું છે. તમે મોટા સંત છો ને આવું કરો છો, શરમ નથી આવતી ?...'

'આખો વડ કાપ્યો નથી. જેટલી ડાળીઓ નડતી હતી તેટલી જ કાપી છે.' સ્વામીશ્રીએ તેને શાંતિથી સમજાવવા પ્રયાસ કર્યો. તેના આક્રોશની જ્વાળાઓ સામે સ્વામીશ્રીની નરમાશ એને વધુ દાહ લગાડતી હતી. એની ઉગ્રતાનો પારો ઊંચો જતાં તે વધુ બૂમબરાડા પાડવા લાગ્યો. કેટલાક એને રોકી રહ્યા હતા. એમને ખાળતો, ધમપછાડા મારતો તે કહે, 'મારો, મને મારો...'

સ્વામીશ્રીએ ખૂબ જ સ્વસ્થતાથી સૌને વાર્યા : 'તમે બંધ થાઓ. ભલેને બોલતો. એનો ઊભરો લઈને આવ્યો છે, ભલેને ઠાલવી દે. કેટલું બોલશે ? આપણે ક્યાં વળગી પડવાનું છે ? ઊભરો ઠલવાઈ જતાં એની મેળે શાંત

પડશે. આપણે તો વચ્ચે બોલવું જ નહિ. આપણે ધીરજાખ્યાન વાંચીએ છીએ તો આપણે ધીરજ રાખવી કે નહિ ? બે ગાળો આપણને દે તો ભલેને દે... એમાં આપણું શું જતું રહેવાનું છે ?' સ્વામીશ્રીએ સૌને ધીરા પાડ્યા. ખીચોખીચ ભરાયેલા સભામંડપમાં હરિભક્તોમાં રોષભર્યો સન્નાટો છવાઈ ગયો હતો. પણ ધીરગંભીર સ્વામીશ્રીની શાંતમૂર્તિ સૌને ઠારતી હતી. એ બેશરમ યુવાનના અપશબ્દો સ્વામીશ્રીની સહનશીલતાની સરવાણીમાં ક્યાંય ખોવાઈ ગયા હતા. ઉદ્વિગ્ન થયેલા કેટલાક એ યુવાનને બહાર મૂકી આવ્યા. પણ સ્વામીશ્રી તો પ્રસન્નચિત્ત પૂર્વવત્ બિરાજેલા જ રહ્યા. આવું તો અનેકવાર બનતું રહેતું. જેમ અપમાનમાં સ્થિરતા, તેવી જ નીરસ ભોજનમાં ધીરતા ! કંઈપણ ભૂલ કે કોઈપણ સ્થિતિ ચલાવી લેવી એ નમ્રતા અથવા અહંશૂન્યતાના સિક્કાની બીજી બાજુ છે.

અટલાદરામાં નિત્યક્રમ પ્રમાણે જમ્યા પછી સ્વામીશ્રીએ કોગળા કર્યા. પણ પાછળથી નારાયણચરણ સ્વામીને જાણ થઈ કે તેમણે કોગળા માટે મીઠું મંગાવેલું ને કોઈ ઉતાવળે ખાંડ લઈ આવ્યું. સ્વામીશ્રીએ કંઈ જણાવ્યા વગર ખાંડના પાણીના કોગળા કરી નાંખ્યા. પણ સેવકને સાચી વાત જણાવવાની દરકાર પણ ન કરી. જો કે આ તો સ્વાસ્થ્યમૂલક વાત હતી, તેમાં કાળજી લેવી જરૂરી ગણાય. પણ દેહમૂલક બાબતની કોણ જાણે કેમ સદાય તેઓ અરુચિ સેવી રહ્યા છે. સ્વાદ સાથેની સ્વામીશ્રીની લેણદેણ કોઈ કારણસર પહેલેથી જ નહિવત્ રહી છે. તેઓ આજન્મ તેની અવગણના કરતા રહ્યા છે. વાત તો નાની અમથી ને જરા સાવચેતી આપવા જેવી હતી, પણ તેમાંય જેવું હોય એવું ચલાવી લેવાની વૃત્તિ.

બોચાસણમાં સ્વામીશ્રી સંતો સાથે બિરાજ્યા હતા. પ્રવૃત્તિમાર્ગ અંગે વાતો ચાલતી હતી. સંતોનો આ મૂળભૂત પ્રશ્ન ! પ્રવૃત્તિમાં રહીને પણ ભજનભક્તિ કરવી, શુદ્ધ ભાવે સેવા કરવી, સાધુતા રાખવી એ પણ એક સાધના છે; ખાંડાની ધાર ઉપર ચાલવાનો માર્ગ છે. કારણ, સ્વભાવનું દર્શન ને ઘર્ષણ થાય જ. તે અંગે સ્વામીશ્રી સંતોને ઉપદેશવચનો સંભળાવી રહ્યા હતા. ત્યારે સર્વમંગલ સ્વામી કહે, 'આપની મરજી પ્રમાણે વર્તાય એવા આશીર્વાદ આપો. આપે કેટકેટલું સહન કર્યું છે, જૂના સંતોનું કેટલું સમાવ્યું છે ને સાચવ્યું છે...'

'એ બધાએ કેટલી સેવાઓ કરી હતી !' સ્વામીશ્રીએ તેમને અટકાવતાં કહ્યું.

'શબ્દો પડે ત્યારે તો ખાવાનુંય ન ભાવે, ઊભરો ન આવી જાય ?' સર્વમંગલ સ્વામીએ પૂછ્યું.

'ઊભરો તો મને પહેલેથી જ આવ્યો નથી.'

'કોઈ કદાચ બોલે નહિ, પણ જે પ્રવૃત્તિ કરતો હોય તેમાંથી પાછા તો પડી જ જવાય.' જનમંગલ સ્વામીએ ઉમેર્યું.

'એવું કાંઈ થયું નથી. આપણી ઇચ્છા હોય ને ના થાય તો મહારાજની ઇચ્છા. તકરારનું ઘર શું ? આપણો મમત રાખીએ એ જ ને ! આમ કેમ ન કર્યું ? એવું શું કામ રાખીએ ? આપણે આપણું મૂકી દીધું એટલે પત્યું. ખેંચતાણ કરીએ તો ઝઘડાનો સંભવ. પેલો માર માર કરતો આવ્યો હોય તો આપણે મૂકી દઈએ, નહિ તો પાછી ચકમક ઝરે. આપણે આપણું હેઠું મૂકી દઈએ એમાં આપણું શું જવાનું છે ? નીચું મૂકવામાં ક્યાં નીચા થઈ જવાના છીએ ?...' સ્વામીશ્રીએ વિસ્તારથી પોતાની હૃદયભાવના જણાવી, જેમાં સરળતા ને સહનશીલતાની ઉત્તમ શીખ સહજતાથી આપી. અનુભવના આ ઉદ્‌ગારો એમના જીવનમાં તાણાવાણાની જેમ વણાયેલા હોય છે, તેથી તેનું પોત એમની વાણીમાં સહેજે પ્રકાશતું રહે છે...

આવો જ એક પ્રશ્ન ગોંડલમાં ભગવત્ચરણ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યો હતો : 'યોગીબાપાના વખતમાં, સેવાના પ્રસંગમાં આપને કોઈને કહેવાનું થતું હતું ? કોઈ સાથે બગાડવાનું થયું હતું ?'

'આપણે બગાડવાનું ક્યાં હતું ? આપણે તો સમજીને સહન જ કરવાનું હતું. ગઢડામાં કળશઃ મહોત્સવ વખતે વૈશાખનો એવો તો વાયરો ફૂંકાય કે મંડપો તૂટી જાય, લૂગડાંનાં ચીંથરાં થઈ જાય. ત્યારે કેટલાક કહે, અહીં સમૈયો ન જ થાય છતાં શું કામ કરી બેઠા ? એવું કેટલુંય સંભળાવે. પણ યોગીબાપા કહે, 'સહન કરીને કામ લેવું, એટલે એ સૂત્ર અનુસાર કામ ચાલતું...'

'કોઈકવાર તો બોલવાનું થતું જ હશે ?' ભગવત્ચરણ સ્વામીએ ઊલટાવીને ફરી પૂછ્યું, ત્યારે ગમ્મત કરતાં સ્વામીશ્રી કહે, 'તમારા જેવા હોય તેને બોલીએ. બાકી મોટા હોય તેને તો હાથ જ જોડવાના હોય. આપણને ખીજાય : આમ કેમ કર્યું ? આપણે તો 'બહુ સારું' હવે ધ્યાન રાખશું.' એમ કહીને કામ લેવાનું.'

આગળ સંતો વધુ પૂછપરછ કરે તે પહેલાં તો સ્વામીશ્રીએ કથા વાંચવાનું ચાલુ કરાવ્યું.

યોગીજી મહારાજના સમયમાં સોરઠમાં સરદારગઢ ગામે મંદિરનો મૂર્તિ-પ્રતિષ્ઠા પ્રસંગ હતો. ગામલોકોનો અતિશય આગ્રહ કે યોગીજી મહારાજના વરદ હસ્તે જ એ પ્રસંગ સંપન્ન થાય. પણ પરિસ્થિતિ એવી સર્જાઈ હતી કે કેટલાક વિરોધીઓ દ્વારા એ પ્રસંગે કદાચ વિખવાદ થાય ને ધમાલ પણ થાય. એટલે એ કાર્યક્રમને મુલતવી રાખવાની તરફેણમાં સૌ હતા. આ બાજુ યોગીજી મહારાજની ઇચ્છા હતી કે મૂર્તિપ્રતિષ્ઠા કરવા જવું ને મહારાજની મરજીથી કોઈ વિઘ્ન નહિ આવે. એમની મરજી પ્રમાણે પ્રમુખસ્વામી મહારાજે બીજાની સંમતિની પરવા કર્યા વગર મંજૂરી આપી દીધી. પ્રતિષ્ઠા સારી રીતે થઈ પણ પાછા ફરતાં થોડી ધમાલ થઈ ને વિરોધીઓએ પોતાનું ધાર્યું કર્યું. યોગીજી મહારાજ ને સંતો તો નીકળી ગયેલા, પણ અમુક હરિભક્તોની ગાડી ઉપર પથરા ફેંકાયા. અમુક હરિભક્તોએ આ અંગે પ્રમુખસ્વામી મહારાજને જ સંપૂર્ણપણે જવાબદાર ગણી એમના ઉપર ગુસ્સો ઠાલવ્યો કે આ કાર્યક્રમ ગોઠવાયો જ કેમ ? મૂળ તો યોગીજી મહારાજની મરજીથી જ પ્રમુખસ્વામીએ આયોજન કર્યું હતું, પણ સ્વામીશ્રીએ આખી વાત પોતાને માથે જ લઈ લીધી કે મેં બધું ગોઠવ્યું હતું ને મારી ભૂલ થઈ ગઈ...

ગુણવંત દાણીએ આ ઘટનાની યાદ સ્વામીશ્રીને ગોંડલમાં અપાવી. એ બેસતા વર્ષનો દિવસ હતો. સ્વામીશ્રી એમની સાથે ઉતારાની વ્યવસ્થા અંગે પૂછપરછ કરતા હતા ત્યાં ગુણવંતભાઈ કહે, 'બાપા ! આ વખતે 'પ્રકાશ'માં સરદારગઢ મૂર્તિપ્રતિષ્ઠાનો પ્રસંગ મેં લખ્યો છે. ત્યાં પથરાબાજી થઈ હતી ને યોગીબાપાએ બધું આપના ઉપર ઢોળી દીધું અને સી.એન. વગેરે ભક્તોએ આપને ઠપકો આપ્યો હતો. ખરેખર, આપની દિવ્યતા ભારોભાર એમાં નિખરે છે...!'

ગુણવંતભાઈ આગળ કંઈ પ્રશસ્તિ કરે તે પહેલાં જ સ્વામીશ્રીએ તેમને અટકાવતાં કહ્યું, 'સી.એન., મોટા સ્વામી વગેરે મોટેરાઓના ઘણા ઠપકા સાંભળેલા છે. ત્યારે તો મૂળ જોગીબાપા રાજી થાય એ જ તાન હતું. એ રાજી થતા હોય તો આપણે સહન કરવામાં વાંધો નહિ. પ્રોગ્રામમાં આવું બહુ થાય. કાંઈક ગોઠવણ કરીએ એટલે અમુક મોટેરાઓનું તરત ચાલુ થઈ જાય.'

'અમૃત મહોત્સવ વખતે પણ સ્વામી ઠેઠ સુધી બોલ્યા નહિ. મારા પર નાખ્યું. મેં એમની મરજી જોઈને કહ્યું કે 'ઉત્સવ અહીં જ કરવો છે.'

બીજાનો વિરોધ થયો પણ સ્વામીનો રાજીપો મળી ગયો. અંદર આવીને ખૂબ ભેટ્યા. એટલે આપણે તો બીજા રાજી થાય કે ન થાય પણ એ રાજી થાય એટલે દુનિયા રાજી. મોટેરાઓને આપણા પ્રત્યે દ્વેષ ન'તો પણ મમત્વને હિસાબે કહેતા હોય...'

ગુરુને રાજી કરવાના તાનમાં દુનિયાની તમામ ઝંઝટો ને સંઘર્ષોની સામે પૂર જવાનું એમને આસાન હતું ! કારણ, ગુરુભક્તિ એ જ એમનો આદર્શ હતો, એ જ એમનું જીવન હતું. તેથી આવાં નાનાંમોટાં અપમાનોના ઘૂંટડા તો તેઓ ઘોળીને પી જતા.

લગભગ તો આવી બધી જૂની વાતો સ્વામીશ્રી હંમેશાં ઢાંકતા હોય છે. ખાસ પ્રગટ કરતા નથી. પણ સંતો બહુ પૂછપરછ કરે તો વળી જણાવી દે. પણ તેનો કોઈ આલોચ નહિ. ફરી સંભારવાનું નહિ. આવી એક વિશિષ્ટ નિરપેક્ષતા પણ એમનો આગવો ગુણધર્મ છે.

ઇંગ્લૅંડમાં લ્યૂટનમાં યોગીજી મહારાજના જીવન ચરિત્રનો પાઠ ચાલતો હતો. સવાર-સાંજ જમતી વખતે સ્વામીશ્રી પાસે આ પ્રકારનું વાંચન હંમેશાં થતું રહે છે. એમાં વાત આવી કે શાસ્ત્રીજી મહારાજે શંકર ભગતને ઘેલામાં સ્નાન કરવા મોકલ્યા હતા. સંતોએ પૂછપરછ કરી એટલે જૂની સ્મૃતિ કરતાં સ્વામીશ્રી કહે, 'તે દહાડે હું અને બાલકૃષ્ણ (હાલ, અટલાદરા) બધા ઘેલે નહાવા ગયા હતા. પાછળથી શાસ્ત્રીજી મહારાજ જૂના મંદિરે દર્શને ગયા હતા. અમે આવ્યા એટલે શાસ્ત્રીજી મહારાજ કહે, 'તમે દર્શન કરી આવો.'

અમે કહ્યું, 'તમે દર્શન કર્યાં એમાં આવી ગયું.'

સ્વામી કહે, 'ના, જાવ.'

અમે કહ્યું, 'સવારે જઈશું.'

તો કહે, 'ના, અત્યારે ને અત્યારે જ જાવ...'

'અમે ગયા ત્યારે સંધ્યા આરતીનો સમય હતો. એટલે બધા સાધુ પ્રદક્ષિણા ફરતા હતા. પગથિયાં પાસે છત્રી આગળ પણ થોડા સાધુ બેઠા હતા. અમે ગયા એટલે કેટલાક બોલવા લાગ્યા, 'એ બંડિયા ! તમારું અહીં શું દાટ્યું છે ? તમારા બાપનું અહીં શું છે ? તમારે અહીં આવવું નહિ...'

'અમે મંદિર ઉપર ચડ્યા એટલે અમારી પાછળ પાછળ બોલતાં બોલતાં તેઓ પણ ચડ્યા. અમે બધે દર્શન કર્યાં, તે બધે પાછળ પાછળ સાથે ફર્યા. બધે ફરીને અમે (છત્રી તરફની દિશામાં) પ્રદક્ષિણાના આગળના ભાગમાં આવ્યા એટલે કેટલાક મોટાએ ધક્કા મારવાના શરૂ કર્યા. એકબીજા ઉપર

પડે ને ખીજાય ને બોલે, 'એક તો તમે અહીં આવો છો ને પાછા ધક્કા મારો છો ? આ બધા નાના છે એટલે ધક્કા મારો છો ?' એમ કહેતાકને કેટલાક મોટા હતા તેમણે અમને પકડ્યા ને થાંભલા સાથે અફાળ્યા. ગડદાપાટુ-ધુંબ્બા મારવા લાગ્યા. અમે કહ્યું, 'ભૂલ થઈ ગઈ, નહિ આવીએ હવે. જવા દો...'

'ત્યાં નીચે બેઠેલા ધરમશીભાઈએ આ જોયું ને તેઓ ઉપર આવી ખીજાયા કે તમે સાધુ છો કે કોણ છો ? એમ જોરથી બોલવા લાગ્યા. એટલે સૌ ખસી ગયા. અમે ઊતરી ગયા. મહાપ્રસાદ મળેલો એટલે પાઘ પણ લેવા રોકાયા નહિ. (ધમાલમાં સંતોની પાઘ એમણે ફેંકી દીધેલી ને ઉઘાડાં માથાં થાંભલા સાથે ભટકાવેલાં.) પછી ધરમશીભાઈ પાછળથી પાઘ લઈ આવેલા.

મંદિરે આવી શાસ્ત્રીજી મહારાજને વાત કરી તો કહે, 'તમને અનુભવ થાય ને કે અમે કેવા માર ખાધા છે ! તમને દર્શન તો થયાં ને ! દર્શન થયાં તે મોટી વાત છે...'

'પછી તો મોહનભાઈ શેઠને ખબર પડી એટલે સાધુઓને ધમકાવ્યા. 'આમાં તો કેસ થાય ને જેલમાંય જવું પડે. આવી રીતે કંઈ થતું હશે ...? અહીં મુસલમાન દર્શન કરી જાય તેમાં કોઈને વાંધો નથી...' એમ એમણે ઘણો પક્ષ રાખ્યો હતો.

'આગલે દિવસે જોગી મહારાજને પણ થયેલું. એમને દર્શનનો પ્રેમ ઘણો ને. તે શાસ્ત્રીજી મહારાજ તો દર્શન કરીને નીકળી જાય. જોગી મહારાજ ફરીથી ગયા ત્યારે અપમાન કર્યું હતું. હાથ નહોતો ઉપાડ્યો...'

આમ, શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિ સાથે, ગુરુએ અપાવેલું અનુભવજ્ઞાન પણ સ્વામીશ્રી ક્યારેક વાગોળે. એમણે સહન કરેલી ઉપાધિઓનું સ્મરણ કરાવે ત્યારે શાસ્ત્રીજી મહારાજનાં જીવન અને કાર્યની મહત્તા સમજાય ને સહનશક્તિના પાઠો ભણાય.

ગુરુવર્યો પાસેથી સતત નિર્વૈરતાના પાઠો શીખ્યાની સાથે પોતે પણ પ્રકૃતિગત એવી ભાવના સિદ્ધ કરી હોય એવો અનુભવ સ્વામીશ્રીનું જીવન નિહાળતાં થયા કરે છે.

સ્વામીશ્રી મુંબઈમાં વિરાજમાન હતા. ગઢપુરમાં આ અરસામાં ગોપીનાથજી મહારાજનો શતવાર્ષિક પાટોત્સવ ચાલી રહ્યો હતો. આયોજકોએ તૈયારી ઘણી કરી હતી. પણ એટલો માનવપ્રવાહ હજી ઊમટ્યો નહોતો. આ સમાચારથી ઉદ્વિગ્ન થતાં સ્વામીશ્રી કહે, 'પૂર્ણાહુતિ વખતે

દોઢથી બે લાખ માણસો જરૂર થઈ જશે. વધારે માણસો લાભ લે તો સારું ને ! ગઢડાનાં દર્શન તો કરશે ને !' મહારાજનો મહિમા પ્રવર્તાવવાનું જ જેને રાતદિવસ તાન છે તે પુરુષ ગમે તે સંસ્થા દ્વારા થતાં આવાં આયોજનોને પોતાનાં જ માનીને શુભ ભાવનાઓનું ઝરણું વહેતું રાખે છે.

અટલાદરામાં એક પ્રસંગે શહેરના ભૂતપૂર્વ મેયરો જતીનભાઈ મોદી તથા રણજીતસિંહજી ગાયકવાડ દર્શને આવ્યા હતા. સેવાકાર્યની વાતો નીકળતાં સ્વામીશ્રીએ સુંદર આદેશ આપ્યો હતો, 'અધિકાર તો આવે ને જાય પણ સેવાનું કાર્ય તો કાયમનું છે. જે સેવક હોય એ સેવા કર્યા જ કરે ને અધિકારી હોય તે અધિકાર ન મળે એટલે ખૂણામાં બેસી જાય. જોગીબાપા એટલે જ કહેતા કે સેવક થવું. વાસણ ઊટકીએ એટલે કંઈ એ ગુરુ મટી જતા નથી, પણ એ જ એમની મોટપ છે !'

'આપ કહો છો, એમ જ બને છે.' જતીનભાઈએ સાખ પૂરી.

'આપણે જ્યાં હોઈએ ત્યાં સેવા ને સેવા જિંદગી સુધી કરવાની છે.' છેલ્લે સેવાનો સાચો અર્થ સ્વામીશ્રીએ સમજાવ્યો. સેવાભાવનાને જીવનમાં વણી લેવાની ટકોર સ્વામીશ્રીએ કરી. હોદ્દાની રૂએ સેવા બજાવતા, પરોપકારનો ડોળ કરતા આજના સમાજને સ્વામીશ્રીનું આમાં માર્મિક સૂચન હતું, કારણ કે એમને સેવાધર્મ મૂર્તિમંત છે.

દાહોદમાં પણ સેવાભાવી શેઠશ્રી ગોરધનદાસના મદદનીશ શાહ સાહેબે આવો જ પ્રશ્ન સ્વામીશ્રીને પૂછ્યો, 'ઘણીવાર એમ થાય છે કે આટઆટલી સેવા કર્યા પછી લોકોની ટીકા જ સાંભળવાની ને !'

'એવું તો ચાલ્યા જ કરે. શ્રીકૃષ્ણ તો ભગવાન હતા તોય એમનીય વાતો લોકોએ કરી છે. મહાન પુરુષોની સામે લોકો બોલ્યા જ છે. કારણ, લોકની દૃષ્ટિ વાંકું જોવાની જ છે. જેની દૃષ્ટિ સારી છે એને સારું દેખાય..' સ્વામીશ્રીએ આશ્વાસન આપતાં જણાવ્યું, ટીકાટીપ્પણની કસોટીમાંથી પસાર થયેલી વૃત્તિ જ અંતે નભે છે, વ્યક્તિનું સાચું ઘડતર કરે છે. લોકોનાં અનેક સદ્અસદ્ વચનોની સામે ઉન્નત મસ્તકે કાર્ય કર્યે જતા સ્વામીશ્રી સિવાય આવું કોણ સમજાવી શકે ? રીઢા રાજકારણીઓ, વેપારીઓ કે વ્યવસાયિકોને પણ આવું જ્ઞાન હોય છે પણ તે સ્વાર્થબુદ્ધિથી ખરડાયેલું હોય છે, જ્યારે સ્વામીશ્રી નિઃસ્વાર્થભાવ સાથે સહનશીલતાની સરાણે ઘસાઈને પ્રેરણાના બોલ બોલે છે.

૩.

સ્થિરમતિ, અતિશય ધીર

ડર્બનમાં સ્વામીશ્રી ભક્તો સાથે બિરાજ્યા હતા. સ્વામીશ્રી સાથે હળવો વાર્તાલાપ ચાલી રહ્યો હતો. ડૉ. કે.સી. પટેલ કહે, 'બધાને ચમત્કાર જોઈએ છે. આપ કાંઈ ચમત્કાર કરો, બધા સુખિયા થઈ જાય.'

'સુખી તો બધાને કરવા છે પણ એ આઘોપાછો થાય એમાં કોઈ શું કરે ? પ્રૉફેસર છોકરાઓને ભણાવે છે એમાં કાંઈ અમુકને નાપાસ કરવા એવું ઓછું છે ? છતાં નાપાસ કેમ થાય છે ? એમ કલ્યાણ માટે પણ એવું છે.' એક શિક્ષકની અદાથી સ્વામીશ્રીએ તર્કબદ્ધ સમજૂતિ આપી.

'તો માની જેમ કરો,' બકુલે કહ્યું, 'છોકરો ગમે એટલી ધમાલ કરે તોય એનું ભૂંડું ન ઇચ્છે.'

'...એ તો લાત પણ મારે એટલે સુખ ને દુઃખ તો કર્મે કરીને છે. ભગવાનને એવું કંઈ નથી...' સ્વામીશ્રીએ ભગવાનની કર્તવ્યશક્તિને અકબંધ રાખી સુખદુઃખનું રહસ્ય સમજાવ્યું. જેટલો આજ્ઞાનો લોપ એટલો પ્રભુનો કોપ. બાકી ભગવાન ને સંત તો દરેકનું ભલું કરવા જ તત્પર છે, પણ એમના આદેશોનું પાલન કરવું પડે.

કલકત્તામાં એક ભાવિક સ્વામીશ્રી પાસે આવ્યા ને કહે, 'આમ તો હું બીજા ગુરુનો શિષ્ય છું, પણ મને આપના હાથે કંઠી પહેરવી છે તો પહેરી શકું ?'

'આપણે મૂળ તો જીવન સારું રાખવું ને ભગવાનમાં શ્રદ્ધા રાખીને ભક્તિ કરવી. બાકી એક જ છે.' સ્વામીશ્રીએ એક મુમુક્ષુને યથાર્થ માર્ગદર્શન આપતાં જણાવ્યું કે ગુરુના હાથે કંઠી ધારણ કરવી એ એક જરૂરી વિધિ છે, પણ જીવન પવિત્ર બને, શ્રદ્ધા વધે ને ભક્તિ વધે, એ લક્ષ્ય ચુકાવું ન જોઈએ. ગુરુનું તારતમ્ય સાચા-શુદ્ધ મુમુક્ષુઓને સમજાઈ જાય છે. આથી જ સાચા ભક્ત બનવાનું તાન સ્વામીશ્રીએ આગળ ધર્યું. એ જ એમનો અભિપ્રાય છે એમ જણાવ્યું.

સ્વામીશ્રી કલકત્તા પધાર્યા હતા. અહીં સત્સંગ જ્ઞાનયજ્ઞનો પાક્ષિક કાર્યક્રમ સુંદર ગોઠવાયો હતો. ત્યાં એકાએક સ્વામીશ્રીને ચક્કર આવવા શરૂ થયા. એટલે નાછૂટકે ડૉક્ટરોની સલાહથી સ્વામીશ્રી મુંબઈ પધાર્યા. અહીં તે અંગેનું નિદાન કરવાનું હતું. ડૉક્ટરોએ 'બેરા' ટેસ્ટ લેવાનું નક્કી કર્યું. પણ દરેક વખતે ટેસ્ટ લેતા ડૉક્ટરોને સંતોષ ન થયો. કંઈક ને કંઈક ગરબડ આવ્યા કરતી હતી.

રાત્રે સૂતી વખતે સવારની વાત યાદ કરતાં નારાયણચરણ સ્વામી કહે, 'બેરા ટેસ્ટ કરાવ્યો ત્યારે ડૉક્ટર કહેતા હતા કે આપ બહુ વિચારમાં હતા, એટલે ફરીથી કરાવવો પડશે.'

'ના, ના. આપણે વળી વિચાર શું હોય ?' સ્વામીશ્રીએ તુરત જણાવ્યું. પછી યોગીચરણ સ્વામી તરફ જોતાં કહે, 'આપણે અક્ષરદેરીમાં હોઈએ ને ત્યાં બેસીને દર્શન કરતા હોઈએ, એવું કરીએ એ કંઈ વિચાર કહેવાય ?'

'આપની દૃષ્ટિએ તો એ જ આરામ ને એ જ હળવાશ છે. પણ આપ અક્ષરદેરીનાં દર્શન કરો, પછી ઘનશ્યામ મહારાજનાં દર્શન કરો, સારંગપુર હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરો, એમાં થોડોક વિચાર તો કરવો પડે ને ! એટલે મશીનમાં એના ગ્રાફ એ પ્રકારના આવતા હોય. બાકી આપને માટે તો એ જ આરામ છે.' યોગીચરણ સ્વામીએ સ્વામીશ્રીના જવાબનું અનુમોદન આપતાં, ટૅક્નિકલ મુશ્કેલીની સ્પષ્ટતા કરી.

'આપને અક્ષરદેરી પહેલાં યાદ આવે કે ઘનશ્યામ મહારાજ કે હરિકૃષ્ણ મહારાજ ?' નારાયણચરણ સ્વામીએ વચમાં જ પૂછ્યું.

કંઈ વિચાર્યા વગર તત્ક્ષણ સ્વામીશ્રી બોલ્યા, 'અક્ષરદેરી પહેલી યાદ

આવે. ઘનશ્યામ મહારાજ, હરિકૃષ્ણ મહારાજ, ધર્મકુળ એ બધાની પણ સ્મૃતિ કરીએ. અને શાસ્ત્રીજી મહારાજ અને યોગીબાપાને તો આપણે હાલતાં-ચાલતાં જોયાં છે એટલે એ તો યાદ આવે જ ને.' આમ, સ્વામીશ્રીએ 'બેરા' ટેસ્ટમાં જરૂરી શૂન્યમનસ્ક સ્થિતિને ઉડાવી દીધી ને ભગવાન અને ગુરુજનોની સ્મૃતિ વગર તો પોતે જીવી જ કેમ શકે ? એનો અણસાર આપ્યો. પ્રતિક્ષણ પોતાની ભગવત્ સન્મુખતાનું દર્શન કરાવ્યું.

અટલાદરામાં સાંકરીના કોઠારી પ્રભુસ્વામી દર્શને આવ્યા હતા. એમને ઍસિડિટીની તકલીફ હતી. તેના ઉપરથી ટૅન્શનની વાત નીકળી એટલે સ્વામીશ્રી કહે, 'આપણે પ્રયત્ન કરવો ને પછી મહારાજને સોંપીને સૂઈ જવું. થાય તો ભગવાનની ઇચ્છા ને ન થાય તો ય એમની ઇચ્છા. કરવું સો ટકા. પણ પરિણામનો બહુ વિચાર ન કરવો. આપણે પ્રોગ્રામ વ્યવસ્થિત કર્યો હોય ને પછી આઘોપાછો થાય, મોડો ય થાય, બધી કંઈ આપણા હાથની વાત નથી...'

'તમને ચિંતા નથી થતી ?' સંતસ્વરૂપ સ્વામીએ એકદમ પૂછ્યું.

'ભગવાનને સોંપી દઈએ એટલે ચાલે છે. પ્રયત્ન સો ટકા કરીએ પણ પછી સમજવું પડે કે મહારાજની ઇચ્છા આમ જ હશે.' સ્વામીશ્રીએ પોતાના મિષે સૌને સમજ પાડી. પોતે સર્વસમર્થ હોવા છતાં પુરુષપ્રયત્નમાં કંઈ જ બાકી રાખતા નથી. રાત-અધરાત જોયા વગર ઉપાડેલા કામનો ગમે તેવા અવરોધોમાં પણ અંત લે, અને તે પણ સૂક્ષ્માતિસૂક્ષ્મ કુનેહ ને ચાતુર્યથી ! પણ પછી પરિણામ મહારાજ ઉપર છોડી દઈ નિરાંતનો શ્વાસ લે. કદાચિત્ કામ પાર ન પડે, અવળું પરિણામ આવે તો પણ તેનો ભાર મહારાજને સોંપી દે. કોઈ મમત નહિ. આજ એમની સદા સુખમય સ્થિતિનું રહસ્ય છે. જેમાં એમની આંતરિક સ્થિતપ્રજ્ઞતા અને ધીરગંભીરતાનો સમન્વય નવરંગે ઝળહળતો જણાઈ આવે છે...

૪.

'સદા સ્મરણ-ભજન કરે'

જેતપુરમાં બપોરે ૧-૪૫ વાગ્યે સૌને મુલાકાત આપી સ્વામીશ્રી ઊભા થયા ત્યારે સુરેશભાઈ કહે, 'રોજ રોજ આવું ને આવું ચાલ્યા કરે, તો કંટાળો નથી આવતો ?'

'જ્યાં જઈએ ત્યાં આ તો છે જ. તો બીજું કરવું શું ?' એમ કહેતા સ્વામીશ્રી બોલ્યા, 'ભગવાન ભજવા હોય એને કંટાળો શેનો ? ભક્તિ, ભજન, કથાવાર્તા, સેવા, કોઈને મળવું, વાત કરવી એમાં કંટાળો રખાય નહિ. જગતનાં કામમાં કંટાળવું. બાકી ભગવાન ભજવામાં કંઈ કઠણ પડતું હશે ?' સ્વામીશ્રીએ ભગવાન સંબંધી ક્રિયાની મહત્તા યુવકોને સમજાવી. ૩૬૫ દિવસ ને ૨૪ કલાક ભગવાન સંબંધી પ્રવૃત્તિ તો આવા ગુણાતીત સંતની જ મોનોપોલી છે. બીજાનું ગજું નહિ. બુદ્ધિ બેર મારી જાય. પણ જે ભગવાનના સુખે સુખિયા હોય તે જ આ જીરવી શકે, સંભાળી શકે.

જન્માષ્ટમીનો દિવસ હતો. લંડન મંદિરમાં પ્રાત:પૂજા પછી માઈક હાથમાં લઈ સ્વામીશ્રી કહેવા લાગ્યા, 'આજે જન્માષ્ટમીનો દિવસ એટલે બધાને નિરાંત. એ...ય... ભજન, કથાવાર્તા, સેવા થયા કરે.' સત્સંગ મંડળના

મોવડી સી.એમ. પટેલ કંઈક પ્રસ્તાવ મૂકે તે પહેલાં તો સ્વામીશ્રીએ વાત ઉપાડી લીધી.

'આજે ફરાળ નહિ ?' સી.એમ. પટેલે સ્વામીશ્રીને વચમાં જ પ્રશ્ન કર્યો.

'ભગવાનના જન્મોત્સવમાં એટલો આનંદ આનંદ થઈ જાય કે ખાવા-પીવા, હરવા-ફરવાનું ભુલાઈ જ જાય. ભજન જ કરવાનું. બીજું કાંઈ નહિ.' સ્વામીશ્રીએ પોતાની મરજીને મજબૂત કરતાં કહ્યું.

'આ બધા સંતો ફરી ક્યારે આવશે ? ફરાળ કરાવો.' સી.એમ. પટેલે પોતાનો આગ્રહ ચાલુ રાખ્યો.

'ના, રહેવા દ્યો.' અહીં તપ કરે તો મંદિર જલદી થઈ જાય. આજે તો જે સશક્ત છે એ બધા હરિભક્તો પણ નિર્જળા ઉપવાસ કરજો. બે કિલો (બહુ) બળ મળશે. સહેજે જ જોગ આવ્યો છે તો બરાબર લાભ લેજો.' સ્વામીશ્રીએ છેલ્લું વાક્ય પૂરું કરતાં, વચનામૃત વંચાવવાનું શરૂ કર્યું.

'મંદિર જલદી થઈ જાય' એમાં તો નાનામોટા સૌનેય રસ હતો. તેથી તેનું નિમિત્ત લઈ સ્વામીશ્રીએ સૌને ઉત્સાહિત કર્યા. તપથી જ ભગવાનની પ્રસન્નતા ને એથી જ કાર્યની સિદ્ધિ એવા શ્રીજીસિદ્ધાંતને મોટાપુરુષ વગર કોણ પુષ્ટ કરે ?

ન્યૂયોર્કમાં શિબિરની પૂર્ણાહુતિ થઈ. એ એકાદશીનો દિવસ હતો. સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે બે વાગી ગયા હતા. રામભાઈ પટેલ સ્વામીશ્રીને મળીને ગયા પછી સ્વામીશ્રી માળા ફેરવવા લાગ્યા.

'કેમ, અચાનક માળા ફેરવવા લાગ્યા ?' સેવકે પૂછ્યું.

'આજે એકાદશી ! માળા ફેરવીએ એટલું વધારે ભજન થાય.'

'બહુ ફેરવી.'

'હજુ તો ઘણી ફેરવવાની બાકી છે.' કહેતાં સ્વામીશ્રીએ ભક્તિનું ક્યારેય સરું આવતું નથી એ મુદ્દો સમજાવ્યો. સાથે ભજનની એમની લગન ટાણેકટાણે અને અહર્નિશ કેવી સહજ છે તેનું દર્શન થયું.

અટલાદરામાં એક પ્રસંગે સ્વામીશ્રીએ દિવ્યપુરુષ સ્વામીને કહ્યું, 'કાલે એકાદશી છે.'

'બહુ વહેલી આવી ગઈ.'

'ભગવાન ભજવાનું સુખ બહુ આવે.' સ્વામીશ્રી બોલ્યા.

'ઊલટું ઊંઘ આવે છે. ભગવાન નથી ભજાતા.' સંતે કહ્યું.

'એવું હોય તો મંદિરમાં પ્રદક્ષિણા કરવી. ઊભા ઊભા માળા કરવી. કરવું

હોય તો ઘણું કરવાનું છે...' આવાં એક પછી એક ભજનનાં વિવિધ માધ્યમો સ્વામીશ્રી ગણાવવા લાગ્યા, ત્યારે થયું કે એમની શ્રદ્ધાને પુગાય એમ નથી. એમને અનુસર્યા વગર છૂટકો નથી.

૫.

ભક્તિવિનય દૃઢ વિચાર

કથાવાર્તામાં સ્વામીશ્રી ઘણીવાર બ્રહ્મરૂપ થવાની ને દેહભાવ દૂર કરવાની વાતો કરે છે. કોઈ શારીરિક રીતે દુખિયો જીવ આવે તો તેને પણ દેહના દુઃખનું એવું તો સાંખ્ય કરાવે કે ફરી તે ફરિયાદ કરવાનું નામ ન લે. દરેક પ્રસંગે સ્વામીશ્રીને દેહભાવનું આટલું બધું ખંડન કરતા જોઈ - સાંભળીને આપણને ઘણીવાર આશ્ચર્ય થાય કે શરીર પ્રત્યે આવો ઊંડો અનાદર કેમ ? આપણને જણાય કે દેહ અને દેહ સંબંધી સુખદુઃખ તરફ સ્વામીશ્રીને સહજભાવે ગજબની અવગણના છે. એક માત્ર પરમાત્મા તરફ લગન ને આત્મનિષ્ઠાની અહર્નિશ રટણા એમની ગુણાતીત અવધૂત દશાનું આગવું લક્ષણ છે.

સારંગપુરમાં પ્રાતઃપૂજા પછી સંતસ્વામી દરરોજ તેમને પગે લાગવા ને ખબર અંતર પૂછવા આવે. આ બંને ગુરુભાઈઓ એકબીજામાં ખોવાઈ જાય. એકબીજાના મહિમામાં ડૂબી જાય. થોડો વાર્તાલાપ - જૂની સ્મૃતિ કરીને તુરત છૂટા પડે. સ્વામીશ્રીને ઘણાં કામ હોય તેથી સંતસ્વામી તેમને ઝાઝું રોકે નહિ.

આવા એક પ્રસંગે સંતસ્વામીએ સ્વામીશ્રીને જમણા થાપામાં થતા ગાંઠના દુઃખાવા અંગે પૂછ્યું. થોડા સમય પહેલાં જ એ જગ્યાએ ઑપરેશન કરીને ડૉક્ટરોએ મોટી ગાંઠ કાઢી લીધી હતી.

'હવે પહેલા જેવો દુખાવો નથી રહેતો. થોડોક તો રહે જ છે પણ વધારે પડતું નથી દુઃખતું.' સંતસ્વામીની હંમેશાં મર્યાદા સાચવતા સ્વામીશ્રીએ આજે ઘણા સમયે વાસ્તવિક પરિસ્થિતિ વર્ણવી - એ જણાવતાં પણ માનસિક આનાકાની અનુભવતા હોય એવું આપણને જરૂર લાગે. પછી કહે, 'શરીરનું કામ છે એટલે તકલીફ તો ચાલ્યા જ કરવાની... એ બધું તો રહેવાનું જ. કાંઈક ને કાંઈક થયા કરે. પછી સૌ નિમિત્ત ઊભું કરે. કોઈ કહે, તડકો લાગ્યો ને થયું. તો કોઈ કહે, 'ફલાણું થયું...' સૌ પોતપોતાની રીતે માંદગીનું કારણ નક્કી કરી આપે. આપણે તો આપણી રીતે સાચવીએ છીએ પણ થવાનું હોય એ થઈ જ જાય. કંઈક ભૂલ થાય ને થઈ જાય. ગોંડલમાં બેસી રહ્યા તોય બે વખત ઝાડા થઈ ગયા. શરીર રોગનું ઘર જ છે. ભગવાનને કામ લેવું હોય એટલું લેશે. આપણે તો એમના ઉપર છોડ્યું છે...'

'શાસ્ત્રીજી મહારાજ બહુ કહેતા કે સુવાડી મૂકશો તો પછી ઊઠવાનો નથી... એમણે ખેંચે જ રાખ્યું. આપણે ય સેવા થાય એટલી કરીએ...' વળી સંતસ્વામીને સંબોધતાં કહે, 'આપની દયા, સ્વામીના આશીર્વાદ. મહારાજનો સંકલ્પ ને સંતો-હરિભક્તોને લઈને શોભે છે. ચારેય બાજુ સૌના જીવમાં ભગવાન બેઠા છે એટલે કામ થાય છે. સંતોનો સહકાર જબરજસ્ત છે. આપણે કહીએ ને બધા મંડી પડે છે. આપણને શાંતિ થાય, ઉદ્વેગ ન થાય એવો એક રાગ છે. આવા બધા ભણેલા-ગણેલા સંતો ગોતવા ક્યાં જઈએ છીએ ? ઢસડાઈને ચાલ્યા આવે છે. એ એમનો સંકલ્પ કામ કરે છે...'

ગોંડલમાં ૪૦માં પ્રમુખવરણી દિને સભામાં સંબોધતાં સ્વામીશ્રી કહે, 'જોગી મહારાજે મને બહુ સાચવ્યો. એ પુરુષને રાજી કરવા એ જ મારો ધ્યેય હતો. મહત્તા ને પ્રતિષ્ઠા વધે એવું પહેલેથી ન'તું. એ પુરુષ રાજી થાય, સંતો-હરિભક્તો રાજી થાય એ રીતે જ સેવા કરી. આજે પણ સંતો હરિભક્તો-બાઈઓ બધાં એવું જ કામ કરે છે. બાકી એક હાથે તાળી પડતી નથી. સંતો-યુવકો તરત જ સર્વસ્વ સોંપીને કામ કરે છે એટલે શોભે છે.'

અમદાવાદમાં પણ સ્વયંસેવકદિને સભામાં સ્વામીશ્રીએ અદ્‌ભુત ભાવના વર્ણવી હતી : 'દિવ્યપુરુષ યોગીજી મહારાજ નિમિત્તે આ સભા છે. એમનું

ઋણ આપણા ઉપર ખરેખરું છે. એમણે આપણા માટે દેહ ઘસી નાંખ્યો છે. નાના-મોટા કોઈને નારાજ કર્યા નથી. દરેકની સેવા જ કરી છે. એમના જીવનમાં નાની કે મોટી, કોઈ સેવાનું અહં નહોતું. સેવાની સાથે એમણે અદ્‌ભુત જ્ઞાન પણ આપ્યું છે. આત્મા-પરમાત્માના જ્ઞાને સહિત, મહિમા સાથે સેવા હોય તો કોઈનો દોષ કે અભાવ ન આવે. ભક્તિમાં અહં હોય તો રાગદ્વેષ થઈ જાય.

'એમના સંબંધવાળાની સેવા છે. કોઈ મનુષ્યની નથી. આ મહિમા હોય તો સેવા કરવાનો આનંદ વધારે રહે. મહિમા નહિ હોય તો અંદરોઅંદર રાગદ્વેષ થઈ જશે. યોગીબાપાએ કોઈનું જોયા વગર સેવા જ કરી છે...

'આપણામાં નિયમધર્મનું ઠેકાણું ના હોય તો શોભે નહિ. માટે નિયમોમાં વિશેષ દૃઢતા રાખવી. આપણે આદર્શ બનવું છે. યોગીબાપા આદર્શના આદર્શ હતા. એમની ભાવના આપણામાં દૃઢ થાય તો ઉત્સવ કર્યો સાર્થક થાય.'

મુંબઈમાં સંતો સાથેની વાત-મિજબાનીમાં ભગવત્ચરણ સ્વામી કહે, 'મને તો પાંચ જણા મળવા આવે ને કંટાળો આવે. આપને તો મળનારા ચાલુ ને ચાલુ જ હોય તોય હળવા ! બધું સહજ રહે છે.'

સ્વામીશ્રી પોતાનો ડાબો હાથ પોતાના જ મસ્તક ઉપર મૂકતાં બોલ્યા, 'બેય પુરુષોના હાથ અહીં છે... કરવાનું એ છે કે આપણે કાંઈ જ કરતા નથી. તો શાંતિ રહે. સારું થાય કે નરસું એની ઇચ્છા.'

'મારું કામ એવું છે કે લોકો આગળ ઘણીવાર ખોટા દેખાવું પડે છે.' ભગવત્ચરણ સ્વામીએ પોતાની મૂંઝવણ વ્યક્ત કરી.

એકદમ સ્વામીશ્રી કહે, 'ખોટા એના માટે દેખાવાનું છે ને ! યોગીબાપાના વખતમાં અમારે આવું કેટલું થતું. બાપા પોતે જ કહે, 'બધું પ્રમુખસ્વામી જાણે. અમને તો ખબર જ નથી.' બધું આવે આપણા ઉપર ! પણ એમના માટે ખોટા દેખાવામાં આપણે વાંધો હતો જ નહિ !'

ગુરુભક્તિ ને આત્મદૃષ્ટિના આવા ઉદ્‌ગારો સ્વામીશ્રીના મુખેથી સહજભાવે સાંભળવા મળે, ત્યારે જણાય કે ક્ષણિક પણ પોતે પોતાના ગુરુથી દૂર નથી. તો વળી ક્યારેક દિવ્યભાવની મસ્તીમાં સ્વસ્વરૂપની પણ રહસ્યભરી વાતો ખોલી આપે છે.

ગોંડલમાં સ્વામીશ્રી બિરાજ્યા હતા. સાથે ફરતા યુવકો પણ ક્યારેક આવી તક ઝડપી લે.

સુરતના ધર્મેશ શુકલે ઘણા સમયથી પોતાને મૂંઝવતો પ્રશ્ન સ્વામીશ્રી આગળ રજૂ કર્યો : 'બાપા ! યોગીગીતા અને પ્રાર્થના પુસ્તિકામાં લખ્યું છે કે સત્પુરુષ પૃથ્વી પરથી જતા જ નથી. એ કઈ રીતે ? દિવ્ય રૂપે કે સ્થૂળરૂપે પણ ?'

'રૂપ બદલાય પણ ઐશ્વર્ય પ્રતાપ તો એનો એ જ રહે છે.' સ્વામીશ્રીએ કહ્યું.

'સદેહે જ રહે ?' ધર્મેશે સંદેહ થતા ભારપૂર્વક પૂછ્યું.

'સદેહે જ ! ખાલી આકાર જ ફેર !' સ્વામીશ્રી બોલ્યા.

'અત્યારે આપનામાં...'

'આપના-બાપનાની વાત મૂક. જોગીબાપામાં એ વાત કર.' અધવચ્ચેથી જ એની વાતનો દોર કાપતા સ્વામીશ્રીએ વાતનો વળાંક જોગીબાપા ઉપર લાવીને મૂકી દીધો. સદેહે-સાકાર દિવ્યસ્વરૂપે મહારાજ પૃથ્વી ઉપર સંત દ્વારા આજે પણ વિચરી રહ્યા છે, એ ઉક્તિ સહેજે એમના મુખમાંથી સરી પડી... વાતે વાતે વિનયના વેણ વહે એ એમની વાણીની વિશેષતા તો છે જ, પણ એ વેણે વેણે ભક્તિના સૂર પણ સરી રહ્યા હોય છે. તે સાંભળવા એમના વ્યક્તિત્વની પરખ જોઈએ, અને એમના સ્વરૂપને જોવાની ઓળખ પણ !

૬.

કૃપાળુ ને પરઉપકારી

ગોંડલમાં અન્નકૂટ પછી, એક બે દિવસ બાદ સ્વામીશ્રી કોઠાર પાસેથી નીકળતા હતા, ત્યાં ભક્તિકિશોર સ્વામીને હર્ષદ રાણા વગેરે હરિભક્તો સાથે બેઠેલા જોઈ સ્વામીશ્રી તે તરફ વળ્યા ને સૌ વચ્ચે બિરાજ્યા. અન્નકૂટની જ સાધન-સામગ્રી એકત્રિત કરવાની સેવા ચાલતી હતી. સંતોને સ્વામીશ્રીએ પૂછ્યું : 'બધાં વાસણો મળી ગયાં ?'

'આમ તો બધાં જ મળી ગયાં પણ બે ત્રણ ડિશો ને વાટકીઓ ખૂટે છે.'

'બરાબર ચેક કરો. એક એક રૂમમાં (ઉતારામાં) પાંચ પાંચ વખત જવું.'

'કદાચ ગણતરીમાં ભૂલ હોય તેથી અમે વિચારતા હતા કે ફરીવાર ગણી લઈએ.' સંતોએ કહ્યું. સ્વામીશ્રીએ વાતનો દોર પકડી પોતાનો અનુભવ કહેવા લાગ્યા, 'એ વાત બરાબર છે. છેલ્લે મૂકતી વખતે ડબલ વખત ગણાવી જ જોઈએ. અમે ગોદડાં લાવતા ત્યારે તઈણ-તઈણ-ચચાર વખત ગણતા. લેવા જઈએ ત્યાં ગણીએ. ઉતારતી વખતે ગણીએ ને જ્યાં ઢગલી કરીએ ત્યાં પણ ગણી લઈએ. પાછા ચઢાવતી વખતે પણ ગણીએ ને સાથે માણસ મોકલીએ. સમૈયો થઈ રહ્યા પછી ઉતારે ઉતારે બે ગોદડાં સારુ

પાંચપાંચ આંટા મારવા પડે. ટાંગા ઢીલા થઈ જાય. માંડવો બાંધવામાં સૌને ઉમંગ પણ પછી છોડવો અઘરો. આપણે જ આંટા મારવા પડે. એટલે તમારે ૨-૩ વાટકા ઓછા થયા એમાં બધા ઉતારા જોવા પડશે.'

ગોંડલ મંદિરના કોઠારી જ્ઞાનપ્રસાદ સ્વામીની જોડમાં રહેતા કૃષ્ણચરણ સ્વામીએ બપોરની કથામાં હરિચરિત્રામૃતસાગરમાંથી એક ફકરો કાઢીને વાંચ્યો : 'જેને દ્રવ્યમાં મન અને ખેતીવાડીમાં ચિત્ત હોય એવા ગુરુનો ભાર પડતો નથી...' એટલે સ્વામીશ્રી તેના અનુસંધાનમાં કહે, 'કાકા (કૃષ્ણચરણ સ્વામી) ને જ્ઞાની (જ્ઞાનપ્રસાદ સ્વામી) ભેગું રહેવાનું એટલે ગોતીને જ કાઢયું...' પછી હસતાં હસતાં બોલ્યા :

'મહારાજે ત્યાગનો પક્ષ મોળો કરાવીને ખેતીવાડી-બાગબગીચા કરાવ્યા છે, એટલે એમની આજ્ઞામાં પ્રવૃત્તિ એ નિવૃત્તિ જ છે... અટલાદરામાં મજૂર ન મળે ત્યારે અમેય ખેતરે જતા, કરબડીઓ લેવી પડતી. અહીં ગોંડલમાં મગફળી લેવા પણ જતા. એટલે આજ્ઞાથી થાય એ નિર્ગુણ થઈ જાય.'

ગોંડલમાં સ્વામીશ્રીએ એક વખત સંતો સમક્ષ કહેલું કે 'શાસ્ત્રીજી મહારાજની કૃપાથી લાખ માણસ આવે તોય ગભરાઈએ નહિ ને પહોંચી વળીએ.' એના અનુસંધાનમાં સંતો સાથે સત્સંગગોષ્ઠિ કરતાં સ્વામીશ્રી કહે,

'શાસ્ત્રીજી મહારાજ હંમેશાં હિંમતની વાતો કરતા. પહેલેથી જ સ્વામી મને મહેમાનો આવે એને જમાડવાની વગેરે વ્યવસ્થા સોંપે. દરેકને વ્યવસ્થિત રીતે જમાડવા, સવારે દાતણ પહોંચાડવાં, ગરમ પાણી પહોંચાડવું, રસોઈમાં મદદ કરવી એ રીતે પાઠ પઢેલા...'

'મૂળ શું કે તે દા'ડે માથું દુઃખવું કે ભૂખ, થાક કશું લાગતાં નહિ. ઉજાગરાને ગાંઠીએ જ નહિ. શરીર હલકું ફૂલ જેવું, રમકડા જેવું. ખૂબ કામ થતું...

'શાસ્ત્રીજી મહારાજ કહેતા, 'સમયે મોતી ભરડી લેવાં. આવા સમયે શરીર સાચવવા રહીએ તો સેવા ન થાય, રાજીપો રહી જાય. આવા પ્રસંગે કોઈ બોલે, ટોકે તે સાંભળી લઈએ, નહિ તો કામ રહી જાય...' સ્વામીશ્રીએ પોતાની સેવામીમાંસા સમજાવી, સાથે કેટલીક માર્મિક વાત પણ કરી. સેવામાં કદાચ દેહનો ભીડો તો ખમાય પણ શબ્દનો ભીડો પણ ખમી લેવો, નહિ તો સેવા બાજુએ રહી જાય.'

આવી પ્રેરણા સ્વામીશ્રીના સ્વાનુભવમાંથી ટપકતી હોય છે. તેથી જ તેનું મૂલ્ય અમૃતના એક એક બિંદુ સમું બની જાય છે. અને અમૃત એ ગુણાતીત

સંતની આગવી મીરાત હોય છે.

એક વખતે ગોંડલમાં હરિભક્તો સાથે વાત નીકળતાં બોલ્યા : 'દુબળા ઢોરને બગાઈ ઝાઝી. એક તો માંદા ને એમાં પછી આવું બધું. મંદવાડમાં મંદવાડ.'

'બાપા ! આપને આરામની જરૂર છે, બહુ શ્રમ લો છો...' હરિભક્તોએ વિનંતી કરી.

'આરામ જ છે ને ! બે દા'ડાથી અંદર પૂર્યા છે. બહાર જ નથી જતા...' સ્વામીશ્રીએ પોતાની વ્યથા જણાવી : 'અસમર્થ થઈ ગયા. પહેલાં આપણે એની સામે જોર કરતા. હવે એ આપણી સામે જોર કરે છે. પહેલાં તો તડકો-વરસાદ ને કડકડતી ઠંડીમાં કામ કર્યું છે, કોઈ દા'ડો કાંઈ થાય નહિ. શતાબ્દીમાં, અમૃત મહોત્સવમાં, કેટલી દોડધામ ને રાત-દિ'ના ઉજાગરા. તોય વાયરસની બીમારી કે માથું દુઃખે-એવું કશું જ નહિ. સામું આવે તો ખરું ? ભાગે સો ગઉ. હવે સામું પડ્યું છે. શરીરની પ્રતિકાર શક્તિ ઘટી જાય એટલે થોડી ગરમી થાય અને તરત ઝાડા થઈ જાય.'

આ જ પ્રસંગે કૃષ્ણચરણ સ્વામી પૂર્વાશ્રમમાં યુવક તરીકે સાથે ફરતા તે સમયની વાત નીકળી. એકવાર તેમને યજમાનને ઘેર રસોઈ પહોંચાડવાનું કહ્યું તો તુરત છણકો કરીને કહે, 'આ બધું તો વહવાયા કરે, હું ન લઈ જાઉં...'

ત્યારે સ્વામીશ્રીએ એમને કહ્યું, 'આપણે તો ભગવાનના વહવાયા થયા પછી શરમ શાની ? હું અક્ષરસ્વામી સાથે ફરતો ત્યારે સીધું લેવા ને રસોઈ (વધેલી) મૂકવા હરિભક્તોને ઘેર મારે જ જવાનું. આણંદ, નાપા, નગાસર, આશી - બધે એવું કરતો. હું એકલો એટલે સીધું લાવવામાં, રસોઈ મૂકવા જવામાં બે ત્રણ આંટા થાય. ઘરે તો આપણે ક્યારેય કરેલું નહિ. પણ એકાદ વાર કરીએ એટલે વાંધો ન આવે...'

આમ, નાનપણથી જ ઠાકોરજી કે સંતો-હરિભક્તોની નાનીમોટી કોઈપણ સેવામાં પોતાનો ઉત્સાહ જણાવ્યો.

સ્વામીશ્રી લંડનમાં બિરાજમાન હતા. આમ જૂના પણ બહુ નિકટ નહિ આવેલા એવા એક હરિભક્ત દાદુભાઈ સ્વામીશ્રીને કહે, 'તમે બહુ કામ કરો છો. સભામાં બેઠો બેઠો જોઉં છું, તમે લખ્યા જ કરો છો. નવરા રહેતા જ નથી.'

'ભગવાને કામ આપ્યું છે તો કરીએ છીએ. તમારે જેમ પેલો બીઝનેસ છે

એમ અમારે આ બીઝનેસ છે.' સ્વામીશ્રીએ કહ્યું.

'૧૯૫૫માં કિસુમુમાં મને યોગીબાપાએ કંઠી પહેરાવી હતી. પહેલાં ત્યાં જોયેલા. લાકડાનું બાઉલ હોય એમાં લોટા વડે પાણી રેડીને જમતા હતા.' દાદુભાઈએ જૂની સ્મૃતિ કહી.

'અમારે એ જ રીતે જમવાનું હોય છે.' સ્વામીશ્રીએ કહ્યું.

'આટલું બધું દુ:ખ લેવાની જરૂર શું ?'

'આ ક્યાં દુ:ખ છે ? નિયમ છે. ભગવાનની આજ્ઞા છે. એમની આજ્ઞામાં રહેવું એ કષ્ટ નથી. અને ભગવાને શરીર આપ્યું છે તો એમને માટે કષ્ટ પડે તો પણ વાંધો નથી.' સ્વામીશ્રીએ કહ્યું.

'તમારું હાર્ડ વર્ક છે.'

'બીજાના હિતને માટે થાય એ સારી વાત છે.'

'હું તમને જ્યારે જોઉં છું ત્યારે તમે કાગળ જ વાંચતા હો છો.' સ્વામીશ્રી જે ભીડો વેઠી રહ્યા છે તેથી જાણે એમને પીડા થતી હોય એમ દાદુભાઈ બોલી રહ્યા હતા. પણ સ્વામીશ્રી ક્યાંય જરા સરખો પણ એ કઠણ નિયમો કે સતત સેવાનો બોજ જણાવવા દેવા માગતા નહોતા. એ પણ એમના સરળ પ્રત્યુત્તરો ઉપરથી સ્પષ્ટ થયા વગર રહેતું નથી.

અમેરિકા ખાતે એડિસનમાં સી.એફ.આઈ. મહોત્સવ ખૂબ જ રંગેચંગે ઊજવાયા પછી પણ હરિભક્તોની શ્રદ્ધાને કોઈ વિસામો જડતો નહોતો. દક્ષિણ-પૂર્વનાં સાત રાજ્યોના બનેલા રિજિયનની ઝોનલ સભામાં, હરિભક્તોએ સ્વામીશ્રીને વિનંતી કરી : 'બાપા ! ૭૫મી જયંતી એ વિસ્તારમાં ઊજવો. ત્યાં 'વેધર' સારી હોય છે.'

'અત્યારે તો આખા વિશ્વમાં વેધર બદલાતી રહે છે. આપણે સત્સંગની વેધર સારી રાખવી. કથાવાર્તા, ધર્મનિયમ બરાબર રાખવા. ઓર્લાન્ડોમાં, શાર્લોટમાં આપણે મંદિર કરવાં છે...' સ્વામીશ્રીએ વાતને બીજે રસ્તે વાળી.

પણ હરિભક્તોએ પોતાનો પ્રસ્તાવ ચાલુ રાખ્યો એટલે તેમને અટકાવતાં સ્વામીશ્રી કહે, 'હમણાં રેસ્ટ કરો. હું પણ વૉકિંગ કર્યા પછી ૧૦ મિનિટ રેસ્ટ કરું છું. માટે પછી વિચારીશું...'

પછી કહ્યું, 'જે જે નોકરી-ધંધો છોડીને આવ્યા છે, ભગવાન એ બધાનું સાચવે. હું પૂજામાં રોજ તમારી માળા કરું છું, પ્રાર્થના કરું છું. તમે બધાએ નોકરી-ધંધાનો વિચાર કર્યો નથી. જેમ હનુમાનજીને લંકા મોકલ્યા પણ વિચાર કર્યા વગર ઉપડ્યા. રામનો આદેશ ઝીલી લીધો. એમ તમે બધાએ

કૂદકો જ માર્યો છે. મોટલ ને બીજા બધા ધંધા ડાઉન છે છતાં વિચાર જ કર્યો નથી. ભગવાન બધું સારું કરશે...' સ્વામીશ્રીએ પોતાના માનેલા હરિભક્તોની ચિંતા આ રીતે વ્યક્ત કરતાં અંતરના આશિષ વરસાવ્યા. અને બીજો કોઈ સંકલ્પ ન કરતાં બધા નોકરી-ધંધામાં થાળે પડી જાય એ વ્યથા દૂર કરવા જ આદેશ આપ્યો. ભક્તોને સ્વામીશ્રીને રાજી કરવાનો ઉમંગ કેટલો છે તે એમના આગ્રહ ઉપરથી સમજાય છે. સી.એફ.આઈ.માં લગભગ ૩૬૦૦ જેટલા યુવાન બાઈ-ભાઈએ જાણે કે આંધળુકિયાં કરીને મહોત્સવની સેવામાં ઝંપલાવ્યું હતું. ભાવિનો કોઈ વિચાર જ નહિ ! શું એમની નિષ્ઠા ને શ્રદ્ધાની ઉત્કૃષ્ટતા !

સેવા આપવાની ને લેવાની એમની રીત પણ ન્યારી ! એક વખત ઘનશ્યામચરણ સ્વામીએ સ્વામીશ્રીને ફરિયાદ કરી, 'જ્યારે અમારી કથા કરવાની ઇચ્છા હોય ત્યારે જ આપ મુકાવો છો ને ઇચ્છા ન હોય ત્યારે કરાવો છો.'

'સત્પુરુષનું એવું જ હોય. મનધાર્યું હોય એને ફેરવી જ નાંખે. તૈયાર કર્યું હોય એ ઉથલાવી નાંખે. એમની રીત જ જુદી છે. ધાર્યું હોય એનું જુદું જ કરી નાંખે, પછી સરખું ક્યાંથી રહે ? કેમ ઘનશ્યામ !' ગુણાતીત સંતની જીવને બ્રહ્મરૂપ કરવાની આછી ઝલક સ્વામીશ્રીએ આપી.

તો વળી સેવાની આપણી ભાવનાને પણ સ્વામીશ્રી પ્રસંગોચિત પરિશુદ્ધ કહે છે. સાચી દિશા બતાવે છે. જેથી સેવાનાં મૂલ્યોનું જતન થાય. આપણી દૃઢતા પણ ડગે નહિ. મુંબઈમાં ૧૯૯૧માં ઉત્સવ પ્રસંગે, ડૉ. કારિયા જેઓ અર્પણ બ્લડબૅન્કના મુખ્ય સંચાલક છે અને સ્વેચ્છાએ બ્લડબૅન્ક ચલાવે છે, અને આ કાર્યમાં ઘણો ભોગ આપે છે, તેમને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. તેઓ કહે, 'ગઈ સાલ રક્તબૅન્કમાંથી મફત લોહી આપવામાં અમને દોઢ લાખ રૂપિયાનું નુકસાન થયું...' તુરત એમને અટકાવતાં સ્વામીશ્રી કહે, 'નુકસાન શબ્દ ન વાપરવો. આ તો સેવા છે, એમાં નુકસાન હોય નહિ !' નિઃસ્વાર્થ સેવાભાવનામાં પૈસાનાં લેખાં-જોખાં જોવાય નહિ. એ જણાવતાં સ્વામીશ્રીએ સેવાનો આદર્શ સ્પષ્ટ કર્યો. ડૉ. પીયૂષભાઈ પણ પોતાની ભૂલ સમજાતાં નતમસ્તક થઈ ગયા !

પરમાત્મા સ્વામીશ્રીની આંખો દ્વારા નિરખી રહ્યા હોય પછી એ નજરમાંથી કૃપા સિવાય શું વરસી શકે ? અને પરમાત્મા જ એમના હાથ-

પગ દ્વારા આ ધરતી પર વિચરી રહ્યા હોય તે હાથ-પગમાં લોકસેવાની શ્રદ્ધા સિવાય બીજું શું વસી શકે ?

૭.

સૌને આપે હિત ઉપદેશ

ફોરેસ્ટ ગેટ(યુ.કે.)માં સ્વામીશ્રી એક હરિભક્તને ત્યાં બિરાજ્યા હતા. સામે પરેશ રૂગાણી નામના યુવક બેઠા હતા. પરદેશમાં ઘણા યુવકોને સ્વામીશ્રી સાથે ઘણો સખાભાવ જોવા મળે. કંઈ શુભ વિચાર આવે ને તેઓ તુરત સ્વામીશ્રી સમક્ષ રજૂ કરે. સ્વામીશ્રી પણ તેમને સામે એવા જ ઉમળકાથી પ્રતિભાવ આપતા હોય છે.

પરેશ કહે, 'સ્વામી, બધી જગ્યાએ દર્શન કર્યાં પણ તમારો તો એવો ને એવો જ કેફ છે !'

હસતાં હસતાં સ્વામીશ્રી તેને સંબોધીને કહે, 'તારો પણ એવો ને એવો જ કેફ છે. અમારે તો જ્યાં જઈએ ત્યાં એ જ. હરિભક્તોને કથાવાર્તા કરવાની. બીજું શું ? કથાવાર્તાનો આનંદ છે. દેશમાં કે પરદેશમાં મૂળ આનંદ તો ભગવાનનો જ છે.'

યુવકો નરી આંખે પણ સ્વામીશ્રીની દિવ્ય પ્રતિભા સમજી શકે, માણી શકે એ પણ એક ભાગ્યની - સંસ્કારની વાત છે. જો મોટાપુરુષ સાથે એવું હેત થયું હોય તો જ તે બની શકે છે. અહીં એક યુવક સ્વામીશ્રીની મસ્તીને બિરદાવતા જ્યારે એનું કારણ પૂછે છે ત્યારે સ્વામીશ્રીનો ઉત્તર ઘણું બધું

કહી જાય છે. અમારે ભગવાનનો આનંદ છે અર્થાત્ એમનો મહિમા કહેવો - બીજાને સમજાવવો-દૃઢાવવો, એ માટે જે વાતો કરવી-કથાવાર્તા કરવી એ જ અમારું જીવન છે, એ જ અમારું મિશન છે. મસ્તી પણ એની જ છે.

શ્રીજીમહારાજે તો આ લોકમાં પધારી વાતો કરી, પોતાના સંતનો મહિમા ગાયો, ને ગુણાતીત સંતોએ મહારાજનો જેમ છે એમ મહિમા ગાયો ને પ્રવર્તાવ્યો. એમાં કસર રાખી નહિ. કારણ, એમના વગર પુરુષોત્તમ-નારાયણનો સર્વોપરિ મહિમા કોણ ગાઈ શકે ? એટલે ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા કે 'જેમ વરસાદ વરસે ને ખાડો ટેકરો જુવે નહિ એમ અમે પણ શાસ્ત્રની તંતી કે લોકલાજની પંચાત કર્યા વગર મહારાજનો છડેચોક મહિમા ગાવા માંડ્યો છે. જે સાંભળે ને સમજે તે પાત્ર ને ન સાંભળે ને ન સમજે તે કુપાત્ર.' કારણ, ગુણાતીત સંતની વાતોથી જ જીવના સંશયો છેદાય છે. ગ્રંથિઓ ગળે છે ને શ્રીજીમહારાજની નિષ્ઠા ને ભક્તિ દૃઢ થાય છે.

રાજકોટમાં મંદિર અંગે જમીનની વાતો ચાલતી હતી. નૈરોબીથી હર્ષદ રાણા આવેલા તે પણ તેમાં સામેલ હતા. શારીરિક તકલીફને કારણે તેઓ નીચે બેસી શકતા નહિ, તેથી તેમને બેસવા માટે ખુરશી મૂકી હતી. ગમ્મતી સ્વભાવના તેઓ કહે, 'હવે તો આ આસન જેવું થઈ ગયું. જ્યાં જઈએ ત્યાં રાખવું જ પડે.'

સ્વામીશ્રી પણ હંમેશાં તેમની સાથે ગમ્મત કરી ભળી જતા હોય છે. આજે તેમની સાથે સૂર પૂરાવતાં સ્વામીશ્રી કહે, 'પહેલાં મહારાજના સમયમાં પરમહંસોનાં આસન રહેતાં. ગુણાતીત સ્વામીને આસન જેવું કંઈ જ નહિ. થાંભલાને ટેકે બેસીને વાતો કર્યા કરતા...' એમ કહી બોલ્યા, 'આપણે પણ એવું જ છે. ગુણાતીત આસન ચાલ્યું આવે છે. જ્યાં જઈએ ત્યાં કથાવાર્તા જ કરવાની છે...'

આસન સાથે કથાવાર્તાનો મેળ બેસાડી સ્વામીશ્રીએ કથાવાર્તાને જ આગળ ધરી ! જેમ ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢના સભામંડપમાં કથાવાર્તાનો સોપો પડવા દીધો નહિ, સ્વામી આઠ પુરાણી રાખી અખંડ કથાવાર્તા કરતા-સાંભળતા, એમ સ્વામીશ્રીએ પણ જણાવ્યું કે અમારી પણ એ જ રુચિ છે.

બોચાસણમાં સંતો સ્વામીશ્રીને વીંટળાઈને બેઠા હતા. સ્વામીશ્રી ઠાકોરજીનો પ્રસાદીનો મેવો અંગીકાર કરતા હતા. આજે અહીંના મુકામનો છેલ્લો દિવસ હતો. એટલે જનમંગલ સ્વામીએ ઠાવકાઈથી કહ્યું, 'આપ અહીં

આટલું રહ્યા. અહીં બધું સેટ થઈ ગયું હોય. પછી બીજે જવાનું મન થાય ?'

'કેમ ના થાય ? બધે સેટ થયેલા જ છીએ ને ! થવાનું ક્યાં રહ્યું ?' સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા પછી ધીરેથી કહે, 'જ્યાં જઈએ ત્યાં બધે કથાવાર્તા-ભજન કરવાનાં છે. કથાવાર્તામાં સેટ થયા એટલે સેટ. બાકી રહેવા-કરવામાં ઓછું સેટ થવાનું છે ? અમુક જ સ્થાન કે અમુક જ જગ્યા ફાવે એવી વાત જ નહિ. કથાવાર્તા-સેવા થાય એટલું સુખ - એ જ સેટ થયા, સમજ્યા ? સંતોએ કહ્યું છે ને કે 'ભજ ભગવાન માન તજ ભાઈ...'

કથાવાર્તા ને સત્સંગ-સેવા, હરિભક્તોની સેવા એ જ સ્વામીશ્રીનું જીવન છે, એ જ એમને પૂર્ણપણે ભાવી ગયું છે. બાહ્ય વાતાવરણ કે સગવડો સામે એમની દૃષ્ટિ નથી. એકમાત્ર શ્રીજીમહારાજની આજ્ઞા ને ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજનાં કાર્ય સામે જેની દૃષ્ટિ હોય તે જ આ રીતે સારધાર વર્તી શકે. બીજા તો સહેજે જ ચલિત થઈ જ ને દેહની સુખ-સગવડતા ઉપર થોડીઘણી તો નજર રહે જ.

સ્વામીશ્રી ન્યૂયોર્ક મંદિરમાં સાયંભ્રમણ કરી રહ્યા હતા એટલામાં ન્યૂજર્સીથી સંતોનાં મંડળો આવવા લાગ્યાં. સૌ પ્રથમ સર્વમંગલ સ્વામી આવી પહોંચ્યા. સ્વામીશ્રીનાં દર્શનના આનંદમાં તેઓ હાંફળા ફાંફળા થઈ ગયા. સ્વામીશ્રી પણ તેમને જોઈને એકદમ હરખાતાં બોલ્યા, 'લ્યો, તમે તો વહેલા (પહેલા) આવી ગયા.'

'શિક્ષાપત્રીનું પારાયણ ચાલે છે એનો લાભ લેવા આવ્યા.' સર્વમંગલ સ્વામીએ મનની ઇચ્છા જણાવી ત્યાં જ સ્વામીશ્રી બોલી ઊઠ્યા, 'મારે પણ એ જ કરાવવું છે, તમને બધાને કથાવાર્તાના પાસ લગાડવા છે.'

વાતવાતમાં પોતાની રુચિ જણાવવાની પણ સ્વામીશ્રીની એક અલૌકિક રીત હોય છે. જેમ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે હું ક્યારેય સીધું ન કહું, પણ ઇતિહાસમાં કે કોઈને મિષે કહી દઉં. સમય સમયના સ્વામીશ્રીનાં આવાં સચોટ વચનોથી જ સંતોને ખૂબ પ્રેરણા ને બળ મળે છે.

રાજકોટમાં ભોજન સમયે યોગીજી મહારાજનું જીવન ચરિત્ર વંચાતું હતું. એમાં વાત આવી - 'ચરણરજ થઈને રહેવું...' એ સાંભળતાં સ્વામીશ્રી જમતાં જમતાં બોલ્યા, 'સૌ ચરણરજ માગે ખરા પણ કોઈ ચરણરજ થઈને રહેતા નથી. બોલવામાં વાંધો નથી. વર્તવામાં ખામી છે.

'કહેણી મીસરી ખાંડ હૈ, રહેણી તાતા લોહ;
કહેણી કહે ને રહેણી રહે, એવા વીરલા કોક.'

'આપણે એવું થવું. આ તો માત્ર બોલે પણ ઊલટાની એની રજ આપણા ઉપર ચઢાવતા હોય...'

જમતાં જમતાં પણ સ્વામીશ્રી બહુ એકાગ્રતાથી સાંભળતા હોય છે અને મુદ્દાની વાત ચૂકતા નથી. જ્યાં પોતાને ભાર દેવો હોય તે મુદ્દો પકડી લે છે ને સારી એવી છણાવટ તેના ઉપર કરે છે. ત્યારે આપણને ખ્યાલ આવે કે સ્વામીશ્રીનું જમવામાં જરા પણ ધ્યાન નથી, સૂરત તો કથાવાર્તા રૂપી મહારાજની મૂરત ઉપર જ છે. આગળ સ્વામીશ્રી કહે, 'જીવનચરિત્રમાં અદ્‌ભુત ખજાનો ભર્યો છે. ડગલે ને પગલે એક જ વાત આવે છે. દાસ રહેવું. સહન કરવું. આ બધું જીવમાં ઊતરે તો બેડો પાર. આ શબ્દોનું અખંડ જાણપણું રહે તો કામ થઈ જાય. સોય કેડે દોરો સોંસરો ચાલ્યો આવે એમ જોગીબાપાનો સિદ્ધાંત ચાલ્યો જ આવે છે...'

કૃષ્ણવલ્લભ સ્વામી આગ્રહ કરી પીરસતા હતા. તેમને સંબોધીને કહે, 'બસ હવે !'

'વાતો જ કરી છે, ખાધું છે ક્યાં ?' તેઓએ આગ્રહ ચાલુ રાખ્યો.

'વાતોમાં જે મજા છે એવી ખાવામાં ન આવે.' સ્વામીશ્રીએ હળવાશથી પોતાની 'મજા'ની વ્યાખ્યા કરી. કારણ, બીજું બધું એમને મન સજા જેવું જ છે. કથા-કીર્તન-ભક્તિમાં જ રાતદિવસ તેમની મસ્તી રહ્યા કરતી હોય ત્યારે ભોજન તો માત્ર 'કોઠીમાં દાણા ભર્યા' બરાબર જ હોય ને !

'રામ અમલ મતવારે' આ પંક્તિઓ સ્વામીશ્રીના વ્યક્તિત્વનું અભિન્ન અંગ બની હોય તેવા દૃશ્યો સાથે રહેનારને સહજ-સરળતાથી માણવા મળતા હોય છે. ઉપદેશની રુચિ, ઉપદેશનું આચરણ અને ઉપદેશની વેધકતા ત્રણેનો સંગમ એ જ સ્વામીશ્રીનું વ્યક્તિત્વ.

૮.

નિર્લેપ, નિર્દોષ, નિષ્પાપ

સ્વામીશ્રી મુંબઈમાં બિરાજમાન હતા. અહીં રોજ સવારે પ્રાત:પૂજા પછી ઉકાળો લેતાં પહેલાં સ્વામીશ્રી આમળાનો રસ પીતા હતા. આ રસ મોકલનાર ભાઈ આજે દર્શને આવ્યા હતા. તેઓ કહે, 'આમળા એટલી ગુણકારી વસ્તુ છે કે ચ્યવન (ઋષિ) એનાથી જ યુવાન થયા હતા.'

'અમારે કાંઈ જુવાનીમાં પાછું જવું નથી. એમાં લપ બહુ. સારી સેવા થાય, એટલું થાય એ ઘણું છે.' સ્વામીશ્રીએ પોતાનો અભિપ્રાય દર્શાવ્યો. બીજાના ભલા માટે સતત પ્રવૃત્તિશીલ રહેતા સ્વામીશ્રી શારીરિક મુશ્કેલીને લીધે પરોપકારનાં એ કાર્યમાં થોડી પણ રુકાવટ આવે એ સાંખી શકે એમ નથી. એટલા પૂરતું જ નિરોગિતા રહે ને સેવા થાય એ જ એમની ઇચ્છા રહ્યા કરતી હોય છે...

એકવાર લંડનમાં બપોરના સમયે સ્વામીશ્રી ઠાકોરજી જમાડતા હતા. સંતોએ કેટલીક બાલ્યકાળની વાતો પૂછી. તેમાં પણ એવો જ સૂર નીકળ્યો. વાતવાતમાં સ્વામીશ્રી કહે, 'મારું શરીર વધે એટલે નાનપણમાં ઘરનાં સૌ મને દૂધ પીવાનો બહુ આગ્રહ કરે. ઘરે બે ભેંસો રાખતા. તેથી દૂધ પીવડાવે. પણ મને દૂધ પહેલેથી જ ભાવે નહિ.'

સંપ્રદાયમાં જૂના સંતોની કેટલીક વિશિષ્ટ રીતો ઉપર વાત ચાલી. જૂના સંતો હંમેશાં પ્રસાદ રાખે ને નાનાં બાળકો તથા હરિભક્તોને પ્રસંગોપાત્ત વહેંચે. પ્રસાદીનો કણ પેટમાં પડ્યો હશે તો કૂકડો થઈને બોલશે એવી સૌની જૂની પણ દૃઢ માન્યતા. તેના અનુસંધાનમાં સ્વામીશ્રી કહે, 'અમે પણ બહુ પ્રસાદી ખાધી હતી. હું નિશાળેથી મંદિરે આવું ને સંતો લાડુ રાખી મૂકે. લાડુ હોય, માલપૂઆ હોય તે બાલમુકુંદ સ્વામી, ઘનશ્યામ સ્વામી કે મોટા અક્ષર સ્વામી તે રાખી મૂકે. હું જાઉં એટલે મને આપે. સવારે નવ વાગ્યે નિશાળે જવાનું એટલે સાંજે દર્શન કરવા જઈએ. ઘરે કાયદો કે દર્શન ન કરે તો જમવા ન મળે. એ કાયદો. સવારે સમય ન મળે એટલે સાંજે જતો... જમાડવામાં, પ્રસાદી આપવામાં યોગીબાપાનો હાથ બહુ છૂટો...'

'બાપા, આપની તબિયત પહેલેથી કેવી ?' કોઈએ પ્રશ્ન પૂછ્યો.

'૧૯૫૩માં પહેલી યાત્રાની ટ્રેન કાઢેલી પછી ખોરાક વ્યવસ્થિત લેતો થયો, ત્યાં સુધી શરીર તો સારું પણ પછી થોડું વધતું રહ્યું.'

'પહેલાં ક્યારેય બીમાર થયેલા ?'

'સાધુ થવા આવ્યો પછી કમળો થઈ ગયો હતો... ભાદરણ ભણતા ત્યારે બીમાર થઈ ગયેલો અને વૈદ્યની દવા ચાલતી. પછી એકવાર અટલાદરા કારખાનું ચાલતું ત્યારે છ-સાત દા'ડા ઝાડા થઈ ગયેલા. શાસ્ત્રીજી મહારાજ ધામમાં ગયા પછી શરીર સારું થયું તે એકધારું સારું રહ્યું, તે ૧૯૭૭માં બગડ્યું. સામાન્ય તાવ જેવું આવી જાય પણ બીજું વધુ નહિ.' સ્વામીશ્રીએ જૂની જૂની વાતો કાઢી એકંદરે પોતાના સ્વાસ્થ્યની નિરામયતાનું સુપેરે વર્ણન કર્યું.

આવા જ એક પ્રસંગે એક બાળકે સ્વામીશ્રી સમક્ષ યોગીજી મહારાજની એક વાત કરી. એના અનુસંધાનમાં સ્વામીશ્રીને પૂછ્યું, 'યોગીજી મહારાજને તરતાં આવડતું ?'

'બાપાને તરતાં ન'તું આવડતું. શાસ્ત્રીજી મહારાજને પણ ન'તું આવડતું.'

'બાપા ! આપને ?' સંતોએ પૂછ્યું.

'મને તો નાનપણથી જ આવડતું. તળાવમાં નાહતા.'

'તમે ક્યારેય શાસ્ત્રીજી મહારાજને તરવા લઈ જતા નહિ ?'

'અમે આવ્યા ત્યારે તો શાસ્ત્રીજી મહારાજની ઉંમર ૭૬ વર્ષની હતી અને હું બહુ નાનો(૧૮ વર્ષ) ઉંમરનો બહુ તફાવત... વૈતરણી (રઢુ) વગેરે નદી ઊતરતા ત્યારે શાસ્ત્રીજી મહારાજને છાબડામાં બેસાડીને બે જણા

ઊંચકે ને સામે પાર ઊતરતા. બાકી તરતાં આવડતું હોય તો દોરડું ઝાલીને ઊતરી જાય...'

ન્યૂયોર્કમાં એક બપોરે આરામમાં જતી વખતે સ્વામીશ્રીએ ઘડિયાળમાં જોયું તો ૨-૧૭ થઈ હતી. સ્વામીશ્રી ચમક્યા. કારણ, એમણે બહાર ઘડિયાળ જોઈ રાખી હતી. આ ઘડિયાળ આગળ કેમ ?

પણ સ્વામીશ્રી કાંઈ પૂછે તે પહેલાં નારાયણચરણ સ્વામી કહે, 'એ તો મારું ઘડિયાળ છે. વહેલા ઉઠાય તે માટે ૧૫ મિનિટ આગળ મૂક્યું છે.'

'મને સૂવાનું વહેલું-મોડું થાય એનો વાંધો નથી પણ ઊઠવાનો ખૂબ ખટકો રહે.' સ્વામીશ્રીએ સહેજે જ પોતાની જીવનભાવના જણાવી. જનકલ્યાણ અર્થે વિચરતા સ્વામીશ્રી પોતાની પરમાર્થભાવનામાં કેટલા સજાગ છે તે આ શબ્દો ઉપરથી જણાઈ આવે છે. કારણ, ગામોગામ વિચરણમાં રાત્રે મોડે સુધી સત્સંગસભાઓ ચાલતી હોય. ગામડાંના માણસો રાત્રે જ નવરા પડે ને સત્સંગનો લાભ લઈ શકે. તેઓ તો જો કે સવારે મોડા ઊઠવા જ ટેવાયેલા હોય. પણ સ્વામીશ્રી તેમને માટે જ રાત્રે ૧૨ સુધી પણ સત્સંગલાભ આપતા. શહેરોમાં કે મંદિરોમાં વિચરતા હોય ત્યારે મોડી રાત સુધી ટપાલ લખતા કે વાંચતા હોય અગર સંતો-હરિભક્તો સાથે આયોજનની મિટિંગો ચાલતી હોય. મોડી રાત્રે પણ સ્વામીશ્રી વાર્તાલાપમાં કે ચર્ચામાં ખૂબ જ જાગૃત જણાય. ચર્ચાના નાનામાં નાના મુદ્દાને પણ તેઓ અવગણે નહિ. ક્યારેક તો કેટલીક ગૂંચોમાં એવું તો માર્ગદર્શન આપે કે ગમે તેવો પ્રશ્ન હોય પણ સ્વામીશ્રી એના મૂળ સુધી ઊંડા ઊતરી ઓતપ્રોત થઈ જાય. પ્રશ્નોના પરિપ્રેક્ષ્યમાં આજુબાજુના નાના નાના મુદ્દાઓ પણ ખ્યાલમાં રાખી ન કલ્પેલો રસ્તો કે ઉકેલ શોધી આપે.

એકવાર સ્વામીશ્રી ભાદરણમાં બિરાજમાન હતા. વાતવાતમાં સ્વામીશ્રી કહે, 'આ ભાદરણ તો સુવાંગ અમારું છે...'

'તમે અહીં ઝોળી માંગવા જતા ?' જનમંગલ સ્વામીએ પૂછ્યું.

'હા.'

'ઝોળી કોણ રાખે ? તમે કે છોકરાઓ ?'

'તે દા'ડે તો બીજું કોણ હોય ? અમે જ રાખતા. છોકરાઓમાં આ મધુભાઈ ને હરિભાઈ એ બધા ભેગા આવે. અમે આહ્‌લેક જગાવીએ એટલે ઘર આગળ જઈને એ બધા લઈ આવે. ચાર-પાંચ મણ અનાજ ઝોળીમાં આવી જાય. અહીં ઝોળી સારી થતી. ખંભાતને નારમાં તો કેટલું માંગીએ

ત્યારે માંડ અમારું પૂરું થાય. તે દા'ડે કોણ આપે ? ખોડાભાઈ ને ધનેશ્વર એ બધા ૫-૭ રૂપિયાની નોકરીવાળા. પંદર દા'ડે માંગીએ. પૂરું ન થાય તો તારાપુર જઈએ.' સ્વામીશ્રીએ વિગતે જૂની જૂની વાતો કરી.

'તમને શરમ ન'તી આવતી ?' સંતોએ પૂછ્યું.

'શરમ શેની ? ઝોળી તો બધા માંગતા જ હતા ને !'

'ઝોળી બંધ ક્યારથી થઈ ?' સંતોએ પૂછ્યું.

'જોગીબાપાના વખતમાં બંધ થયું. જોગીબાપા પછી એક ઉત્તરાયણનો આગ્રહ બહુ રાખતા...' સ્વામીશ્રીએ જણાવ્યું.

સ્વામીશ્રીએ અટલાદરા મંદિરેથી વિદાય લીધી. વડોદરા શહેરમાંથી પસાર થતા મોટરચાલક ઇન્દ્રવદન કહે, 'આપ નાના હશો ત્યારે અહીં વડોદરા ફરવા બહુ આવતા હશો.

'તે વખતે ઘરની બહાર જવાનું થાય જ નહિ. અહીં પ્રતાપસિંહનો રાજ્યાભિષેક થયો ત્યારે કાશી વિશ્વનાથ મંદિર આગળ ઊભા રહીને સવારી જોઈ હતી. બહુ ભવ્ય હતી...' સ્વામીશ્રીએ જૂની સ્મૃતિ કરી.

'તે વખતે આપને થયું હશે કે આવી સવારીઓ તો ભવિષ્યમાં આપણી પણ નીકળશે...' ઇન્દ્રવદનથી એકાએક પુછાઈ ગયું.

'એ દા'ડે તો આપણને કોણ જાણતું'તું. અહીં સવારી જોવા આવ્યા ત્યારે માંડ માંડ ઊભા રહેવાની જગ્યા મળતી હતી. રોડ ઉપર તો ઊભા જ ના રહેવા દે...' સ્વામીશ્રીએ હસતાં હસતાં જણાવ્યું. રાજમહેલ રોડ પૂરો થતાં સુધી આ બધી વાતો ચાલી. પછી સ્વામીશ્રીએ પત્રવાંચન શરૂ કર્યું.

પ્રશસ્તિમાં નિર્લેપ, વર્તન અને વલણમાં નિર્દોષ અને ભૂતકાળના અસંખ્ય પ્રસંગોમાં જેઓ સદા નિષ્પાપ હોય એ વિરલતા સ્વામીશ્રીની સરળતામાં ડૂબી જાય છે. એમના વ્યક્તિત્વના આ ત્રણે મોતીઓ કોઈ મરજીવો થઈને આત્મબુદ્ધિ કરે તો તરત જ પ્રાપ્ત થઈ શકે, તે વિના તો કદાપિ નહીં....

૮.

સમર્થ સત્યવાદી સરેશ

સ્વામીશ્રી અટલાદરામાં બિરાજમાન હતા. નારાયણમુનિ સ્વામી કહે, 'આજે પત્ર લખવાનો સમય ન મળ્યો.'

'પૂરી વંચાઈ જ નથી, ત્યાં લખવાની ક્યાં વાત ? આજે મને એમ કે કોઈ મળનારું નથી એટલે આમને (ધર્મચરણ સ્વામી) કીધું : 'ટપાલ લાવો.' પણ ત્યાં તો મળવાનું શરૂ થયું તે સવાદસે માંડ છૂટ્યા. ટપાલ અદ્ધરતાલ વાંચવી પડે. હમણાં મેં એક કાગળ લીધો તે દસ વાર લીધો ને દસ વાર મૂક્યો. કો'ક ને કો'ક આવે જ રાખે. કાગળ હાથમાં લઉં ને તરત બારણું ઊઘડે. બધાને એમ કે મંઈ નવરા બેઠા હશે.' સ્વામીશ્રીએ કાગળપુરાણની કંગાળ પરિસ્થિતિ વર્ણવી.

'આવું બને ત્યારે મળનારા પર કંટાળો આવે કે ટપાલ પર ?' નારાયણમુનિ સ્વામીએ પૂછ્યું.

'કંટાળો કોઈ ઉપર ન આવે. પણ ટાઈમ વગર આવે એણે સમજવું જોઈએ. સવારે મળી શકાય એવું હોય તો અત્યારે શી જરૂર ? લાવનારે પણ સમજવું જોઈએ.' સ્વામીશ્રીએ પોતાની મુશ્કેલી વર્ણવી. બાકી એ તો સૌને મળવા જ બેઠા છે. કોઈને ટપાલથી મળે કે કોઈને પ્રત્યક્ષ. દરેકને મળીને

એમના પ્રશ્નો હલ કરવાના છે. આશ્વાસન-હૂંફ આપવાના છે. પણ ટપાલનું કામ જ્યારે બહુ ચઢી જાય ને સમયસર (રોજેરોજ) તેનો નિકાલ ન થાય તો તે ભારણ કાયમ ખટક્યા કરે ને પૂરું થાય ત્યારે જ સંતોષ થાય. આવી કંઈક ગડમથલ સ્વામીશ્રીને હંમેશાં રહેતી હોય છે.

વિદ્યાનગરમાં સ્વામીશ્રી પ્રાતઃવિધિથી પરવારી ઠાકોરજીનાં દર્શન કરવા જઈ રહ્યા હતા. તે વખતે આણંદના બાબુભાઈનો પૌત્ર હાથમાં તલવાર લઈને છડીદાર બની આગળ ચાલવા લાગ્યો. એને જોતા જ લાંબો હાથ કરી તેને અટકાવતાં સ્વામીશ્રી તેને કહે, 'તું ત્યાં ને ત્યાં જ ઊભો રહે. સાધુની સાથે તલવાર શોભે જ નહિ.'

માર્કંડભાઈ પટેલનો ચિ. પાર્થેશ મુંબઈની આગળ પડતી શાળામાં અભ્યાસ કરે છે. સ્વામીશ્રી અને સંતોની પ્રેરણાથી એણે નિત્યપૂજા શરૂ કરી હતી, ને તિલક ચાંદલો પણ ઉમંગથી કરતો હતો. એ જ રીતે શાળામાં જવાનું પણ શરૂ કર્યું. બે-ત્રણ દિવસ પછી શાળાના સંચાલકે તેને મનાઈ કરી કે તારે તિલક કરવું નહિ. કાલે ઊઠીને મુસલમાન નમાજ પઢે તો અમારે તેને કઈ રીતે રોકવો ?

આ વાત સાંભળી સ્વામીશ્રી ઘણા નારાજ થયા. ને કહે, 'બધા અમથા. બાળકો તિલક કરતા હોય એમાં શું વાંધો આવવાનો છે ? આરતી-પૂજા કરતા હોય તો બરાબર છે. લોકસભાના સ્પીકર આયંગર પાર્લામેન્ટમાં તિલક કરીને જતા. એમને કાંઈ વાંધો ન હતો. ને અહીં શું થઈ જવાનું છે ? લોકો અમથા ડાહ્યા થાય છે. નમાજને ને આને શું લેવાદેવા છે ?'

આપણા જ દેશમાં, આપણું ગુલામીભર્યું ને ધર્મવિમુખ માનસ સ્વામીશ્રીને ખરેખર ખિન્ન કરે છે. બાળમાનસ ઉપર જ્યારે સારા સંસ્કારોનું આરોહણ થઈ રહ્યું છે ત્યારે સમાજથી ડરતા હિંદુ-અસ્મિતાશૂન્ય આવા આગેવાનો સમાજની જે કુસેવા કરે છે તે અત્યંત શોચનીય છે.

પલિયડમાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે પણ આવા જ પરિપ્રેક્ષ્યમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા હતા, 'આજે તો તીર્થો પણ અપવિત્ર કરી નાંખ્યાં છે. અમે બદરિનાથ ગયા હતા ત્યાં પણ માંસ વેચાતું હતું. મંત્રી સાહેબ અહીં બેઠા છે તેમને વિનંતી કરી છે કે દ્વારકા ને સોમનાથમાં મત્સ્ય ઉદ્યોગ ચાલે છે તે બંધ કરાવે. સરકારની આ કેટલી અધોગતિ છે ! તીર્થોને તો પવિત્ર રાખો. આવા પૈસાથી પ્રજાને સુખી નહિ કરી શકાય. નીતિથી કમાયેલું ધન જ શાંતિ આપી શકે. પુરુષાર્થથી કમાયા હઈશું એ દ્રવ્ય

આપણને ને બીજાને સુખી કરશે.'

અટલાદરામાં સ્વામીશ્રી સવારે ઉકાળા-પાણી કરી રહ્યા હતા. સુરેશભાઈના દીકરા ઘનશ્યામે આજે જનોઈ ધારણ કરી હતી. એ ભણવામાં હોશિયાર છે ને પોતાની સ્કૂલમાં જી.એસ. બન્યો છે એ વાત જાણી સ્વામીશ્રી એકદમ અકળાઈ ગયા, ને કહે, 'સ્કૂલમાં વળી જી.એસ.ની શી જરૂર ? અત્યારથી છોકરાઓએ બનાવટ કરવાની, સાચુંખોટું શીખવાનું. મારામારી કરી ચૂંટણીમાં કેમ જીતવું એ શીખવાનું. ટંટો ને બખેડા શરૂ થઈ જાય.'

'લોકશાહીનું પાયાનું શિક્ષણ મળે છે ને !' સુરેશભાઈ બોલ્યા.

'પાયા-બાયા કાંઈ નહિ. આ તો બધા પાયા ખસી ગયા છે. મારકૂટ કરીને ચૂંટણી જીતવાની, ત્યાં લોકશાહી ક્યાં આવી ? અહીં એવું કરીને જીતે પછી ત્યાં પણ એ જ કરવાનું ને ! આ જ દુઃખ છે. શિક્ષણમાં લોકશાહીની શી જરૂર છે ? ધર્મસ્થાનોમાંય ચૂંટણી શું કામની ? ભગવાન ભજવા છે ને સેવા કરવી છે એમાં હોદ્દાની શું જરૂર પડે ?'

મૂળથી જ બાળકોને કાવાદાવા ને ખટપટ શીખવાડતી આ બધી રાજકીય રીતરસમોને શિક્ષણમાં દાખલ કરવાથી જે નતીજો આવવાનો છે, એની જ અકળામણ સ્વામીશ્રીના શબ્દોમાં જણાઈ રહી હતી.

બોચાસણમાં સ્વામીશ્રી ભોજન લઈ રહ્યા હતા. તે વખતે ખંભાત-બદલપુર-પેટલાદ ક્ષેત્રના કાર્યકરોની મિટિંગ સ્વામીશ્રીની હાજરીમાં ગોઠવી હતી. ભોજનના સમયે પણ સ્વામીશ્રી કાર્યકર્તાઓને આ રીતે મળી લે ને તેમનો તેમજ તેમનાં કાર્યનો પરિચય મેળવી આશીર્વાદ વરસાવી રહ્યા હતા. ગુણનિધિ સ્વામી અને આત્મવિહારી સ્વામી દરેકનો પરિચય આપતા હતા. એક-એક કાર્યકરનું સમર્પણ એ જીવનપરિવર્તનની ગાથા સમાન હતું. આ બધી વાતો સાંભળી સ્વામીશ્રીએ ભોજન બાદ સૌને ખૂબ ભાવથી મેસૂબનો પ્રસાદ વહેંચ્યો, ને ફરી આશીર્વાદ આપતાં કહે, 'આપ બધાનો ભોગ(સમર્પણ) ખૂબ છે. જોગીબાપા માટે સેવા કરો છો તો એ અનંતગણા રાજી થશે. ગામેગામ તમારા જેવા કાર્યકરો ઊભા થવા જોઈએ. તો જ મંડળ જાગતું રહેશે. આપની વાત સાંભળી અમે રાજી થયા. સત્સંગનું કાર્ય કદાચિત્ ઓછું વધુ થાય (સફળતા ઓછી મળે) પણ થાકવું નહિ.'

વળી, એક વખત કલકત્તામાં સ્વામીશ્રી બિરાજમાન હતા. અહીં કાર્યકર શિબિર માટે તેમના કેટલાક પ્રશ્નોના સ્વામીશ્રીએ સુંદર ઉત્તરો આપ્યા. દૂર-

દેશમાં (ગુજરાત બહાર) કાર્યકર્તાઓની કેટલીક વિશિષ્ટ મુશ્કેલી હોય, તેનો ઉકેલ સ્વામીશ્રી પાસેથી જ મળે તો વધુ સુગમતા રહે ને કામ કરવાનું બળ પણ જળવાઈ રહે, એવી કાર્યકર્તાઓની ઇચ્છા સ્વામીશ્રીએ પૂર્ણ કરી. સ્વામીશ્રીએ આપેલા ઉત્તરોનું રેકોર્ડિંગ પણ કરાયું, જેથી એમની એ વાણી સદાયે કાનોમાં ગૂંજતી રહે. આ સમયે એકાએક સ્વામીશ્રીએ પોતાની એક મનની વાત જણાવતાં સામેથી કહ્યું, 'પત્રકારોને ઇન્ટરવ્યૂ આપવો ને બહારની (સંસ્થાઓની ઔપચારિક) જાહેર સભાઓમાં જવું આ બે વાતમાં મને સહેજે ય રુચિ નથી.' પોતાના કાર્યકર્તાના પ્રશ્નોનું સમાધાન કરવા સદા તત્પર છે. કારણ, તેમાં મુમુક્ષુતા છે, જિજ્ઞાસા છે ને સાચા માર્ગદર્શનની અપેક્ષા છે.

★

જીવનમાં ચોકસાઈ રાખવા અંગે એકવાર સૌને સરસ પ્રેરણા મળી. ગોંડલમાં ઠંડીના દિવસો હતા. ઓરડામાં હીટર ચાલુ હતાં. કૃષ્ણવલ્લભ સ્વામી તેની નજીક બેઠા હતા. તે જોઈ સ્વામીશ્રી કહે, 'ગામડાંમાં શિયાળામાં ફળિયા વચ્ચે જ તાપણું કરે, ફરતા વીંટળાઈને સૌ બેસે; કોઈ તાપે, કોઈ દાતણ કરે...'

'આપ એ રીતે દાતણ કરતા હશો ?' સેવકે પૂછ્યું.

'કર્યું જ હોય ને.'

'બહુ ઠંડી હોય તો ખસવાનું મન ન થાય, ત્યારે આખું દાતણ પૂરું થઈ જતું હશે, કેમ ?'

'પહેલેથી એવી ખોટી આદત નહિ. ટાઈમ ટુ ટાઈમ બધું થાય. ટાઈમ થાય એટલે પતી જાય. ટાઈમ વેસ્ટ કરવો એવું પહેલેથી જ નહિ. દાતણમાં કલાક કાઢવાનો નહિ...' આમ કહેતાં સ્વામીશ્રીએ નાની નાની વાતમાં પણ પોતાની ચોકસાઈ વિશે જણાવ્યું, અને વ્યર્થ કાળ નિર્ગમન કરવો નહિ એવો આદેશ પણ આપી દીધો.

સમાજની કોઈપણ વ્યક્તિને – ખાસ તો સામાજિક કાર્યમાં જોડાયેલી હોય તેને તેમજ સત્સંગકાર્યમાં પણ સેવા આપતા કાર્યકરોને સ્વામીશ્રી પ્રસંગોચિત્ સુંદર ટકોર કરે. તેમ સંતોને પણ પોતાના વૃત્તાંતથી સારી શીખ આપે. તે આવા અનેક પ્રસંગોમાંથી જોવા મળે છે.

એકવાર સર્વમંગલ સ્વામીએ નિખાલસભાવે સ્વામીશ્રીને કહ્યું, 'બાપા ! અમારી નાનીમોટી ખોટ હોય અગર કોઈ અમારો વીક પોઈન્ટ આપને

લાગતો હોય, એ અંગે અમને ટકોર કરવાની આપના અંતરમાં ઇચ્છા રહેતી હોય એ કહો.'

સ્વામીશ્રી કહેવા લાગ્યા : 'આપણે જે કરવા આવ્યા છીએ એ પહેલાં કરવું જ જોઈએ. કથાવાર્તા, ભજન-ભક્તિ એ આપણો બેઇઝ છે. સંપ પણ જરૂરી છે. ભૂલો દરેકની થાય પણ એ ભૂલવી. કદાચિત્ ધારણાં-પારણાં વગેરે ઓછુંવત્તું થાય એ સમજાય પણ સાધુનો માર્ગ પાકો જોઈએ. નિયમધર્મ, ધન-સ્ત્રીનો ત્યાગ - એમાં શિથિલતા ન આવવી જોઈએ...'

'સંપ હોય તો મહિમા રહે, 'લેટ ગો' થાય. અને કથાવાર્તાનું અંગ ન હોય તો શબ્દો લાગી જાય, અભાવ આવે. સાધુના જીવનમાં આટલું ન હોય તો શોભે નહિ.'

સંતોના જીવનમાં અત્યંત આવશ્યક એવો સાધુતાનો માર્ગ સ્વામીશ્રીએ બતાવી દીધો. પોતાને શું ગમે છે ને શું કરાવવાનું તાન છે તે પણ સંતોને સમજાવી દીધું.

સંતો ગામોગામ વિચરણ કરે તેમાંથી કોઈનું સૂચન આવ્યું કે ગાડીમાં ટેપરેકર્ડર હોય તો સારું. કલાકો સુધીની મુસાફરી હોય તો સહેજે ભજન-કીર્તન-પ્રવચન સાંભળતાં-સાંભળતાં મુસાફરી થાય.

'એના કરતાં આપણે જ રેકર્ડર બની જાવ ને !' સ્વામીશ્રીએ વચ્ચે જ સૂચન કર્યું અને કહેવા લાગ્યા કે 'સાધન વસાવીએ ને પછી એ બગડે એટલે કોઈ ભાવ ન પૂછે. નાખે એક બાજુ. એના કરતાં મોઢેથી કીર્તન બોલો ને !' માનવસહજ નબળાઈનું ને બેદરકારીનું સહજ કારણ આપતા સ્વામીશ્રીએ સંતોના મનોરથને માંડવાળ કરીને, સાદગીભર્યો સાધુતાનો માર્ગ સાચવવા ઉપર જ ભાર મૂક્યો.

બોચાસણમાં સ્વામીશ્રી એકવાર ઠાકોરજી જમાડી રહ્યા હતા. ત્યારે દર્શન કરતા સામે બેઠેલા મૂળ મહેળાવના પણ આણંદમાં રહેતા રમણભાઈએ સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો કે 'બાપા ! આપની નાની મોટી આજ્ઞા પાળવાનો પ્રયત્ન કરીએ જ છીએ, પણ એવી કોઈ સર્વોપરિ આજ્ઞા છે જે પાળવાથી આપના અંતરનો રાજીપો મળે ?'

'નિજાત્માનં બ્રહ્મરૂપમ્...' એક ક્ષણના પણ વિલંબ વગર સ્વામીશ્રી જમતાં જમતાં જ એકદમ બોલી ઊઠ્યા, ને પછી કહે, 'આ આજ્ઞા દૃઢ પળાય એટલે પરમ સુખિયા. કોઈ બોલાવે, કોઈ ન બોલાવે, માન-અપમાન કશું જ લાગે નહિ. આ આજ્ઞા અમારે ને તમારે, બધાને માટે છે. આ એક જ આજ્ઞા

સર્વોપરી છે.'

એવી જ રીતે કામપ્રસંગે મુંબઈ આવેલા ઉત્તમચરિત સ્વામી આજે સારંગપુર પાછા જઈ રહ્યા હતા. તેઓ પહેલીવાર મુંબઈ આવેલા. એટલે રજા આપતાં સ્વામીશ્રીને સહેજે યાદ આવ્યું, તેથી કહે, 'કાલે ચોપાટી ને બધે ફરી આવ્યા હોત તો !'

'બાપા ! આપનાં દર્શન થયાં એમાં બધું જ આવી ગયું.' એમણે સહજભાવે કહ્યું.

એકદમ રાજીપો વરસાવતાં સ્વામીશ્રી કહે, 'બસ, તમને સંતોષ થયો એ સારું. ખરું ફળ એ જ છે. જોવા જેવા ભગવાન ને સંત બે જ છે. આ જ્ઞાન પાકું રાખવું. સહેજે જોવા મળે તો ઠીક પણ એના માટે દોડાદોડ ન કરવી. જેટલું ના જોવાય એટલું સારું. પાછું એ બધું મંઈ પેસે તો ભજનમાં વિક્ષેપ થાય. સંકલ્પ-વિકલ્પ થયા કરે. ભગવાન ને સંતને સંભારવા તે જેવું એકેય નહિ.'

મુંબઈમાં મુલાકાત દરમ્યાન એક હરિભક્તે પોતાની મૂંઝવણ રજૂ કરતાં સ્વામીશ્રીને પૂછ્યું, 'મારી પત્નીને બાળક થતું નથી. ઘરેથી બીજું લગ્ન કરવા આગ્રહ કરે છે. કરવું કે કેમ ?'

'ન જ કરવું.' સ્વામીશ્રીએ દૃઢતાથી જણાવ્યું, 'એ વિચાર જ ન કરવો. જેમ છે તેમ નભાવવું. બીજું કરો એમાં ઝઘડા થાય.'

'બાળક દત્તક લેવું ?'

'ના, તે પણ નહિ. એના કરતા ગરીબ, અનાથ બાળકોની સેવા કરવી. ભગવાન સારું કરશે.' સ્વામીશ્રીએ અત્યંત વ્યવહારુ ને નિર્વિઘ્ન રસ્તો બતાવ્યો, જેમાં આધ્યાત્મિક ઉન્નતિની પણ રખેવાળી કરી.

આમ, સમાજના અનેક સ્તરના ભાવુકોને સમયે સમયે સચોટ માર્ગદર્શન પૂરું પાડતા હોય ત્યારે એમની રુચિ-એમનો અભિપ્રાય પણ સહેજે છતો થઈ જતો હોય છે. જેમાં એમનું માર્ગદર્શન કેટલું અધ્યાત્મમૂલક છે તેનો પણ પરિચય મળે છે. ત્યારે સમજાય કે સ્વામીશ્રી પ્રેયસ્ સાથે શ્રેયસ્‌ના પણ જબરજસ્ત પુરસ્કર્તા છે.

મુંબઈમાં યુવક મંડળની સભાને સંબોધતાં સ્વામીશ્રીએ જણાવ્યું હતું કે 'જીવનમાં રજોગુણની બહુ જરૂર નથી. રજોગુણનો હેતુ શું છે ? સારા દેખાવા માટેનો. ટાપટીપ કરીને સમય બગાડીએ છીએ એના કરતાં સત્સંગ વધારે થાય એમાં સમય કાઢવો. સારા ભક્ત, સારા સંત, સારા સમાજસેવક

બનીએ તો આપણને ને બીજાને ય સુખ થાય, શાંતિ રહે. જેટલા રજોગુણી થઈશું એટલા સંસ્કાર ઓછા થશે ને દુઃખી થવાના. પછી વૃત્તિઓ બહાર ફેલાય, અભ્યાસમાં વૃત્તિ ન રહે ને પછી હડતાલ પાડે...'

'સત્સંગ કરવામાં કષ્ટ પડે. અત્યારે વાતાવરણ એવું છે. લોકો જૂનવાણી કહે, માટે આધુનિક સગવડોનો ઉપયોગ કરવો પણ નિયમમાં રહીને. ભલે એકલા પડી જઈએ. ગમે તેવા સંજોગોમાં પણ અચળ રહેવું. સૌની સાથે બોલબોલ કરીએ તો બળ ન રહે...'

'ધર્મનિયમ પાળવામાં ઘણી વખત ભૂલ થઈ જાય પણ નિરાશ ન થવું. સત્સંગ મૂકી ન દેવો. સત્સંગમાં આવશો તો સુધરાશે, બળ મળશે. એ તો રસોડામાં કામ કરતાં દાઝી પણ જવાય. આપણે ભૂલો સુધારી આગળ વધવું છે એવો ધ્યેય રાખવો, પાછા ન પડવું. ભગવાનનો પ્રતાપ એવો છે કે સામાન્ય હોય એય બળિયો થઈ જાય...'

'યોગીબાપાનો ધ્યેય તો બ્રહ્માંડને સત્સંગ કરાવવાનો છે. આપણે બ્રહ્માંડમાં ન થાય તો કાંઈ નહિ પણ મુંબઈને તો કરીએ. કરોડની વસ્તી છે. એક એક પાસે પહોંચવું છે. જિંદગી સુધી કામ ખૂટે એમ નથી. આળસને લીધે ઉત્સાહ ઘટે છે. પણ સૌને બળ મળે, શાંતિ મળે ને એકબીજાને સહકાર આપી સત્સંગ કરાવીએ એ જ આપ સૌ યુવકોને આશીર્વાદ છે...'

આજની સત્સંગી યુવા પેઢીને અદ્‌ભુત સંદેશો સ્વામીશ્રીએ આ રીતે વાતવાતમાં આપી દીધો. જો આ શબ્દો સતત આપણા કાનમાં ગૂંજતા રહે તો યુવાનોનું વ્યક્તિગત ઘડતર તો થાય જ પણ એક અલૌકિક સમાજનું પણ સર્જન થાય.

પંચમહાલના લગભગ ૩૦૦ જેટલા આદિવાસી કાર્યકરો સાઇકલ પ્રવાસ ખેડીને અટલાદરા સ્વામીશ્રીનાં દર્શને આવી પહોંચ્યા. તેમના નેતા શ્રી રામસંગભાઈએ જણાવ્યું કે 'પાવી-જેતપુર ક્ષેત્રમાં છેલ્લાં બે વર્ષમાં ૨૮ યુવક મંડળ, ૬૧ બાળમંડળ, ૨૦ બાલિકા મંડળ ને ૧૫ મહિલા મંડળ ચાલે છે. આજે ત્યાં લગભગ ૨૫ થી ૩૦ હજાર સત્સંગીઓ છે. યોગી શતાબ્દી સુધીમાં ૫૦ હજાર સત્સંગીઓ કરવા છે, જેમાં ૩૦૦ કાર્યકરો તો ગમે ત્યારે ગમે તે ભોગ આપવા તૈયાર છે...

આવી ઉત્સાહની વાત સાંભળ્યા પછી સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપતાં જણાવ્યું કે આ વાત સાંભળીને અમને પણ બળ મળી ગયું. કોઈને એમ હોય કે ભણેલા જ સમજી શકે છે, પણ તમને જોયા પછી જણાયું કે

ગામડાના વધારે જલદી સમજી શકે છે. ગામડાના લોકો શ્રદ્ધાળુ હોય છે. ગામડાની હવા શુદ્ધ છે. એમાંય આપને સત્સંગ મળ્યો છે એ મોટો લાભ છે...'

'૫૦ હજારની વાત કરી એ સારું છે પણ આપણે ખાલી 'જય જય કરે...' એવા સત્સંગી નથી કરવા. નિયમધર્મવાળા દૃઢ સત્સંગી કરવા છે. વંશપરંપરામાં પણ સત્સંગ રહે. ગમે ત્યાં જાય પણ સત્સંગ રહે. કાર્યથી, જીવનથી ને વર્તનથી નોખા તરે એવા કરવા છે....'

આદિવાસી પ્રજામાં પણ સ્વામીશ્રીનું અમૃતસિંચનનું કાર્ય આ રીતે સતત ચાલુ રહે છે.

૧૦.

સગા સૌના, શીતળતા અપાર

ભક્તોની વચ્ચે ઘૂમતા રહેવું, મળતા રહેવું ને તેમને સતત ભગવત્ સન્મુખ કરતા રહેવું એ સ્વામીશ્રીનો મુખ્ય જીવનક્રમ. જેમ શ્રીજીમહારાજ હંમેશાં કહેતા રહેતા કે 'અને જેટલું કાંઈક અન્નવસ્ત્રાદિકનું ગ્રહણ કરતાં હઈશું તે તો ભક્તની ભક્તિને દેખીને કરતા હઈશું પણ પોતાના દેહના સુખને અર્થે નથી કરતા... અને અમે આ દેહ રાખીએ છીએ તે પણ સત્સંગીને અર્થે જ રાખીએ છીએ, પણ બીજો કોઈ દેહ રાખ્યાનો અર્થ નથી... અને અમે તો જે મન-કર્મ-વચને પરમેશ્વરના ભક્ત છે તેને અર્થે અમારો દેહ પણ શ્રીકૃષ્ણાર્પણ કરી રાખ્યો છે...' આ શબ્દો સ્વામીશ્રીના જીવનમાં એ જ હદે ચરિતાર્થ થતા જણાયા છે.

એમાં પણ યોગીજી મહારાજના અક્ષરધામગમન પછી પ્રમુખસ્વામી મહારાજે લોકસંપર્કની જે યાત્રા શરૂ કરી તેનો છેડો હજુ આજ દિન સુધી, ૨૫ વર્ષ પછી પણ આવવા દીધો નથી. એક જ ઝંખના સતત તેમના મનમાં રમતી રહી છે કે શાસ્ત્રીજી મહારાજનું આ કાર્ય - અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા પ્રવર્તનનું - જે એમણે મને સોંપ્યું છે તેને છેલ્લા શ્વાસ સુધી વળગી રહેવું છે. તેથી શારીરિક અનેક તકલીફોની દરકાર કર્યા વગર તેમજ અનેક ડૉક્ટરો

અને સમાજના પ્રતિષ્ઠિત સંતો-મહંતો તથા મહાનુભાવોનાં સલાહ-સૂચન અને વિનંતીને અવગણીને પણ અવિરત વિચરે છે ને લોકસંપર્ક તૂટવા દેતા નથી.

આસ્ટનમાં ૧૯૯૦ની સાલમાં સામાન્ય વાતચીતમાં વિચરણની વાત નીકળી. તે વખતે જૂના પ્રસંગો સંભારતાં કહે, 'પહેલાં તો નિર્ગુણ સ્વામી કેટલી વાતો કરે, શાસ્ત્રીજી મહારાજનો કેટલો મહિમા કહે, ત્યારે કોઈ પધરામણી માટે તૈયાર થાય. પછી જાય ને ભેટ તો સવા રૂપિયો જ મૂકે. કેટલી વખત વાત કરે ત્યારે તો કોઈ પારાયણ કરાવવા તૈયાર થાય. યોગીબાપા તો સામેથી 'હાલો, પધરામણીએ...' કહેતાં સામેથી પધરામણી ઊભી કરે...'

એમાં ૧૯૭૭ના પ્રવાસની વાત નીકળી. તે વર્ણવતાં કહે, '૭૭માં અમારે મશીનની જેમ ચક્રાવો હતો. ઈલિંગ(લંડન)માં ઉતારો હતો. ત્યાં ચાર-પાંચ વાગ્યે ઊઠી છ વાગ્યે મંદિરે જવા નીકળીએ. મંદિરે પૂજા કરી, કથાવાર્તા કરી, વચ્ચે ત્રણ-ચાર-પાંચ પધરામણીઓ કરી, કોઈને ત્યાં નાસ્તો કરવા જવાનું. પછી વળી પધરામણીઓ કરી ક્યાંક જમવા જવાનું હોય ત્યાં પહોંચીએ. થોડો આરામ કર્યો ન કર્યો ત્યાં વળી પાછી પધરામણી. પછી સાંજે મંદિરે સભા. પછી પધરામણીઓ કરી ક્યાંય જમવા જવાનું. પછી ઉતારે આવતા એક-બે પધરામણી કરી રાત્રે એક વાગ્યે આરામમાં જવાનું. એમાં મોડું થાય પણ વહેલું તો ન જ થાય. નેવું દિવસ સતત ચાલેલું. ને અમેરિકામાં પણ એકધારું ચાલેલું. પછી '૭૭માં બીમારી મોટી આવી. પણ પછી વળી વિચરણ ચાલતું ! મારા ભઈ. ત્યારે પણ બાર તો વાગે જ. પણ '૮૩માં ઍટેક પછી ઓછું થયું.'

સારસા સત્કેવલ સંપ્રદાયના મહોત્સવમાં મહંતશ્રી અવિચલદાસજીના આગ્રહથી સ્વામીશ્રી ખાસ પધાર્યા હતા. સમારંભ પછી સાંજે વિદાય વખતે તેઓ ઉતારે ખાસ સ્વામીશ્રીને મળવા આવ્યા. અને કહે, 'આપ અમારા કાર્યક્રમમાં પધાર્યા ને અમારી ખૂબ શોભા વધારી છે. આપનો આભાર માનવા આવ્યો છું. આપ બોલ્યા પણ બહુ સરસ. ઘણાં તો ગદ્‌ગદ થઈ ગયા.'

'ભગવાનની ઇચ્છાથી બોલાયું. બાકી હાર્ટઍટેક પછી શ્વાસ તૂટતાં શબ્દો છૂટી જાય છે. ભગવાનને આ શરીરથી કામ લેવું હશે એટલું લેશે. લોકો સુખી થાય એ કામ આ શરીરથી કરવાનું છે, બીજું શું ?' સ્વામીશ્રીએ કહ્યું.

અવિચલદાસજી કહે, 'અત્યારે તો સ્વામિનારાયણ સંપ્રદાયનો પરિચય જ પ્રમુખસ્વામી છે. અહીં અને પરદેશમાં નોકરી-ધંધાની પરવા કર્યા વગર જ સેવામાં લાગી જવું, એ ભાવના યુવાનોમાં વિકસાવવાનું કામ આપે ખૂબ જબરજસ્ત કર્યું છે.'

'યુવાનોમાં પહેલેથી જ એ ભાવના યોગીજી મહારાજની પ્રેરણાથી થઈ છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓએ સ્વામીશ્રીને શાલ ઓઢાડી. સ્વામીશ્રી ઊભા થઈ ગયા. તેઓ ભેટ ધરાવવા જતા હતા, પણ સ્વામીશ્રીએ ઘણી ના પાડી ને કહ્યું, 'મેં આ શાલ લીધી એમાં બધું આવી ગયું. ભેટ ન હોય. આપણે કાંઈ જુદું નથી.' તેમણે પરાણે ભેટ મૂકી. સ્વામીશ્રીએ તેમાં મોટી રકમ ઉમેરાવી તે ભેટ મંદિરમાં પાછી મોકલી.

અટલાદરામાં રાત્રે ૯ પછી સ્વામીશ્રી સૌને મળી રહ્યા હતા. ટૂંકા રોકાણને લીધે 'રાત થોડી ને વેશ ઝાઝા' જેવું થયું હતું. મળનારા ઘણા હતા ને મિટિંગો પણ ઘણી હતી. સ્થાનિક મિટિંગ પૂરી થઈ ને મળનારાનો ધસારો શરૂ થયો. આટલો મોટો સમૂહ જોઈ સ્વામીશ્રી પણ વિમાસણમાં પડી ગયા કે બધાને એક સાથે કેમ મળાય. એટલે અકળાતાં કહે, 'બહુ ઉતાવળ હોય તો કાલે આવજો, નહિ તો સૌ લાઇનમાં આવો.' કેટલાકને મળ્યા. ફરી પાછી સારંગપુરના સંતો સાથે મિટિંગ થઈ. ત્યારપછી પણ ઘણાંને મળ્યા ને રાત્રે ૧૧-૪૫ વાગ્યે આરામમાં જવાની તૈયારી કરતા હતા. એટલે હળવાશ અનુભવતાં નારાયણમુનિ સ્વામી કહે, 'હમણાં તમે ખરું કહ્યું. ઉતાવળ હોય તો સવારે આવજો.'

'શું કરવું ? એક આ બાજુના કાનમાં વાત કરે બીજો બીજા કાનમાં. કોને સાંભળવા ? સૌ પાછા ઘોડે ચઢીને આવે. સૌને ઉતાવળ હોય. એટલે પછી સાંભળ્યું ન સાંભળ્યું કરીને હા એ હા કરવી પડે. બધા એકદમ બહુ ગરબડ કરે. એ ન ફાવે. એક તો ડબલ ટાઈમ જાય ને સંતોષ થાય નહિ.' સ્વામીશ્રીએ હસતાં હસતાં સ્પષ્ટતા કરી.

'હા એ હા કરી હોય, એવા આશીર્વાદ ફળે ?' નારાયણમુનિ સ્વામીથી બોલી જવાયું.

'એને શ્રદ્ધા છે એટલે ફળે જ ને !' સ્વામીશ્રી મર્માળું હસતાં બોલ્યા. પછી કહે, 'એને તો ફળે પણ આપણને સંતોષ ન થાય !' પોતાની કાર્યનિષ્ઠાની આવી સૂક્ષ્મ સંવેદનાઓ રજૂ કરતા, અલૌકિકતાનું દર્શન

કરાવતા રાત્રે ૧૨ વાગ્યે સ્વામીશ્રી આરામમાં પધાર્યા.

સતત લોકાભિમુખ અને કાર્યરત સ્વામીશ્રી 'ઝાઝા હાથ રળિયામણા', એ મુજબ પોતાના સંતો તથા યુવકો દ્વારા પણ સમાજના દરેક સ્તર સુધી પહોંચે છે, દરેકના જીવનને આંબે છે. એ સંજોગોમાં પ્રસંગોપાત્ત સંતો તથા યુવકોને પણ વ્યાવહારિક માર્ગદર્શન આપતા હોય છે.

સામાજિક સેવાકાર્ય એ એક વાત છે જ્યારે સમાજજીવનમાં નૈતિક મૂલ્યોનું પ્રવર્તન કરવું, તેનું જતન કરવું ને કરાવવું એ બીજી વાત છે, પાયાનું કાર્ય છે. જેના આધારે તૈયાર થયેલો સદાચારી કાર્યકર સાચા સ્વરૂપમાં પરોપકાર આચરી શકે છે. ઝંઝાવાતોમાં પણ એની શ્રદ્ધા ટકી રહે છે. ભગવાન ને સંતની કર્તૃત્વશક્તિમાં વિશ્વાસને કારણે માનમોટપથી દૂર રહી પોતાનું જીવન પણ ઊર્ધ્વમુખ બનાવી શકે છે.

આવા યુવાન સમાજના પ્રેરક ને સૂત્રધાર સ્વામીશ્રી એમને પણ લોકસંપર્કના પાયાનાં મૂલ્યોથી સુંદર રીતે વાકેફ કરે છે. સ્વામીશ્રી ગઢડામાં બિરાજમાન હતા. ધનતેરસ - સ્નેહ સંમેલનનો દિવસ હતો. યુવકોને આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે, 'યુવાનો યોગીબાપાનું હૃદય છે... આપ સૌ દ્વારા સત્સંગ પ્રસારણનું કાર્ય થાય એવી યોગીબાપાની ખૂબ જ ઈચ્છા. સત્સંગમાં આપણે સેવક થઈ દાસભાવે સેવા કરવાની છે. આજે સૌ યુવકો ભેગા થયા છો. તો એકબીજામાં સ્નેહ વધે, સુહૃદભાવ વધે એ જ સ્નેહ સંમેલન. આપણે આ સ્નેહ રાખીને યોગીબાપાનું જ્ઞાન બીજાને આપવાનું છે. એમની શતાબ્દી આવે છે તો સારી રીતે એમનો સંદેશો પહોંચાડી શકીએ એવી સેવા કરવાની છે. યુવાનોનો સેવાધર્મ શું ? જે કામ સોંપે એ કરવાનું. બીજો વિચાર કે સંશય ન થવો જોઈએ. એ ટ્રેનિંગ લીધી હોય તો સમય આવે મિયાંફસકું ના થઈ જવાય. યોગીબાપાના થયા એટલે નિયમધર્મ, આજ્ઞા, ઉપાસના, સેવામાં પગ પાછો ન પડવો જોઈએ. આપણે આપણા કાર્યમાં રત રહેવું. પારકાંની પંચાત કરવામાં આપણું રહી જવું ન જોઈએ. ખાવું-પીવું, હરવું-ફરવું એ બધામાં આપણી મર્યાદા છે. કારણ, આપણે ભગવાનના છીએ. એમના આદર્શ મુજબ જીવન હોય તો બળ ને ઉત્સાહ વધે.'

'તો આજકાલ સેવાપ્રવૃત્તિમાં પણ ઘણા હોદ્દા માટે ધમપછાડા કરતા હોય છે ને સેવા ગૌણ થઈ જતી હોય છે, અગર તો હોદ્દો હોય તો જ સેવા થાય છે, નહિતર સેવાનો ઉત્સાહ મંદ પડી જતો હોય છે. તે સમાજની નાડ પારખીને પણ સ્વામીશ્રીએ એકવાર યુવકોને સંબોધતાં કહ્યું હતું : 'આજે

નવા પ્રમુખ નિમાયા. હોદ્દો તો સામાન્ય વાત છે. વ્યવસ્થાની દૃષ્ટિએ છે. જેથી જવાબદારી સમજીને કાર્ય થાય. પરંતુ આમાં તો બધાને માથે જવાબદારી છે. અહીં તો 'ગાયો વાળે તે ગોવાળ.' એમ તમે બધા જ પ્રમુખ છો. ભગવાન ને સંત રાજી થાય એ કરવાનું છે. પહેલાં આપણો સત્સંગ દૃઢ કરવાનો છે. પ્રમુખ કે સેક્રેટરી જે બન્યા હોય એની એકલાની આ જવાબદારી નથી. આપણે બધાએ પ્રતિજ્ઞાનું પાલન કરવાનું છે. એમને એકલાએ જ ધામમાં જવાનું છે ને આપણે નથી જવું ? માટે ઉત્સાહ રાખીને સ્થાનિક મંડળને ઉત્સાહવાળું કરીએ...

'આ શહેર છે. એમાં પ્રલોભનો જબરજસ્ત આવે. પણ ગમે એવાં પ્રલોભનો વચ્ચે આપણે એક જ ધ્યેય રાખવાનો છે. મહારાજ ને સ્વામીને રાજી કરવા છે. બહારનું સુખ તો ક્ષણિક છે. બહાર પૈસાનાં-રૂપનાં ને બીજાં પ્રલોભનો ઘણાં છે. એટલે જ યોગીબાપાએ આ યુવકોનું કાર્ય શરૂ કર્યું છે. અહીં આવવાથી સત્સંગ દૃઢ થાય. વિચારો શુદ્ધ થાય. આજ્ઞા વિરુદ્ધ કાંઈપણ થતું હોય એ ન જ થાય એવો આપણો દૃઢાવ જોઈએ. આજે સમાજ ક્યાંય ચારિત્ર્યવાન દેખાતો નથી. એમાંથી બચીને બહાર નીકળવાનું છે અને બીજાને પ્રેરણા આપવાની છે. બીજાને સાચી સલાહ આપી શકે એવો સમાજ આપણે ઊભો કરવો છે. સારા માણસો હશે તો જ સમાજ-દેશ સારા થશે. ધર્મનો પણ વિકાસ થશે...' સ્વામીશ્રીએ સ્પષ્ટ દિશાસૂચન કર્યું.

આખરે, આટલો પ્રબળ લોકસંપર્ક, આટલો ભીડો, શરીર અને સુવિધાઓની અવગણના અને વાણી-વર્તનમાં આટલું બળ શું સૂચવે છે ? સ્વામીશ્રીએ ભક્તોને હૈયાના હાર માન્યા છે. પોતાના લોહી-પસીનાના ફરજંદ માન્યા છે, શ્રીજી મહારાજના સંતાનો તરીકે સ્વીકાર્યા છે. એથી જ તેઓ વડીલો, યુવાનો, બાળકોને મળે છે ત્યારે એમની આંખોમાં વત્સલતાનો, કરુણાનો, શીતળતાનો સમુદ્ર ઝૂમી રહે છે. સૌને લાગે છે : 'સ્વામી જ મારા સાચા સગા છે !'

૧૧.

શમદમાદિ સાધને સંપન્ન

દેહાતીત નિરંતર ડોલત, બોલત બ્રહ્મખુમારે
નિપટ નિશંક મગન હોઈ બિચરત, રામ અમલ મતવારે...
ધન્ય સોઈ શ્યામ સુંદર રંગ ભીને

સંતોની દેહાતીત અવસ્થાનું વર્ણન શાસ્ત્રકારોએ કર્યું, પણ શ્રીજીમહારાજ એવો સાજ-સમાજ પોતાની સાથે લાવ્યા. સદાય દેહાતીત અવસ્થાનું દર્શન કરાવતા ગુણાતીત સંતને મહારાજે પોતાની બાજુમાં બેસાડ્યા ને આદર્શ સ્થિતિનું પ્રતીક બનાવ્યા. ગુણાતીત સંતપરંપરાની આ જ વિશેષતા કે અનંત કાળથી જીવને જે દેહાધ્યાસ થયેલો છે તેને દેહભાવથી છૂટો પાડી બ્રહ્મભાવમાં જોડવો. દેહ અને દેહનાં સગાંસંબંધીમાંથી મોહ-મમતા છોડાવી, માયાના આવરણથી પર કરવા. એટલે તો ભગતજી મહારાજ કહેતા કે મારો દરજીનો ધંધો, એટલે બે ટાંકા તોડું ને બે ટાંકા જોડું - એ જ મને કરતાં આવડે. કહેતા દેહમાંથી-જગતમાંથી તોડી ભગવાનમાં જોડી દઉં.

મહારાજના સ્વરૂપસમા આ ગુણાતીત સંત, વાણીનો વ્યય ઓછો કરે છે પણ વર્તનમાં જ પોતાના ઉપદેશને વણી લઈ સચોટ માર્ગદર્શન પૂરું પાડે છે. વચનામૃત ગ.પ્ર. ૪૪માં શ્રીજીમહારાજ કહે છે : ‘જ્યાં સુધી દેહને પોતાનું

રૂપ માને છે ત્યાં સુધી એની સર્વ સમજણ વૃથા છે, અને જ્યાં સુધી વર્ણનું કે આશ્રમનું માન લઈને ફરે છે ત્યાં સુધી એને વિશે સાધુપણું આવતું નથી. માટે દેહ ને દેહના સંબંધીને વિશે અહંમમત્વનો ત્યાગ કરીને પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે, અને જેને એવું સાધુપણું આવ્યું તેને ને પુરુષોત્તમ ભગવાનને કાંઈ છેટું રહેતું નથી... અને એવો સાધુ તો હું છું...'

આમ, મહારાજે દેહાતીત થઈ આત્મારૂપે વર્તતા સંતની સાથે પોતાની એકતા જણાવી. પૃથ્વી ઉપર વિચરતા આ સંત પોતાના યોગમાં જે જે આવે છે તેને સતત દેહાતીતભાવની પ્રેરણા આપે છે.

બોચાસણમાં બપોરે સ્વામીશ્રી ઠાકોરજી જમાડતા હતા. સર્વમંગલ સ્વામી એક સામયિકમાં પ્રગટ થયેલો 'તિતિક્ષા' ઉપરનો લેખ વાંચી રહ્યા હતા. જેમાં શરીરની ચિંતા છોડી દેવાની વાત આવી. એ સાંભળતાં સ્વામીશ્રી જમતાં જમતાં અટકીને એકદમ કહે : 'દેહમાં રોગ આવે તો ઉપાય કરવો ખરો પણ લલોપચો ન રાખવો. ચિંતા ન કરવી. બધું ભગવાન ઉપર છોડી દેવું. શરીરની ચિંતામાં ને ચિંતામાં જિંદગી પૂરી થઈ જાય પછી ભગવાન ક્યારે ભજવા ?' જે હૈયે હોય તે હોઠે આવ્યા વગર રહે જ નહિ. દેહની સતત ઉપેક્ષા કરતા સ્વામીશ્રી આવું સહજભાવે બોલી શકે છે !

એક સવારે મુંબઈમાં વિશ્વ હિંદુ પરિષદના મહામંત્રી અશોક સિંઘલ આવ્યા. સ્વામીશ્રીના નાદુરસ્ત સ્વાસ્થ્યના સમાચાર મળ્યા હોવાથી ખાસ મળવા ને દર્શન કરવા આવ્યા હતા. તે વખતે વિશ્વ હિંદુ પરિષદ ઉપર પ્રતિબંધ મુકાયેલો હતો, તેથી તેઓ મહારાષ્ટ્રિયન વેશભૂષામાં આવ્યા હતા, જેથી કોઈની આંખે ચઢે નહિ. સ્વામીશ્રીએ ઊભા થઈને હાર પહેરાવી તેઓનું અભિવાદન કર્યું. સામે ખુરશી ઉપર બેસાર્યા. સ્વાસ્થ્ય અંગે તેમણે પૂછપરછ કરી એટલે સ્વામીશ્રી કહે, 'હમારે ગુણાતીતાનંદ સ્વામીને કહા હૈ – શરીર તો રોગકા ઘર હૈ ઈસલિયે રોગ તો હોતા હિ રહતા હૈ, લેકિન હમે હમારા કામ કરતે રહેના ચાહિયે...' સ્વાસ્થ્ય અંગે લાંબી ચર્ચા થાય તે પહેલાં જ સ્વામીશ્રીએ વાતચીતના વિષયને મર્યાદાના વર્તુળમાં મૂકી દીધો અને એ પણ જણાવ્યું કે રોગની ચિંતા કરવાની જરૂર નથી. તેઓ સ્વામીશ્રીના સ્વાસ્થ્ય અંગે ચિંતિત તો હતા જ પણ સ્વામીશ્રીની દેહાતીત ભાવનાથી સાશ્ચર્ય પ્રસન્ન થયા. તેમની સાથે પરિષદના બીજા પણ અગ્રણી શ્રી દોલતરામ વગેરે હતા. તેઓને પણ આવા નિરાળા સંતને જોઈ આનંદ થયો.

એ જ અરસામાં મુંબઈના જાણીતા જૈન આગેવાન મફતભાઈ મહેતા તથા મહિપતભાઈ શાહ ખાસ દર્શને આવ્યા હતા. મહિપતભાઈએ વિનંતી કરી, 'હજુ અહીં રોકાઈને આરામ કરો.'

'હવે કાંઈ ગામડે ફરવાનું બહુ થતું નથી. જ્યાં જઈએ ત્યાં થોડા દિવસ રોકાઈએ છીએ. પૂરતો આરામ મળે છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

'તોય ગરમીમાં તબિયતનું પાછું...'

'તબિયત તો ભગવાન સાચવે છે. આપણે શું સાચવવાના ? ભગવાને શરીર આપ્યું છે એટલે એમને સેવા લેવી હશે એટલી લેશે.' સ્વામીશ્રીએ ભગવાનનો ભરોસો દૃઢાવ્યો. તેથી આગળ કાંઈ કહેવાનું રહે જ નહિ.

સ્વામીશ્રી આકોલા પધાર્યા હતા. સાંજે કીર્તન-ભક્તિનો કાર્યક્રમ હતો. સ્વામીશ્રી ઠાકોરજી જમાડી પત્રલેખન કરવા બેઠા, સ્વયંસેવકોને મળ્યા. છેલ્લે સાથે ફરતા યુવક હેતલે વિનંતી કરી, 'બાપા ! આજે તો વહેલા આરામમાં જવું જોઈએ.'

'કેમ ?'

'આજે મહારાષ્ટ્રના વિચરણનો છેલ્લો દિવસ. કાલે તો ટ્રેનમાં. પછી વ્યારા. આ બે મહિનાનો થાક લાગ્યો હોય ને !'

'ભગવાનની ભક્તિમાં થાક હોય જ નહિ. થાક લાગે તો ભક્તિમાં ખામી. ભક્તિ કહેવાય જ નહિ.' સ્વામીશ્રીએ ભક્તિની સાચી લગની શું એ વાતવાતમાં જણાવી દીધું. એટલે કોઈ દલીલ રહે જ નહિ. છતાં હેતલ કહે, 'શાસ્ત્રીજી મહારાજ કહેતા કે સત્પુરુષનો દેહ કાંઈ લોઢા-લાકડાનો નથી !'

'તમારી લાગણી ને ભાવ છે એ બરાબર છે. પણ સુવાડી રાખીએ તો કાંઈ ન થાય. આસક્તિનું વચનામૃત વાંચ્યું છે ને ! બસ ! તો પછી બોલવાનું રહેતું જ નથી.' સ્વામીશ્રીએ છેલ્લા મુદ્દામાં મીઠા વિવાદને પૂર્ણવિરામ આપી દીધું. સાથે પોતાની ભક્તિનિષ્ઠાનું પણ સહેજે દર્શન કરાવ્યું. એમની આ ખાસિયત છે કે ચર્ચામાં પોતે ઊંડા ઊતરી જાય, લંબાવે પણ ખરા, અને ગમે તે ક્ષણે થંભાવી દે. એમની દલીલ આગળ કશું બોલવાનું જ ન રહે.

અટલાદરામાં એકવાર બપોરે ૧-૧૫ વાગ્યે સ્વામીશ્રી ઉતારે આરામમાં પધાર્યા. નારાયણચરણ સ્વામી કહે, 'વહેલા સૂઈ જવાનું મન નથી થતું ?'

'ના, કોઈ દા'ડો વહેલા સૂવાનું મન જ નથી થતું.' સ્વામીશ્રીએ પોતાની વિશેષતા જણાવી ઘણું ઘણું કહી દીધું.

'૮૯ની સાલ હતી. સ્વામીશ્રી સારંગપુર બિરાજતા હતા. સવારે પૂજા પછી સંતસ્વામી મળવા આવ્યા. પહેલાંના કાર્યક્રમોની વાત ચાલી. તેની સરખામણીમાં આજની વાત કરતાં સ્વામીશ્રી કહે, 'હવે તો દેહની શુશ્રૂષામાં ઘણો ટાઈમ લેવો પડે છે. આરામ, આસન, વૉકિંગ બધું કરવું પડે છે. પહેલાં તો આરામ થયો ન થયો તેની ચિંતા નહિ. જમીને તુરત નીકળી જઈએ. હવે તો ૧૨-૩૦ વાગ્યે એટલે જમી લેવું પડે. દોઢ વાગે એટલે સૂવું પડે. સાડા ચાર સિવાય ઊઠી ન શકાય...' દેહની પરવશતા ઘેરી વળી હતી, તેનું દુઃખ તેમની રજૂઆત ને અવાજમાં જણાતું હતું. જો કે આ બધી આવશ્યકતાઓ તેઓ ન છૂટકે જાળવી રહ્યા હતા.

આ જ અરસામાં બોચાસણમાં સંતો સાથે સ્વામીશ્રી બિરાજતા હતા. ઉપવાસની વાત ચાલતી હતી. જૂના વખતમાં ઉપવાસ પછી પારણામાં લીંબુના પાણીનો ચાલ નહિ. છાશ ને ખીચડી સૌ જમી લે. એ વાત નીકળતાં ધર્મચરણ સ્વામી કહે, 'તમે આટલાં વર્ષો સુધી નિર્જળા ઉપવાસ કરેલો ને આટલો શ્રમ વેઠેલો... ને અત્યારે અમે લીંબુનાં પાણી પીએ... એમાં આપને કાંઈ થતું નથી !'

'ના, એ તો શરીર પ્રમાણે હોય ને ! જેને કરવું હોય એને ઢીલું પડતું જ નથી. જેને નથી કરવું એને તો ઢીલું પડેલું જ છે.'

સર્વમંગલ સ્વામીએ વાત લંબાવી, 'આમ જુઓ તો તમારું પાણી પીવાનું અંગ છે છતાં અમે જોયું છે કે નિર્જળા ઉપવાસ પછી પારણાંના દિવસે પાણીની સંહેજે તડપન નહિ... સાવ થોડું પાણી પીઓ છો.'

'પહેલેથી જ એવું. આમેય સ્વામીના વખતમાં ય લીંબુનાં પાણી પીધેલાં નહિ એટલે ટેવ નહિ. અને ઉપવાસ પહેલેથી લાગે નહિ. પાછું પહેલેથી ઊઠવાનું શાંતિથી. ઊઠ્યા પછી દર્શન કર્યા વગર પારણાં ન કરવાનું નિ'મ. શણગાર આરતી થાય પછી જ પીવું પડે ને ! આ બધું અંગ ઉપર છે. કેટલાકને ઉપવાસ બહુ લાગે...'

'આ બધું માનસિક વધારે હશે ને ?' સર્વમંગલ સ્વામીએં કહ્યું.

'હા, માનસિક જ. પાંચ ઉપવાસ ભેગા કરી નાંખે એવો હોય પણ મનથી ઢીલો હોય એ મારી પાડે. જો તૈયારી રાખે કે રસોડે જવું જ નથી તો વાંધો ન આવે...'

આમ, ઉપવાસ મીમાંસા ચાલી.

એકવાર સ્વામીશ્રી સુરત બિરાજતા હતા. વાતવાતમાં ઘનશ્યામચરણ

સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું, 'આપે ક્યારેય ખાવાની હરીફાઈ કરેલી ?'

'કોઈ દિ' હરીફાઈ કરી જ નથી. આપણાથી થાય એટલું કરીએ ને ન થાય તો નમતું મૂકી દઈએ. આપણે હરીફાઈ કરી જ નથી !' સ્વામીશ્રીએ નાની વાતમાં મોટી વાત કરી દીધી. આમ પણ ખાવાપીવા અંગે પહેલેથી જ રુચિ નહિ. છતાં નાની ઉંમરમાં આવું બધું સહેજે ચાલતું હોય. એવી બાળરમતમાં પણ પોતે ભળેલા નથી તે ઉપરથી ખાધાપીધાની લાલચથી પણ પણ પોતે કેટલા પર હતા તે સહેજે સમજી શકાય છે.

એ પછી અમેરિકાનો એક પ્રસંગ પણ નોંધપાત્ર છે. '૯૧માં સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શન કરી, દંડવત્ કરીને ટોરન્ટો જવા ઍરપોર્ટ નીકળવાની તૈયારી કરતા હતા, ત્યાં સમાચાર આવ્યા કે પ્લેન મોડું છે એટલે સાડા બાર વાગ્યે જવાનું થશે. હજુ બે કલાક જેટલો સમય હતો. તેથી સેવકે સહજભાવે કહ્યું, 'હજુ સમય છે, રસોઈ માટે ટ્રાય કરીએ.'

આ સાંભળી સ્વામીશ્રી એકદમ અકળાઈ ગયા ને બોલ્યા, 'દેહ માટે શું ટ્રાય કરવાની ? એના કરતાં ભજનની ટ્રાય કરો ને ! કંઈક એવું કરીશું તો પેટ ભરાશે. પેલામાં શું પેટ ભરાવાનું ?' સામાન્ય રીતે દૂર યાત્રાએ જતાં કોઈપણ યાત્રિક ભોજનાદિકથી પરવારીને બહાર નીકળે, પણ સ્વામીશ્રીને તેની કાંઈ પરવા જ ન હતી.

મુંબઈમાં શ્રી અશ્વિનભાઈ પોપટને બંગલે, મુલુંડમાં સ્વામીશ્રી પધાર્યા. ખુરશીમાં બેસાડીને સ્વામીશ્રીને લાવવા પડ્યા એટલે નમ્રભાવે અશ્વિનભાઈએ કહ્યું, 'આપને ખૂબ તકલીફ પડી હશે.'

'જ્યાં ભાવ છે ત્યાં તકલીફ છે જ નહિ. અમે ગામડે જે રીતે ફરીએ છીએ એના કરતાં અનેકગણું સારું છે. અને ભગવાન ભજવા હોય એને અગવડ જોવાય જ નહિ. જે વખતે જે મળ્યું એનાથી નિર્વાહ કરી લેવો. શરીરનો તો નિર્વાહ જ કરવાનો હોય. મુખ્ય તો ભજન છે. ભગવાન સુખે ભજાય એ મુખ્ય છે. બાકી ઝાડ નીચે હોય તોય ચાલે.' એટલા જ ભાવથી પણ સહજતાથી સ્વામીશ્રી બોલ્યા. તેમના મનને શાંતિથી ભરી દીધું.

ઘાટકોપર, મુંબઈમાં સ્વામીશ્રી અજમેરા પરિવારને ત્યાં પધાર્યા હતા. અગ્રણી જૈન સંત ગિરીશચંદ્રમુનિ મળવા આવ્યા. સ્વામીશ્રીને મળતાની સાથે તેઓ બોલી ઊઠ્યા, 'ભારતીય સંસ્કૃતિ માટે આપ જે કરી રહ્યા છો એ અદ્ભુત છે.'

'ભગવાનની કૃપા છે.'

'ભારતીય સંસ્કૃતિની સેવા કરે એ ધર્મની સેવા છે. ધર્મ જીવે તો દેશ જીવે. એના માટે આપ ભેખ લઈને ફરો છો. અમારું ફરવાનું તો લિમિટેડ છે. તમે તો ખૂબ ફરો છો.' મુનિ મહારાજે સ્પષ્ટતા કરી. ફરી પૂછ્યું, 'આપની ઉંમર ?'

'૭૦ વર્ષ.'

'વાહ ! દેખાતી નથી. સો વર્ષના થાઓ.'

'આપણે તો એવી ઇચ્છા નથી પણ ભગવાન જેટલું રાખે એટલી સેવા કરવી છે.' સ્વામીશ્રીએ નિર્લેપભાવે જણાવ્યું.

મુંબઈમાં સ્વામીશ્રી બિરાજેલા હતા ને જાણીતા ઉદ્યોગપતિ હિંદુજા ભાઈઓ દર્શને આવ્યા હતા. અશોકજી યોગી શતાબ્દીએ આવેલા એટલે અક્ષરધામ દર્શન ને મહોત્સવની ભવ્યતા ને દિવ્યતાથી ખૂબ જ પ્રભાવિત થયેલા. એટલે શ્રીચંદજીને આજે સાથે લાવેલા. બંને ભાવથી મળ્યા. એક શોધ સંસ્થાન માટે સ્વામીશ્રીના શુભ આશીર્વાદ ખાસ બંને ભાઈઓએ માગ્યા. ચુસ્ત વૈષ્ણવ ભક્તરાજ બંને ભાઈઓ શુદ્ધ શાકાહારી છે. ડુંગળી કે લસણ પણ અભક્ષ્ય ગણે છે અને ૩ કલાક નિયમિત પૂજા કરે છે. ધર્મપ્રસારણ અંગે અરસપરસ ઘણી વાતો થઈ ને હાલ લગભગ ૫૦૦ સંતો સ્વામીશ્રીની નિશ્રામાં આ કાર્ય સંપન્ન કરે છે, તેની ખૂબ તારીફ કરી.

સ્વામીશ્રી કહે, 'યોગીજી મહારાજ અમારા ઓલિયા સંત થઈ ગયા. એમની ઇચ્છાથી જાગૃતિ આવી છે. જેમ આટલી જાહોજલાલી હોવા છતાં આપે સંસ્કાર સાચવ્યા છે. અમે પણ સૌને એ જ ઉપદેશ આપીએ છીએ. આધ્યાત્મિક મૂડી સાચવીએ એટલી જ શાંતિ રહેશે.'

'આપ બધા ઉપર ખૂબ ઉપકાર કરો છો. બધાને લાઇન ઉપર લાવો છો. આનાથી ઉપર કોઈ જ સેવા નથી.' શ્રીચંદજી વચમાં જ બોલી ઊઠ્યા.

'ભગવાને આ શરીર આપ્યું છે. એમનો આદેશ ઝીલીને એ જેમ પ્રેરણા આપે એમ સેવા કરવાની છે. શરીર તો છૂટવાનું જ છે. જેટલી સેવા થાય એટલી કરવી છે. સાધુને બીજો કોઈ આગ્રહ નથી. સંગ્રહ કરીને કામ શું આવવાનું છે ? જે જોઈએ છે એ મળે છે પછી માથાકૂટ શું કરવી ? આપણે તો ભજન કરવું ને કરાવવું.' સ્વામીશ્રીએ પોતાનો મત સંક્ષિપ્તમાં કહ્યો.

૧૨.

એવા સંત સદા શુભમતિ

અમદાવાદમાં એક ભાવિક કુટેવો છોડવા સામેથી સ્વામીશ્રી પાસે આવ્યા.

સ્વામીશ્રી કહે, 'તમે આવ્યા એ સારું કર્યું. બુદ્ધિથી વિચાર કરવો. આનાથી કોઈ ફાયદો નથી. ધંધોય જાય ને ધર્મ પણ ન પળાય. તમે દૃઢતા રાખશો ને અમે પ્રાર્થના કરશું. પણ પેલો રસ્તો બંધ કરી દેવો. વસમું લાગશે. પણ સો ટકા જતું રહેશે. અમારે કોઈ સ્વાર્થ નથી. તમે સુખી થાવ એ જ વાત છે. માટે ગમે તેમ કષ્ટ વેઠીને પણ પ્રયત્ન કરો. ઘણાના સુખ માટે આપણને થોડું કષ્ટ ભલે પડે. આ બધું કોઈને ગમતું નથી. ફક્ત તમારા મનને જ ગમે છે. તમારી જિંદગી ને પરિવાર સારાં રહે એટલો જ સંકલ્પ કરો.'

અમેરિકામાં સી.એફ.આઈ.માં હજારો અમેરિકનો મુલાકાતે આવતા હતા. મોટા ભાગનાં સમગ્ર આયોજનથી અત્યંત આકર્ષાઈને તેના સર્જકને મળવા પણ આતુર થતા. સ્વામીશ્રી ઉત્સવના પ્રાંગણમાં જ હોય તો ઘણાંને દર્શનનો લાભ મળી જતો. આજે મુલાકાતીઓમાં પોલીસ ઑફિસર બેબ સ્મલીક, એડીસનના સાર્જન્ટ બોબી એલ્માયર, પોર્ટ ઓથોરિટીના સાર્જન્ટ ચાર્લી બાઇટર તથા કર્નલ અર્લ હાર્પર વગેરે હતા. દર્શન-ઓળખાણ બાદ પૂછપરછ કરતાં તેમણે જણાવ્યું કે તેઓ હાલ બૉંબ ગોળા સફળતાપૂર્વક ધાર્યું

નિશાન પાડે એ ઉપર સંશોધન કરી રહ્યા છે. એમની બધી વાતો સાંભળી સ્વામીશ્રી કહે, 'આવું સંશોધન કરો છો તેના બદલે બૉંબ છોડવા જ ન પડે અને સૌને શાંતિ જ રહે, એવું સંશોધન કરો ને !' સ્વામીશ્રીએ તેમને અત્યંત કરુણાભાવે કહ્યું.

'આપની વાત સાચી છે.' પોલીસ અધિકારીઓએ પણ મનથી સંમતિ આપી. ફરજના માર્યા આવું કામ કરવું પડે છે એવી લાચારી એમના શબ્દોમાં હતી. તેમની ભાવનાને સ્વામીશ્રીએ જાગ્રત કરી.

સ્વામીશ્રી ગોંડલમાં બિરાજમાન હતા. સાઉથ આફ્રિકા - જોહૂનિસબર્ગથી નરેન્દ્રભાઈ ભટ્ટ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. ત્યાંના મંદિરની વ્યવસ્થા અંગે માહિતી આપતાં તેમણે સ્વામીશ્રીને જણાવ્યું કે ત્યાં મંદિરમાં સાફસૂફી માટે એક આફ્રિકનને રાખેલો છે, તે કેટલાકને ગમતું નથી. તેઓ કહે છે, 'કાળિયાને શું કામ રાખ્યો ? તો શું કરવું ?'

'ત્યાં પાછો રંગભેદ ક્યાં લાવ્યા ?' સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા, 'આપણે તો બધાને સંસ્કાર પાડવા છે. ધોળા કે કાળા બધાને લેવા છે. કાળિયો માંસ ન ખાતો હોય, દારૂ ન પીતો હોય તો સેવામાં ક્યાં વાંધો છે ? અહીં તો આદિવાસી પણ ઠાકોરજીની સેવા કરે છે. મૂળ વ્યસન છોડવા જોઈએ.' સ્વામીશ્રીએ ખુલાસો કર્યો. આત્મા તો કાળો નથી કે ધોળો નથી. વ્યસનમુક્ત પવિત્ર જીવન માણસને સંસ્કારે છે નહિ કે તેમની ચામડીનો રંગ. એ જ દૃષ્ટિએ સ્વામીશ્રી સૌને જુએ છે.

સારંગપુરમાં બોટાદ હૉસ્પિટલનો સ્ટાફ સ્વામીશ્રીનાં દર્શને ને આશીર્વાદ મેળવવા આવેલો. ડૉ. ધાનાણીને સ્વામીશ્રીએ કહ્યું : 'મારે પાંચ મિનિટ વાત કરવી છે.' એમ સામેથી કહેતાં સ્વામીશ્રી બોલ્યા, 'આપ સૌ દવાખાનામાં કામ કરો છો. એ આપણું જ માનીને કામ કરવું. દરદીઓ આપણા ભાઈઓ છે, એ રીતે સેવા કરશો એને ભગવાન નહિ ભૂલે. રાત્રે કે દિવસે ગમે ત્યારે દરદી આવે તેને શાંતિથી વાત કરીએ તો એને સંતોષ થાય. દવાખાનું સારું ચાલે એનો યશ આપણને છે. આ ધર્માદાથી ચાલે છે. લોકો પાસેથી પૈસા લઈને ચલાવીએ છીએ તો ભાવના સારી રાખવી.' ખૂબ એકાત્મભાવે સ્વામીશ્રીએ સૌને શીખ આપી, પછી આશીર્વાદ ને પ્રસાદ બંને આપ્યાં ને રાજીપો વરસાવ્યો.

મહારાષ્ટ્રમાં વિચરણ ચાલતું હતું. સ્વામીશ્રી અમરાવતી પધાર્યા હતા. અહીં સ્વામીશ્રી આગળ 'સમભાવ'માં આવેલો - ગ્રહણના અનિષ્ટોનો લેખ

વંચાયો જેમાં ભારતમાં સૌથી ખરાબ અસર થઈ એવું જણાવ્યું હતું. સ્વામીશ્રી ઉકાળો ગ્રહણ કરી રહ્યા હતા. લેખ વંચાઈ રહ્યા પછી સ્વામીશ્રી કહે, 'ભગવાન બધું સારું કરશે. આપણે ગ્રહણમાં એવી ધૂન-પ્રાર્થના કરો કે ગ્રહ સવળા થઈ જાય. લડાઈ બંધ થઈ જાય. શાંતિ થઈ જાય. પેપરમાં તો ભલે જે લખ્યું હોય તે ખરું, પણ આપણે મહારાજને પ્રાર્થના કરો. સર્વનો ઉપાય એક ભગવાન છે.' સૌના ભલા માટે ગ્રહણ અવળું પડે. કોઈ અનર્થ ન થાય તેવી શુભેચ્છા વ્યક્ત કરી. જે ગ્રહો ભગવાનના કહ્યામાં રહેતા હોય તેણે સંતની પણ ઇચ્છા શિરોમાન્ય રાખવી પડે એ નિર્વિવાદ વાત છે.

લોકોના દુઃખની ચિંતા કરતા સ્વામીશ્રી પોતે પોતાનું દુઃખ વહેંચવા ક્યારેય તૈયાર થતા નથી. એવી પણ એક ઘટના લંડનમાં બની. સ્વામીશ્રી આરામમાં જઈ રહ્યા હતા. નારાયણચરણ સ્વામી આંખમાંથી લેન્સ કાઢતા હતા. સામે ઊભેલા હિતેશને જોઈને સ્વામીશ્રી કહે, 'આ હિતેશને સારું. (તેઓ હાર્ડ કોન્ટેક્ટ લેન્સ પહેરે છે. તેમને રોજ કાઢવા પડતા નથી.) અમારે રોજ કાઢવાના ને પાછા મૂકવાના.'

'બાપા ! મારી આંખ તમે લઈ લો ને તમારી મને આપો.' બાજુમાં ઊભેલા કૃષ્ણમૂર્તિના મોઢામાંથી એકદમ શબ્દો નીકળી ગયા.

'એ તો સહુ સહુનું ભોગવે. મારે મારું ભોગવવાનું.'

'બાપા, એ તો તમે અમારું દુઃખ લઈ લો છો એટલે.' કૃષ્ણમૂર્તિ વચમાં બોલ્યા.

'એ તો ભગવાનના ભક્તના સુખે સુખિયા ને દુઃખે દુખિયા.' સ્વામીશ્રીએ છાતી સુધી રજાઈ લેતાં પોતાની ભાવના સહજભાવે વ્યક્ત કરી.

નાના નાના પ્રસંગોમાં પણ સ્વામીશ્રી પોતાના સંતો, યુવકો કે કાર્યકર્તાઓને જરૂરથી સાચી વાત સ્પષ્ટ કહી દેતા હોય છે અને યોગ્ય માર્ગદર્શન સાથે પોતાની ભાવના વ્યક્ત કરતા હોય છે. અટલાદરા છાત્રાલયના સંચાલક સંતને બોલાવીને સ્વામીશ્રીએ કહ્યું, 'છાત્રાલયમાં-સભાખંડમાં આપણે ચિત્રપ્રતિમાઓ પધરાવવી પણ તેમાં શોભા ઉપર બહુ ન જવું. સિંહાસન, સુશોભન વગેરે માપમાં કરવું. હરિભક્તો સેવા કરે પણ આપણે બધું માપે કરવું. મૂળ વિદ્યાર્થીઓને શિક્ષણ, ખાવાપીવાની સગવડ અને સંસ્કાર મળે - વ્યવસ્થિત મળે એ જોવું. મકાનના ડેકોરેશન ઉપર બહુ ન જવું, પણ છોકરા સંસ્કારી બને એના ઉપર મહેનત કરવી. છોકરાઓને

કઈ રીતે ફર્સ્ટ ક્લાસ મળે એ માટે મહેનત - ખર્ચો કરવો... ડુ યુ અન્ડરસ્ટેન્ડ...' હાસ્યેન સમાપયેત્ એ રીતે સ્વામીશ્રીએ સૌને અંગ્રેજીમાં સમાપન કરી સાશ્ચર્ય આનંદમાં મૂકી દીધા, પણ સાચી વાત કહી દીધી.

લંડનમાં સ્વામીશ્રીના ઉતારામાં યુવકો એમને વીંટળાઈને ઊભા હતા. અચાનક ઉપેન્દ્ર તરફ જોતાં સ્વામીશ્રી કહે, 'કેમ ઉપેન્દ્ર ! શું ચાલે છે... ઉપેન્દ્ર ! આપણે બંધુત્વ પ્રવાસ કરવો છે. અમેરિકામાં કરે છે ને તેમ. કથાવાર્તા કરવી ને આખું યુ.કે. રંગી નાખવું છે. માટે નીકળી જ પડો. જોગીબાપા કહેતા, સાધુ કેટલે પહોંચી વળે ? એટલે તમે યુવકો મંડી પડો. તમારા દ્વારા કાર્ય થશે. ઉપાને (ઉપેન્દ્ર) વાંધો ન આવે. એ સદ્ગુરુ છે, આચાર્ય છે. ધમધમાટ પ્રવચન કરવું. કૃષ્ણમૂર્તિ પણ બોલે ને બે જણા તબલાં - વાજું વગાડે. બંધુત્વ પ્રવાસ ગોઠવો. દર વર્ષે એક મહિનો. આ એસ.એમ. વગેરે એમાં ભળે. ફરવામાં તો વાંધો ન આવે...'

આમ, પ્રસંગોપાત્ સ્વામીશ્રી વિચરણ દ્વારા સત્સંગ પ્રસારણ કરવાની પ્રેરણા યુવકોને આપી. પોતાની ધગશનું ભાથું યુવકોને પણ બંધાવી દે છે.

અમેરિકામાં સી.એફ.આઈ. જાજરમાન રીતે ઊજવાયા પછી નગર સમેટવાનું કામ ચાલતું હતું. સ્વામીશ્રી તેમાં પણ માર્ગદર્શન આપતા ને દેખરેખ રાખતા. એક રાત્રે ૧૦ વાગ્યે નગરમાંથી ઉતારે જતી વખતે મોટરચાલક યુવાન જૈમિનભાઈએ સ્વામીશ્રીને કહ્યું, 'બાપા ! હવે અહીં અંધારું થઈ ગયું.'

એની છાતી ઉપર હાથનો સ્પર્શ કરતાં સ્વામીશ્રી કહે : 'પણ અહીં અજવાળું થઈ ગયું ને !' અને ખરેખર સી.એફ.આઈ.માં હજારો યુવકો- જેમણે સેવા કરી હતી, તેમજ લાખો મુલાકાતીઓ જેઓ નગરની શોભા માણવા આવ્યા હતા ને સત્સંગનો લાભ લેતા હતા, તેમના હૃદયમાં તો ભક્તિની રોશની હંમેશ માટે ઝબૂકતી રહી ગઈ હતી.

નગરની પૂર્ણાહુતિના પ્રથમ દિવસે જ સ્વામીશ્રીએ સુંદર વાત કરી હતી, 'મહારાજનું કાર્ય જગતના બધા જ મનુષ્યો માટે છે. સી.એફ.આઈ.માં આજુબાજુના પાડોશીઓએ શરૂમાં થોડો વિરોધ કરેલો, પણ જે મુખ્ય હતા તે ભાઈ પોતે જ સામેથી આવીને માફી માંગી ગયા અને મહોત્સવનાં ખૂબ વખાણ કર્યાં. જોયા વગર ઘણા બૂમો પાડે કે પૈસા ભેગા કરવા આવા ઉત્સવો કરે છે. પણ જોયા પછી દરેકને ખબર પડતી કે આ કાર્ય પરોપકારનું છે. સમાજના કલ્યાણ માટે છે. શ્રીજીમહારાજ ને સંતોનું કાર્ય બ્રૉડગેજ જેવું છે.

નેરોગેજનું નથી. વિશાળ દૃષ્ટિવાળું છે.

'અંતકાળે આ ઉત્સવ યાદ આવી જાય તો કલ્યાણ થઈ જાય એ માટે આ ઉત્સવ છે. આ પ્રોપેગન્ડા નથી. આપણે અમેરિકાનું રાજ્ય લેવા નથી આવ્યા. ભગવાનનો આશ્રિત થાય એને જ આ વાત સમજાય. સંસ્કારી જીવ હોય ને મોટા પુરુષના યોગમાં આવી જાય એનું કામ થઈ જાય. આપણને એવા પુરુષ મળ્યા છે. એમની સેવા મળી છે એ ભાગ્ય છે.' સ્વામીશ્રીએ ટૂંકમાં મહોત્સવના હેતુ અને અસરકારકતાની વાત કરી દીધી.

આ જ દિવસે હિંદુ સમાજના અગ્રણી કાર્યકર શ્રી બારીન્દ્રભાઈ દેસાઈએ જ્યારે સ્વામીશ્રી સમક્ષ કહ્યું, 'આપના આ કાર્યથી ખૂબ જ પ્રચાર થયો છે.' ત્યારે તુરત સ્વામીશ્રી બોલ્યા હતા, 'પ્રચાર તો ઠીક છે પણ જે જીવન જીવવાની પ્રેરણા મળી છે એમાં જ સમૈયાનું સાર્થક્ય છે.' ભારતીય સાંસ્કૃતિક મહોત્સવનો આ જ હેતુ હતો.

સત્સંગ સાથે જે સમાજમાં આપણે છીએ એનું પણ વાતાવરણ સ્થિર ને સુમેળવાળું રહે એની કાળજી સ્વામીશ્રી સમયે સમયે રાખતા હોય છે. એક ગામમાં કે જ્યાં વર્ષોથી બિનહરીફ ઉમેદવાર ગામની સર્વસંમતિથી ચૂંટાઈ આવતો. ત્યાં કોઈ અસંતુષ્ટના પ્રયત્નથી હુંસાતુંસી ને પક્ષાપક્ષી શરૂ થયાં. ચૂંટણી આવતાં પહેલાં ગામમાં અજંપો શરૂ થઈ ગયો. સ્વામીશ્રીએ સૌને ભેગા કર્યા અને સમજાવ્યા : 'ગામમાં કુસંપ ન થાય. આ બાબતમાં તમે લોકો ગંભીર થાવ. બોલનારા મળશે. આપણામાં સંપ હશે તો વાંધો નહિ આવે. બધાને વિનંતી છે કે કોઈની ખોટી વાત સાંભળશો નહિ. ગામ ભાંગવું હોય તો છૂટા થાવ ને ભેગું રાખવું હોય તો સંપો.' સ્વામીશ્રીની દરમ્યાનગીરીથી બંને પક્ષો સંમત થયા. સ્વામીશ્રીએ દરેકને મેસુબનો પ્રસાદ આપી મીઠાં મોં કરાવ્યાં અને કહ્યું, 'બધાનાં મોઢાં મીઠાં રહેવાં જોઈએ. કડવાશ થાય જ નહિ. કડવાશ એટલે એકબીજાનું ઘસાતું બોલવું.'

એક વાર સ્વામીશ્રી સારંગપુરમાં બિરાજમાન હતા અને ભાવનગર જિલ્લાના વિકાસ અધિકારી શ્રી ગુમા સાહેબ ખાસ આવી પહોંચ્યા. પ્રૌઢ શિક્ષણાધિકારી શ્રી રામાનુજ તથા અન્ય અધિકારીવર્ગ પણ સાથે હતો. શ્રી રામાનુજે સાક્ષરતા અભિયાન સંબંધી માહિતી સ્વામીશ્રીને આપી. લગભગ ૪૫ મિનિટ સુધી સતત તેઓ કહેતા રહ્યા. પછી કહે, 'સાક્ષરતાની સાથે સાથે વ્યસનમુક્તિનું પણ અમારું ધ્યેય છે.' તુરત સ્વામીશ્રીએ વાતનો દોર ઉપાડી લેતાં કહ્યું, 'એ ખાસ કરવા જેવું છે. તમારા ભણતર કરતાં પણ એ

અગત્યનું છે. ભણેલાનેય વ્યસન હોય છે. ભણેલાં ઘ્ત વધારે ધમાલ કરે. અમારે એ બધાને સુધારવાનું કામ ચાલે છે. આપણે વાવીએ એ બધા જ છોડ ઊછરતા નથી. એમ વ્યસનમુક્તિમાં પણ મહેનત કરવી પડે છે. પ્રયત્ન ચાલુ રાખવો પડે છે. આજે સમાજનું વાતાવરણ એવું થઈ ગયું છે કે પૈસા માટે વ્યસન ઘુસાડે. મંદિર થતું હોય તેમાં વાંધો લે ને સિનેમા માટે સરકાર જ લાઈસન્સ આપે. દારૂ પણ ઘુસાડે. કાયદા ઘડનારમાં જ નૈતિકતા રહી નથી. દારૂબંધીના પ્રધાન કહેવાય ને પોતે જ પીને આવે પછી કરવું શું ? ચૂંટણીમાં દારૂ પાઈને મત મેળવે ને દારૂબંધીની વાત કરે. મફતના લોકોને છેતરો છો શું કામ ? જેણે આ બધું કામ કર્યું હોય તેને આ બધું જોઈને દુઃખ થાય.'

'આપણે અંગ્રેજોને કાઢ્યા પણ એનું બધું પેસી ગયું. સ્વરાજ લીધું પણ અસલ ઉપર આવ્યા નહિ. ગાંધીજીને જે ગમતું તે સરવણીમાં મૂકી દીધું. મરઘાંઉછેર શું કામ કરો છો ? સરકાર પણ સન્ડે ફોર અંડે કરે છે. એ જ પ્રચાર કરે. પછી એનામાં ને પ્રજામાં બરકત શું આવે ? સંસ્કાર બગડે એ જોતા નથી. આપણે તો મહેનત કરવી. ભગવાન ભળશે.' આજની પરિસ્થિતિનું હૂબહૂ ચિત્રણ સ્વામીશ્રીએ સરકારી અધિકારીઓ સમક્ષ રજૂ કર્યું. સાથે પુણ્યપ્રકોપ પણ ઠાલવ્યો. પણ સમાપનમાં કોઈ નિરુત્સાહ ન જણાવતાં, ભગવાન ઉપર છોડી દીધું.

સ્વામીશ્રી દ્વારકા પધાર્યા હતા. અહીં સભા બાદ મગનભાઈ સામાણીના એક કુટુંબી અહીં વકીલાત કરે છે, એમને ઉદ્દેશીને સ્વામીશ્રી કહે, 'પ્રફુલભાઈ, મત્સ્ય ઉદ્યોગ ખસેડવાનું કંઈક કરજો.'

'અમે અહીં અભિયાન ચલાવેલું ત્યારે ઝીણાભાઈ દરજી કહે, દ્વારકા મંદિરની નીચે પૈડાં મુકાવો અને બીજે લઈ જાવ. આ ઉદ્યોગ અહીંથી નહિ હટે.' પ્રફુલભાઈએ પોતાનો અનુભવ વર્ણવ્યો.

આ સાંભળતાં જ અકળાઈ ગયેલા સ્વામીશ્રી બોલ્યા, 'આ બધા રાજકારણીઓની બુદ્ધિ જ ભ્રષ્ટ થઈ ગઈ છે. પોતે હિંદુ હોવા છતાં મત માટે આવી વાતો કરે છે. ત્યાં મસ્જિદ નીચે પૈડાં મૂકવાનું કોઈ કહેતું નથી ને અહીં વાતો કરે છે.'

સ્વામીશ્રીની શુભમતિમાંથી કરુણા અને કલ્યાણ ભાવનાના સ્ફુલ્લિંગો વહી રહે છે... અને ત્યારે સમાજના ધુરીણોને પણ સાચી દિશા અને શ્રેષ્ઠ આદર્શો તરફ દોડવાની પ્રેરણા પ્રાપ્ત થઈ જાય છે...

૧૩.

વિવેકી વિચાર ધર્મવંતા

તા. ૨૭-૧૦-૯૦, લંડન સ્વામિનારાયણ મંદિરમાં, રામજન્મભૂમિ અંગે વિશ્વ હિંદુ પરિષદ તરફથી સભા હતી. અંતમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'આજે રામજન્મભૂમિ મુક્તિ માટે હિન્દુ ભાઈઓના વિચારો જાણવા મળ્યા. આ સનાતન વસ્તુ છે. રામચંદ્ર ભગવાનનો જન્મ અયોધ્યામાં થયો છે. હિન્દુસ્તાનમાં રહેતા બધા જ રામરાજ્યની ઇચ્છા રાખે. એમના રાજ્યમાં શાંતિ હતી. કોઈ કોમનો ભેદભાવ ન હતો. રામાયણ આપણે બધા વાંચીએ છીએ. રામને જે માણસ સમજ્યો હોય તે એમ ન કહે કે એ હિન્દુના જ હતા. રામ બધાના હતા.

'હિન્દુ થઈને જે બોલે કે રામ ક્યાં જન્મ્યા હતા ? શા માટે ? હિંદુમાં આ દૃઢતા હોવી જોઈએ કે રામ અહીં જ જન્મ્યા હતા. શાસ્ત્રોમાં લખ્યું છે. ઈતિહાસ, ખોદકામ બધું સાક્ષી પૂરે છે. આપણને અસ્મિતા હોવી જોઈએ. પછી તે રામ હોય, કૃષ્ણ હોય, શિવ હોય, શક્તિ હોય - પણ હિંદુ દેવ છે. એમ નહિ કે આ રામવાળાનું છે, એમાં કૃષ્ણવાળાને શું ? શિવવાળાને શું ? આપણે એક છીએ. આપણે માર ખાધો છે - એકતાની ખામીને કારણે. સંતો-ભક્તોને, સત્યમિત્રાનંદ સ્વામીને એરેસ્ટ કર્યા છે, તે એરેસ્ટ કરનારા

સુખ શાંતિ નહિ પામે.

'આ શ્રદ્ધાનો વિષય છે. ભગવાન રામની જન્મભૂમિ છે. એનો ન્યાય રાજકારણી શું કરી શકશે ? શ્રદ્ધા જ કરી શકે. મક્કા ને મદીનાનો મહિમા મુસ્લિમો જ કરી શકે. એકતરફી વલણ તે અન્યાય છે, અનીતિ છે. હિંદુઓને સહન જ કરવાની વાત હોય તો ક્યાં સુધી બેસી રહે ? ભારત સ્વતંત્ર થયું ને ન્યાય ન મળતો હોય તો પછી ક્યાં વાત રહી ? આમાં મિલકત પડાવી લેવાની વાત નથી. હિન્દુ લોહીમાં જ નથી કે પરાણે લઈ લેવું. અહીં તો મંદિર નાશ કરીને મસ્જિદ કરી છે મંદિર પાછું માગીએ છીએ. એમાં કોમવાદ ક્યાં આવ્યો ? અત્યારે માગતા નથી. પહેલેથી જ માગણી ચાલી આવી છે. અમારું સ્થાન છે, અમારી વસ્તુ છે એ આપણે માંગીએ છીએ. મુસ્લિમ ભાઈઓ પણ ભારતના છે. એમને પણ અન્યાય થવાનો નથી.

સૌ ખુરશી કેમ ટકી રહે એ જ વિચાર કરે છે. જો સરળ થઈને વિચાર્યું હોય તો શાંતિથી પતી ગયું હોત. અહીં વિચાર આવ્યો ને કાશ્મીરમાં કાંઈ ન કર્યું. સૂઈ રહ્યા. આવો અન્યાય ભગવાન સહન નહિ કરે. હિંદુઓ મસ્જિદ ઉદારતાથી બીજે કરી આપવા તૈયાર છે. આપણે તન, મન, ધનથી સપોર્ટ આપવાનો છે. હિંદુઓનું સંગઠન સારી રીતે થાય. બધા ધર્મના-વર્ણના એક જ છીએ. બધા જ શાંતિથી રહીએ. નહિ તો

સંત સંતાપસે જાત હૈ, રાજ્ય ધર્મ અરુ વંશ;
તુલસી તીનો ના રહે, રાવણ કૌરવ ઔર કંસ.

'સંતોને એરેસ્ટ કરે છે તેથી અનેકનાં દિલ દુભાશે. કેટલાય રાજા જતા રહ્યા. કેવી બુદ્ધિ સૂઝે છે ? કે માણસ પોતાના હાથે મોત નોતરે છે. પ્રાર્થના કરીએ કે સારી બુદ્ધિ ને સારા વિચારો આવે. કોઈ પણ હાનિ થયા વિના આ કામ થાય અને રામજન્મભૂમિ પર મંદિર થાય. ભગવાન શ્રીરામ, શ્રીકૃષ્ણ, શ્રી સ્વામિનારાયણને પ્રાર્થના કે બધાને સદ્‌બુદ્ધિ આપે અને શાંતિથી કામ થાય.'

★

તા. ૩૦-૧૦-૯૦, લંડન, પ્રબોધિની એકાદશી. આજના પવિત્ર દિવસે હજારો ભક્તો અયોધ્યામાં રામજન્મભૂમિ ઉપર મંદિર નિર્માણ માટે જવાના હતા. સામે સરકારનો જબરજસ્ત વિરોધ હતો. એમને રોકવા લોખંડી લશ્કરી દીવાલ ઊભી કરી હતી. સામે હિંદુઓનો નિર્ણય પણ અફર હતો. આ સંઘર્ષ

શાંતિથી શમી જાય, નિર્માણનું મુહૂર્ત સચવાઈ જાય, તે માટે આગલે દિવસે રાત્રે જ સ્વામીશ્રીએ સંતોને કહ્યું હતું કે 'કાલે ભારતના સાડા નવ વાગ્યે એટલે અહીં સવારના ચાર વાગ્યે ઠાકોરજી સમક્ષ ધૂન કરજો. મંદિરમાં જે યુવકો-હરિભક્તો હોય તેમને ભેગા કરજો.'

સવારે ચાર વાગ્યે વિવેકસાગર સ્વામીએ સૌને ઉઠાડ્યા અને સૌ સભામંડપમાં ઠાકોરજી સમક્ષ ગોઠવાઈ ગયા. વિવેકસાગર સ્વામીએ રાત્રે સ્વામીશ્રીને ખાસ વિનંતી કરી હતી કે અમે ધૂન કરશું, પણ આપ આરામ કરશો. પરંતુ સ્વામીશ્રીને ઊંઘ કેમ આવે ? સવાચાર વાગ્યે ઊઠી ગયા ને સાડા ચાર સુધી પથારીમાં જ બિરાજીને પ્રાર્થના કરી. પછી બહાર સભામાં સંતો ધૂન-પ્રાર્થના કરતા ત્યાં આવી પહોંચ્યા. સવારે ૫ સુધી સૌ સાથે ધૂન-પ્રાર્થના કર્યાં. રામજન્મભૂમિનું કાર્ય શાંતિથી સંપન્ન થાય તે માટે સતત પોણો કલાક સુધી સ્વામીશ્રીએ પ્રાર્થના કરી. કાર સેવકોને બળ રહે ને સૌને સદ્‌બુદ્ધિ ભગવાન આપે. ધૂન સમાપ્ત થઈ એટલે ઊભા થતાં કહે, 'બધું શાંતિથી પતી જાય !!'

★

સ્વામીશ્રી ન્યૂયોર્ક મંદિરમાં પૂજામાં પધાર્યા. ત્યાં એક પ્રેમી હરિભક્તે જય બોલાવી, 'પૂર્ણ પુરુષોત્તમ પ્રમુખસ્વામી મહારાજની જય.'

તુરત તેના તરફ વક્રદૃષ્ટિ કરતાં સ્વામીશ્રીએ તેને રોક્યો. આવી ભૂલ ક્યારેય ન કરવા જણાવ્યું. પ્રેમના આવેશમાં મહારાજને ક્યારેય ગૌણ ન કરવા - એ ખાસ સૂચના કરી.

પૂજા બાદ આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ ઉપાસનાશુદ્ધિની વાત કરતાં કહ્યું, 'ભગવાન તો એક જ - સ્વામિનારાયણ - શ્રીજીમહારાજ !'

'ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ બધા સેવક. ભગવાનના ધારક સંત. ગુણાતીતાનંદ સ્વામી સાક્ષાત્ ભગવાન છે ને એને લઈને ભગવાનનું ચાલે છે એમ કહે તો કેવું કહેવાય ? શાસ્ત્રીજી મહારાજે આ વાત દૃઢ કરી ને કાર્ય કર્યું. આપણે મહારાજને મુખ્ય રાખીને જ કાર્ય કરવાનું છે. શાસ્ત્રીજી મહારાજે પોતાની મૂર્તિ ન પધરાવી. ભાદરણનો પુરુષોત્તમ - ભગતજીનો શિષ્ય, પણ સમજફેર કે હું જ ભગવાન છું અને મહારાજની મૂર્તિ બાજુમાં મૂકી દીધી તો ઝાઝું ચાલ્યું નહિ.'

'ઉપાસનાનો માર્ગ ચોખ્ખો સમજવો. અમુક જણાએ અક્ષરરૂપ થવાનું કાઢી નાખી, મહારાજની મૂર્તિમાં જ રસબસ થવાની વાત કરી તે

ગુણાતીતાનંદ સ્વામીનું ખંડન. ભક્તનું ખંડન. શ્રીજીમહારાજ કોઈને લઈને ભગવાન કહેવાયા એવી વાત ક્યાંય લખી નથી.' અને એ સંભવિત પણ નથી.

'એક સભામાં કોઈકે કહ્યું, યોગીજી મહારાજ જેવા સંત અક્ષરધામમાં પણ નથી. હવે યોગીજી મહારાજ અક્ષરધામમાંથી તો આવ્યા છે ! અનંતકોટિ બ્રહ્માંડમાં નથી એ બરાબર છે. નંદાજીએ પણ શાસ્ત્રીજી મહારાજને કહેલું કે મેં શ્રીજીમહારાજને જોયા નથી, તો તમારી માળા ફેરવું તો ? શાસ્ત્રીજી મહારાજે સ્પષ્ટ કહી દીધું કે ભજન તો એક સ્વામિનારાયણ ભગવાનનું જ કરવાનું. અમે તો એમના દાસ છીએ.'

'યોગીજી મહારાજે ૬૦ વર્ષ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સાથે રાખી ને સેવા કરી. શું કામ ? આ બધા નવા જુવાનિયાઓને કહી દીધું હોત કે મારું જ ભજન ને માળા કરજો તો કરત. પણ એવું નથી કર્યું. યોગીજી મહારાજના વખતમાં ગોટાળા કરનારા નીકળી ગયા. યોગીજી મહારાજ પાસે જવાનું જ નહિ - એ તો સાક્ષાત્ છે ને જે હોય તે અહિંયા જ છે, આવો - એમ કહેનારા હતા તે ગયા. શાસ્ત્રીજી મહારાજે બહુ જ ચોખ્ખું કર્યું છે. સાચી ઉપાસના આપી. સાચા ગુરુ - સાચા દેવળે ઘંટ વાગે. સ્મશાનમાં ઘંટ ક્યાંથી વાગે ?

આપણે બોલવામાં વિવેક રાખવો. ભગવાનનું સ્વરૂપ છે, અખંડ ધારક છે - એમ કહેવામાં વાંધો નહિ. માને બાપની વહુ કહો તો કેવું ? સત્પુરુષને પુરુષોત્તમનારાયણ કહો તે માને બાપની વહુ કહ્યા જેવું. ભગવાન સંત દ્વારા પ્રગટ છે, દર્શન આપે છે, સુખ આપે છે.' સૈદ્ધાંતિક નાની એવી કસૂરને ત્યાં ને ત્યાં ડામી દેવાની સ્વામીશ્રીની ચોક્કસતા છે. સિદ્ધાન્તની વાતમાં લલોચપો એમને જરાય પસંદ નહિ. કોઈની પણ શેહશરમ રાખ્યા વગર તરત જ સ્પષ્ટતા કરી લેવાની સિદ્ધાન્તપ્રિયતા - સિદ્ધાન્તપ્રવર્તક વગર ક્યાંથી સંભવે ?

સ્વામીશ્રીએ અસત્ ને ક્યારેય પ્રોત્સાહન પણ નથી આપ્યું, તો તેને બહાલી તો ક્યાંથી આપે ? સત્યને વળગી રહેવાની એમની સિદ્ધાંત નિષ્ઠામાં આર્ષદષ્ટિ, વિચારોનું ઊંડાણ, સાચી વિવેકદષ્ટિ અને ધર્મની મજબૂતાઈ પર રચાયેલું અધ્યાત્મશિખર નિહાળી શકાય છે.

૧૪.

તેજે તપે યશે સંત પૂરા

ધનુર્માસ ચાલતો હતો. સ્વામીશ્રી ભાદરામાં બિરાજમાન હતા. ઠાકોરજી આગળ સ્લેટમાં કંઈક અધ્યાત્મસૂત્ર લખવાનું હતું. સંતોએ સ્લેટ સ્વામીશ્રી આગળ ધરી. સ્વામીશ્રી એમાં કાંઈક સૂત્રાત્મક સંદેશો - સ્વહસ્તાક્ષરમાં લખે એ હેતુ હતો. શું લખવું ? એમ પૂછતાં સ્વામીશ્રીએ સ્લેટમાં લખ્યું - 'ભગવાન ચિંતામણિ છે ને સંત પરમચિંતામણિ છે માટે તે મહિમા સમજાય તો કોઈ વાતની ખોટ ન રહે. કોઠાર-ભંડાર ભરપૂર રહે તે આશીર્વાદ છે.'

ઠાકોરજી આગળ ગોઠવેલાં પ્રકાશનો સ્વામીશ્રી જોઈ રહ્યા હતા. સંતો આ સ્લેટ કાયમી સચવાય તેની ચર્ચામાં પડ્યા. એ સંવાદ કાને પડતા સ્વામીશ્રી કહે, 'અહીં (હૃદયમાં) લખાઈ જાય તો બધું સારું જ છે. શાંતિ, સુખ - સુખના ઢગલા થઈ જાય.'

'પણ ત્યાં ઘડીકમાં લખાય તેવું નથી.' વિમલદર્શન સ્વામીએ કહ્યું.

'થશે. માર્ગે ચાલ્યા છો તો ચાલતાં ચાલતાં થઈ જશે.'

'પણ સ્લેટ કટાઈ ગઈ છે.' અનંતચરણ સ્વામીએ વચમાં શંકા કરી.

'એ બધુંય નીકળી જશે. કોણ મળ્યા છે ? શરણે આવી ગયા એટલે બધું થઈ જશે. શરણું મૂકવું નહિ. તો કાટ કાઢીને ચોખ્ખા કરી દેશે. મૂળ ભગવાન

ને સંતને મૂકવા નહિ. સુખ પડે તો સુખ ભોગવી લેવું ને દુઃખ પડે તો દુઃખ. આપણા અંતરનો કાટ - સ્વભાવ, દોષ, વાસના બધું નીકળી જશે.'

અમદાવાદમાં સ્વામીશ્રીના સાન્નિધ્યમાં કિશોરો કિશોરદિન ઊજવી રહ્યા હતા. સભાકાર્યક્રમમાં 'બ્લૅંકેટી બ્લેન્ક' ક્વીઝ દરમ્યાન પ્રવક્તા બ્રિજેશે પૂછ્યું, સ્વામીશ્રી માટે મોસંબી, દ્રાક્ષ અને સંતરાનું જ્યુસ લાવ્યા હોઈએ તો કયું અંગીકાર કરે ?'

જે પક્ષે મોસંબી ધારી હતી એ પક્ષને વધારે પોઈન્ટ મળ્યા. સ્ટેજ ઉપર કિશોરો જાતે જ જ્યુસ લઈને આવ્યા.

બ્રિજેશે પૂછ્યું : 'સ્વામીબાપા ! આપ કયું જ્યુસ લેશો ?'

સ્વામીશ્રીએ કહ્યું, 'આપણે તો બ્રહ્મરસ સારામાં સારો છે. બ્રહ્મરસ જેવો એકેય રસ નહિ...'

નિર્ણાયક સંતોમાંથી બ્રહ્મપ્રકાશ સ્વામીએ જ્યુસનો ગ્લાસ ઉપાડ્યો જ હતો. પરંતુ સ્વામીશ્રીએ લીધો નહિ, એટલે તેઓ કહે, 'બાપા, આપ લો તો અમારાથી લેવાય.'

'તમે ગ્લાસ પાછો આપી દો...' કહેતાં સ્વામીશ્રી બોલ્યા : 'આ રસ તો એકલાએ જ પીવાનો થાય. જ્યારે બ્રહ્મરસ તો એવો કે બધાને પીવાનો થાય.' અને સ્વામીશ્રીએ જગતના રસ આગળ ભગવાનના રસની વિશેષતા બતાવી સૌને હાસ્યરસમાં તરબોળ કરી દીધા.

★

૧૯૮૯ની સાલમાં અમદાવાદમાં કાર્તિક એકાદશીનો સમૈયો સ્વામીશ્રીએ કર્યો. એ દિવસ સ્વામીશ્રીનો દીક્ષાદિન પણ ખરો. એટલે કા.સુ. ૧૨ના દિવસે નારાયણમુનિએ સ્વામીશ્રીને પૂછ્યું :

'દર કારતક એકાદશીએ આપને દીક્ષાની યાદ આવે કે નહિ ?'

'સ્મૃતિ તો થાય ને.' સ્વામીશ્રીએ કહ્યું.

'શું સ્મૃતિ થાય ?'

'તમને જેમ યાદ આવે છે ને એમ, અમનેય સ્મૃતિ થાય.'

'દીક્ષા લીધે કેટલાં વર્ષ થયાં, એ યાદ આવે ?'

'ના, વરસ નહિ ગણવાનાં.' સ્વામીશ્રીએ અણગમો બતાવ્યો.

'આ દિવસે વિશેષ પ્રાર્થના કરો ?'

'એ તો કાયમ ચાલુ જ હોય ને !'

'કઈ પ્રાર્થના કરો ?'

'સેવાભક્તિ થાય એ...' સ્વામીશ્રીએ સાહજિકતાથી કહ્યું. શાસ્ત્રીજી મહારાજ પુરણપોળી જમતા-એમને રુચતી. એના અનુસંધાનમાં સ્વામીશ્રીને સંતોએ આગ્રહ કર્યો કે આજે થોડી જમો.

સ્વામીશ્રી કહે, 'ના, આજે તો દીક્ષા આપી એટલે ઉપવાસ કરવો પડે.'

સંતોના આગ્રહથી થોડી જમ્યા. અક્ષરજીવન સ્વામી કહે, 'આજનો દિવસ ખૂબ દિવ્ય લાગ્યો.' એમના તરફ વાત્સલ્યદૃષ્ટિ કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'આવો ને આવો આનંદ અખંડ રાખજે. ચોવીસે કલાક. આઠે પહોર. આજનો દિવસ જ નહિ...' કાયમ માટે પ્રગટ ગુરુહરિની સ્મૃતિઓ વાગોળવાનો સ્વામીશ્રીએ અણસાર કર્યો ને સુખિયા રહેવાનો પરમ ઉપાય બતાવ્યો.

લંડનથી સ્વામીશ્રી સાઉથમ્પટન અને ક્રોલી જઈ રહ્યા હતા. કોઈ મુલાકાતીઓ નહોતા. નીકળવાને થોડી વાર હતી તેથી હિતેશ ને તરુણ બે યુવકો સાથે સ્વામીશ્રી બિરાજ્યા. ગોષ્ઠિ શરૂ કરી ત્યાં સી.એમ. આવ્યા. તેમણે પૂછ્યું, 'શું કરો છો ?'

'આ બે યુવકોને વાત કરું છું.' સ્વામીશ્રીએ કહ્યું, 'સત્સંગમાં પાકા થાય ને.'

'બંને જણા શાંત છે ને સેવાભાવી છે.' સી.એમ. બોલ્યા.

'હા, બેય સમજુ છે. સેવા કરે છે. એમ ને એમ સેવા કરતા રહે.'

એવામાં હિતેશ ને તરુણે પોતાના મનની વાત કરી, 'બાપા, અમે બંને ભેગા થઈએ ત્યારે વિચારીએ છીએ કે સ્વામી રાજી થાય તો આપણે શું માગવું ? તો બંનેનો વિચાર એક જ આવ્યો કે પૈસા માગવા, જેથી સેવા થાય.' સ્વામીશ્રીએ એમને ત્યાં જ અટકાવ્યા. ગાડી આડે પાટે ચડી જાય એ કેમ ચાલે...

સ્વામીશ્રી કહે, 'જુઓ ભગવાનમાં બધી સંપત્તિ છે. ભગવાનની મૂર્તિ માંગીએ તો એમાં બધું આવી જાય. પૈસા માંગવાની જરૂર જ નથી. એ આપે જ. વ્યવહાર એમને ચલાવવો છે. માટે ભગવાનને તો એમ જ કહેવાનું કે ભગવાન, તમારું સુખ જ આપજો. બંગલાનું સુખ-સંપત્તિ-વૈભવનું સુખ તો આત્માને લઈને જ છે. આત્મા શરીરમાંથી નીકળી ગયો પછી શું સુખ ? ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને શું કહ્યું ? મારે સાઈઠ હજાર રૂપિયા નથી જોઈતા. મારે તો તમારું જ સુખ જોઈએ છે. પ્રાર્થના એ જ કરવી કે તમારું સુખ મળે. દેહનું સુખ ન મળે. હા, દુઃખ મટાડવાનું માગો

તો તે પણ ભગવાન પાસે જ. બીજે નહિ. મનમાં પાકું કરવું. તો ક્યારેય મન પાછું ન પડે. નિષ્ઠાની દૃઢતા ને ધર્મનિયમની દૃઢતા રાખવી.'

અહીં એક દિવસ એક વિશિષ્ટ સંદર્ભમાં ખુલાસો કરતાં સ્વામીશ્રી કહે, 'જુઓ ફીઝિકલ દુ:ખને અમે દુ:ખ નથી માન્યું. શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ જેવા ગુરુ સેવ્યા છે એમની પણ એ જ રીત હતી. અમારે પણ એ જ રીત છે. તમે બધા સ્વામીના શરીરના દુ:ખની વાત કરો છો પણ એમાં કેટલાય પાછા પડે છે. મારે પાછળથી બધાને સમજાવવાના. બધાને પગે લાગવાનું. કદાચ તમને એવું લાગે તો મને વાત કરો. તમારા માટે હું રાતના ૧૨ વાગ્યા સુધી બેઠો છું. તમારી વાત સાંભળીશ.'

'અમારી મોટપ ગાદીતકિયાથી નથી. નીચે સૂઈ રહેવામાં છે. આજ્ઞા ઉપાસનાથી છે. ગુરુ છે એટલે દેહે કરીને ભીડો ન પડે એ તમે કરો એ ખોટું નથી, ફરજ છે. પણ એને લીધે અંદરોઅંદર કુસંપ ન થવો જોઈએ. અમને રોલ્સમાં બેસાડો કે ડમણિયામાં - અમારે કોઈ વાંધો નથી. આ બાબતમાં કુસંપ થાય એનું અમારે દુ:ખ વધારે છે.

'વડીલોને ગૌણ કરશો નહિ. તમે એ કરશો તો ભવિષ્યમાં તમે પણ થવાના. પહેલી આપણી જ ભૂલ જોઈને આગળ ચાલવાનું છે. આપણો આ જ પાયો છે. આ ભાવના હશે તો જ આગળ વધાશે. માટે જે કાંઈ કરવું તે સમજીને કરવું. શરીરને દુ:ખ ન પડે એ સાથે મનને પણ દુ:ખ ન પડે એ પણ કરજો. અમારે મન તમે બધા સરખા છો. કોઈ વહાલા-દવલા નથી. તમારી બધાની ભાવના સારી છે. ભૂલ દરેકની થાય પણ એને સુધારવી એ માણસનું કામ છે. તમે અમારા છો એટલે કહેવાનું મન થાય છે.'

સ્વામીશ્રીના તપ, તેજ અને યશ - આ ત્રિવેણીમાં જેણે જેણે સ્નાન કર્યું તે દરેકને થયું છે કે સ્વામીશ્રી તપ ઓછું કરે, શરીર સાચવે. સ્વામીશ્રીનું તેજ ઝીલ્યું છે તેમને અવશ્ય થયું છે કે આ દિવ્ય તેજને કારણે જ આપણા અંત:કરણ ને આત્મા પ્રકાશી ઊઠયાં છે. આ પુરુષના યશોવિસ્તારને હવે વિશ્વની મર્યાદાઓ સાંકડી પડી રહી છે. ત્યારે એમની આંતરભાવનાઓ તો કંઈક વિલક્ષણ વાતો જ કરી રહી છે. સંપ-આત્મીયતા અને સમભાવનું વર્તન સીંચી સ્વામીશ્રીએ સત્સંગ સમાજને પણ પોતાને પ્રાપ્ત થતા યશમાં સહભાગી બનાવવાનો જ પુરુષાર્થ કર્યો છે.

નાના મોટા સૌ હરિભક્તો સ્વામીશ્રીને મન સરખા છે. દરેકના પ્રેમ ને શ્રેયની તેઓ કેટલી ચિંતા કરે છે, ને એના જતનની કેવી ખેવના રાખે છે તે

એમના હૃદયોદ્‌ગારોથી સ્પષ્ટ થાય છે. કારણ, તેઓ દરેકમાં શ્રીજીમહારાજને જુએ છે. 'જ્યાં જુએ ત્યાં રામજી, બીજું ન ભાસે રે...' 'અનુભવીને અંતરે રહે રામ વાસે રે...' આવા આપણા ગુરુહરિ ગુણાતીત સંતને કોટિ કોટિ વંદન !'



સ્વામીશ્રીના તપ, તેજ અને યશ -
આ ત્રિવેણીમાં જેણે જેણે સ્નાન કર્યું તે
દરેકને થયું છે કે સ્વામીશ્રી તપ ઓછું કરે, શરીર સાચવે.
સ્વામીશ્રીનું તેજ ઝીલ્યું છે તેમને અવશ્ય થયું છે કે
આ દિવ્ય તેજને કારણે જ
આપણાં અંતઃકરણ ને આત્મા પ્રકાશી ઊઠયાં છે.
આ પુરુષના યશોવિસ્તારને
હવે વિશ્વની મર્યાદાઓ સાંકડી પડી રહી છે.
ત્યારે એમની આંતરભાવનાઓ તો
કંઈક વિલક્ષણ વાતો જ કરી રહી છે.
દરેકના પ્રેમ ને શ્રેયની તેઓ કેટલી ચિંતા કરે છે,
ને એના જતનની કેવી ખેવના રાખે છે
તે એમના હૃદયોદ્‌ગારોથી સ્પષ્ટ થાય છે.
કારણ, તેઓ દરેકમાં શ્રીજીમહારાજને જુએ છે.
'જ્યાં જુએ ત્યાં રામજી, બીજું ન ભાસે રે...'
'અનુભવીને અંતરે રહે રામ વાસે રે...'
આવા આપણા ગુરુહરિ ગુણાતીત સંતને
કોટિ કોટિ વંદન...

अमृत महोत्सव ९५